## અનુક્રમણિકા

| | |
|---|---|
| અમીર મુઆવિયહ رضی اللہ عنہ પર એક નજર | 06 |
| ખારજી | 08 |
| રાફઝી | 08 |
| પ્રથમ શખ્સ (હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ થી કીનો રાખનાર) | 09 |
| બીજો શખ્સ | 10 |
| ત્રીજો શખ્સ | 10 |
| ચોથો શખ્સ | 11 |
| પાંચમો શખ્સ | 11 |
| છટ્ઠો શખ્સ | 11 |
| સાતમો શખ્સ | 12 |
| આઠમો શખ્સ | 12 |
| મુઆવિયહથી અદાવતની બીમારીએ શા હાલ કર્યા ?! | 12 |
| પ્રસ્તાવના | 15 |
| સહાબી | 15 |
| બાગી તથા ખારજી | 25 |
| સહાબાના ફઝાઈલ કુર્આની આયતોની રોશનીમાં | 26 |
| સહાબાના ફઝાઈલ હદીષોની રોશનીમાં | 32 |
| અહલે બયતે અત્હાર કોણ કોણ ?! | 34 |
| અહલે બયતના ફઝાઈલ કુર્આનની રોશનીમાં | 38 |
| અહલે બયતની ફઝીલતમાં મુબારક હદીષો | 41 |
| **પ્રથમ પ્રકરણ** : અમીર મુઆવિયહ رضی اللہ عنہના હાલાત | 43 |
| અમીર મુઆવિયહનો વંશવેલો | 43 |

| | |
|---|---|
| સસુરાલી સગાઈ | 43 |
| અમીર મુઆવિયહ رضی اللہ عنہનો જન્મ | 44 |
| અમીર મુઆવિયહ رضی اللہ عنہનો ઈસ્લામ | 44 |
| એક શંકા અને તેનું નિવારણ | 45 |
| એક શંકા અને તેનું નિવારણ | 46 |
| અમીર મુઆવિયહ رضی اللہ عنہ હાકિમ કેવી રીતે બન્યા | 46 |
| અમીર મુઆવિયહ رضی اللہ عنہની વફાત | 47 |
| અમીર મુઆવિયહ رضی اللہ عنہની લિયાકૃત તથા કાબેલિયત | 48 |
| અમીર મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલ | 48 |
| અમીર મુઆવિયહ رضی اللہ عنہના ખાસ ફઝાઈલ | 50 |
| **બીજુ પ્રકરણ :** અમીર મુઆવિયહ رضی اللہ عنہ પર વાંધાઓના જવાબો | 67 |
| અમીર મુઆવિયહ رضی اللہ عنہના વિરોધનું કારણ | 76 |
| ઉપસંહાર (Conclusion) | 98 |
| આખરી હિસ્સો | 109 |
| હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہના આદેશો | 112 |
| ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ | 114 |
| હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ | 115 |
| મૌલાના જલાલુદ્દીન રૂમી رحمۃ اللہ علیہ | 116 |
| હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશે તાહિરુલ કૃાદરીના જૂઠા પ્રચારનો પર્દાફાશ ! | 118 |
| હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશે તાહિરુલ કૃાદરીનું ગુમરાહીભર્યું બયાન | 119 |
| ફઝાઈલ ન વર્ણવો એવું હજારો શું ઉમ્મતની એક કિતાબમાં પણ નથી !! | 120 |
| એક અતિ જરૂરી ઈમાની સ્પષ્ટતા | 121 |

ફઝાઈલમાં પ્રકરણો, ફઝાઈલ પર કિતાબો લખવામાં આવી 122
કફ્ફે લિસાન (મૌન રહેવું) એટલે શું ? 123
ઈમામ તિર્મિઝીની હદીષની કિતાબોમાં
હઝરત મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલનું વર્ણન 123
ઈમામ અહમદ ઈબ્ને હંબલની કિતાબમાં ફઝાઈલે મુઆવિયહ 124
ઈમામ જૌઝકાની رحمۃ اللہ علیہ થકી ફઝાઈલે મુઆવિયહ رضی اللہ عنہ 125
ઈમામ આઝુરીએ ફઝાઈલે મુઆવિયહમાં દસ પ્રકરણો રચ્યાં ! 126
હુઝૂર ﷺએ મુઆવિયહ رضی اللہ عنہને આપેલ દુઆઓ વિશે 126
મુઆવિયહ رضی اللہ عنہને જન્નતની નબી ﷺએ
બશારત આપી તેના વિશે 127
હુઝૂર ﷺના મુઆવિયહ رضی اللہ عنہ સાથે સાસરી પક્ષની
સગાઈ વિશે 128
મુઆવિયહ رضی اللہ عنہને રબના હુકમથી નબી ﷺનું
કાતિબે વહી બનાવવું 129
હઝરત મુઆવિયહ رضی اللہ عنہથી નબી ﷺનું મશવરો કરવા વિશે 130
હુઝૂર ﷺના દરબારમાં મુઆવિયહ رضی اللہ عنہના મર્તબા વિશે 130
અમીર મુઆવિયહ رضی اللہ عنہની આજીજી તથા ઈન્કેસારી 131
અમીર મુઆવિયહ رضی اللہ عنہ થકી અહલે બયતની તાઝીમ વિશે 131
અબૂ સુફયાન رضی اللہ عنہની હિંદા رضی اللہ عنہا સાથે શાદી વિશે 132
હુઝૂર ﷺએ હઝરત મુઆવિયહ رضی اللہ عنہને કરેલ વસિયત વિશે 132

# પ્રકાશન ટાણે બે બોલ...

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

વર્તમાન સમયમાં ઘણા સુન્ની ભાઈઓ બદ્બખ્ત શીઆઓની જેમ અહલે બયતે કિરામની જૂઠી મહોબ્બતની આડમાં સહાબાએ કિરામ ખાસ કરીને હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની બેહદ ગુસ્તાખી કરે છે, તેમની રવિશમાં આવી જઈને "સહાબીએ રસૂલ" હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની શાનમાં અયોગ્ય શબ્દો બોલી નાખીને ગુમરાહીના શિકાર થઈ જાય છે.

જેથી કુર્આન, હદીષ તથા ઉલમાએ અહલે સુન્નત તથા આપણા મહાન બુઝુર્ગોનો હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશે શું અક઼ીદો રહ્યો છે તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરીએ અને શીઆઓની ફેલાવેલી ગુમરાહી તથા બદ્અક઼ીદગીથી બચીને આપણા ઈમાનને સલામત તથા મજબૂત કરીએ. કારણ કે આપણો અક઼ીદો સહાબાએ કિરામ જેવો, તાબઈન જેવો, તબે તાબઈન જેવો, મહાન ઉલમા તથા મહાન બુઝુર્ગો જેવો જ હશે તો આપણે હક્ક઼ પર છીએ નહીં તો આપણે ગુમરાહીના શિકાર બની ઈમાનને ખતરામાં નાખી દઈશું.

પ્રસ્તુત કિતાબમાં હકીમુલ ઉમ્મત મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہએ ખૂબ જ આસાન અંદાઝમાં હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ સંબંધે જે ગલત ખયાલો શીઆઓ થકી ફેલાવીને કહેવાતા સુન્ની ભાઈઓને ગુમરાહ કરવાની કોશિશ કરી છે અને જેમાં ઘણા લોકો બલ્કે કેટલીય ખાનક઼ાહોના સજ્જાદાનશીનો પણ સપડાયેલા છે તેમને રાહે રાસ્ત દેખાડવાની ભરપુર કોશિશ કરી છે. અહલે સુન્નત એ જેવી રીતે દરેક અહલે બયતથી મહોબ્બત તથા તા'ઝીમની તા'લીમ આપે છે તેવી જ રીતે દરેક સહાબીએ રસૂલથી પણ મહોબ્બત તથા તા'ઝીમની તા'લીમ આપે છે. અને એ હશે તે જ "સુન્ની" રહેશે. કોઈ પણ સહાબી કે કોઈ પણ અહલે બયતથી અદાવત તથા કીનો રાખનાર "સુન્ની" નથી હોય શકતો.

વધુ પેજ 117 પર..

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# અમીર મુઆવિયહ رضی اللہ عنہ પર એક નજર

اَلْحَمْدُ لِلّٰہِ وَکَفٰی وَالصَّلٰوۃُ وَالسَّلَامُ عَلٰی سَیِّدِنَا مُحَمَّدِنِ الْمُصْطَفٰی وَعَلٰی اٰلِہٖ وَأَصْحَابِہِ الْبَرَرَۃِ التُّقٰی.

જાણવું જોઈએ કે ઈમાનનો પાયો જેના પર સર્વ અક઼ીદા તથા અમલોની ઈમારત સ્થાપિત થઈ શકે છે તે હુઝૂર સૈયદે આલમ ﷺની અઝમત તથા મહોબ્બત છે. હુઝૂર ﷺની જ અઝમત તથા મહોબ્બતથી રબ તઆલાની હયબત તથા જલાલ દિલમાં પેદા થાય છે. એનાથી સર્વ પયગંબરોની તાલીમ તથા તૌકીર હાંસલ થાય છે, એનાથી કુર્આને કરીમનો વક઼ાર, અને ઈસ્લામની અઝમત દિલમાં બેસે છે. સારાંશ કે **જે દિલમાં હુઝૂર ﷺની મહોબ્બત છે એમાં ઈમાન છે, અને જે એનાથી ખાલી હોય તે ઈમાનથી વંચિત છે.** કુર્આન કરીમ ફર્માવે છે :

فَلَا وَ رَبِّکَ لَا یُؤْمِنُوْنَ حَتّٰی یُحَکِّمُوْکَ فِیْمَا شَجَرَ بَیْنَهُمْ ثُمَّ لَا یَجِدُوْا فِیْۤ اَنْفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَیْتَ وَ یُسَلِّمُوْا تَسْلِیْمًا﴿۶۵﴾

''હે મહબૂબ ! તમારા રબની ક઼સમ ! એ ત્યાં સુધી મોમિન નથી થઈ શકતા જ્યાં સુધી કે પોતાના સર્વ કજીયાઓમાં તમને પોતાના હાકિમ ન બનાવે. પછી તમારા ફૈંસલાથી પોતાના દિલમાં તંગી ન પામે અને જીવથી માની લે. *(સૂ. નિસાઅ, ૪/૬૫)*

હુઝૂર સૈયદે આલમ ﷺ ફર્માવે છે :–

لَا یُؤْمِنُ أَحَدُکُمْ حَتّٰی أَکُوْنَ أَحَبَّ إِلَیْهِ مِنْ وَالِدِہٖ وَوَلَدِہٖ وَالنَّاسِ أَجْمَعِیْنَ

"તમારામાંથી કોઈ ત્યાં સુધી મોમિન નથી થઈ શકતુ જ્યાં સુધી કે હું તેને તેનાં મા બાપ, ઔલાદ અને સર્વ લોકો કરતાં પ્રિય ન હોઉં."

પછી એ પણ ખયાલ રહે કે હુઝૂર ﷺના સર્વ સહાબાએ કિરામ, અહલે બયતે અત્હાર, બલ્કે હુઝૂર ﷺથી નિસ્બત રાખનારી દરેક ચીજથી દિલી મહોબ્બત ન હોય. એટલા માટે રબ્બુલ આલમીને પોતાની પેહચાન પોતાના હબીબ ﷺના ઝરીયાથી અને હુઝૂર ﷺની પેહચાન સહાબાએ કેબારના વસીલાથી કરાવી. જેમ કે ઈર્શાદ ફર્માવ્યો :

هُوَ الَّذِیۡۤ اَرۡسَلَ رَسُوۡلَهٗ بِالۡهُدٰی وَ دِیۡنِ الۡحَقِّ لِیُظۡهِرَهٗ عَلَی الدِّیۡنِ کُلِّهٖ ؕ وَ کَفٰی بِاللّٰهِ شَهِیۡدًا ﴿۲۸﴾ مُحَمَّدٌ رَّسُوۡلُ اللّٰهِ ؕ وَ الَّذِیۡنَ مَعَهٗۤ اَشِدَّآءُ عَلَی الۡکُفَّارِ رُحَمَآءُ بَیۡنَهُمۡ

"તે અલ્લાહ તે છે જેણે પોતાના રસૂલને હિદાયત અને સાચા દીનની સાથે મોકલ્યા જેથી તેમને સર્વ દીનો પર ગાલિબ કરે, અને અલ્લાહ પૂરતો ગવાહ છે, મુહમ્મદ અલ્લાહના રસૂલ છે, અને તેમના સર્વ સાથી કાફિરો પર સખત છે, આપસમાં એક બીજા પર મહેરબાન છે."

*(સૂ. ફતહ, ૪૮/૨૮,૨૯)*

જાણવા મળ્યું કે નબી ﷺ આઈનએ ખુદાનુમા (ખુદાના જમાલનો આઈનો) છે અને હુઝૂર ﷺના સહાબીઓ આઈનએ રસૂલ નુમા છે. ખુદાને જાણવો હોય તો હુઝૂરને જાણે અને માને, અને હુઝૂરને જાણવા તથા માનવા છે તો તેમના અન્સાર તથા મુહાજિરોને માનો. એ પણ યાદ રાખશો કે એક પયગંબરનો ઈન્કાર એ સર્વ પયગંબરોનો ઈન્કાર છે. રબ ફર્માવે છે : کَذَّبَتۡ عَادُ ۣالۡمُرۡسَلِیۡنَ ﴿۱۲۳﴾ "કૌમે આદે સર્વ નબીઓને જૂઠા કહ્યા. (સૂ. શુઅરા, ૨૬/૧૨૩) کَذَّبَ اَصۡحٰبُ الۡحِجۡرِ الۡمُرۡسَلِیۡنَ ﴿۸۰﴾ "હજરવાળાઓએ સર્વ રસૂલોને જૂઠાલાવ્યા. (સૂ. હજર, ૧૫/૮૦) کَذَّبَتۡ ثَمُوۡدُ الۡمُرۡسَلِیۡنَ ﴿۱۴۱﴾ "કૌમે ષમૂદે સર્વ પયગંબરોને જૂઠા કહ્યા (સૂ. શુઅરા, ૨૬/૧૪૧) کَذَّبَتۡ قَوۡمُ نُوۡحِ ۣالۡمُرۡسَلِیۡنَ ﴿۱۰۵﴾ "કૌમે નૂહે સર્વ રસૂલોને જૂઠલાવ્યા.

(સૂ. શુઅરા, ૨૬/૧૦૫) كَذَّبَتْ قَوْمُ لُوْطِ ِۨالْمُرْسَلِيْنَ ''કૌમે લૂતે સર્વ નબીઓને જૂઠલાવ્યા. *(સૂ. શુઅરા, ૨૬/૧૬૦)*

જુઓ ! કૌમે આદ, કૌમે ષમૂદ, કૌમે લૂત, કૌમે નૂહે કેવળ પોત પોતાના એક રસૂલને જૂઠલાવ્યા હતા, પણ રબ તઆલાએ ફર્માવ્યું કે તેમણે સર્વ પયગંબરોનો ઈન્કાર કરી દીધો. જાણવા મળ્યું કે **એક પયગંબરનો ઈન્કાર સર્વ રસૂલોનો ઈન્કાર છે. એ જ પ્રમાણે એક સહાબીનો ઈન્કાર તથા અહલે બયતે અત્હારમાંથી એક બુઝુર્ગની અવજ્ઞા અસલમાં તમામ સહાબાએ કિરામ તથા સર્વ અહલે બયતનો ઈન્કાર છે.**

આજે અનુભવ થઈ રહ્યો છે કે જે દિલમાં કેવળ અમીર મુઆવિયહ رضی اللہ عنہથી અદાવત પેદા થાય છે તો એનો અંજામ એ થયો કે ધીમે ધીમે એમાં અહલે બયતે અત્હાર અને સહાબાએ કિરામ સર્વની નફરત પેદા થઈ ગઈ અને સૌના પર મહેણા મારતી ઝબાન લાંબી કરવા લાગ્યા એના પર ભૂતકાળ તથા વર્તમાનકાળના ન્યાયી સાક્ષી છે.

## ★ ખારજી ★

એ લોકો શરૂમાં અલીયે મુર્તઝા رضی اللہ عنہના સિપાહી અને આપના જાંનિષાર હતા. આપના પર જાન તથા માલ કુર્આન કરતા હતા. જ્યારે હઝરત અલી رضی اللہ عنہએ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہથી સુલહ કરી લીધી તો આ લોકો મુઆવિયહ رضی اللہ عنہની અદાવતના જોશમાં હઝરત અલીથી નફરત કરતા થઈ ગયા અને કહેવા લાગ્યા કે હઝરત અલીએ સખત ગલતી કરી કે, ''મુઆવિયહ જેવા દુશ્મનથી સુલહ કરી લીધી અને ગૈરે ખુદાને હકમ સ્વીકારીને શિર્કમાં પડયા.'' છેવટે આ મુઆવિયહની અદાવતવાળા લોકો ઝુલ્ફિકારે હૈદરીથી કત્લ થયા. તેમના ખુરૂજનું મૂળ કારણ મુઆવિયહથી અદાવત બની.

## ★ રાફઝી ★

આ અહલે બયતની મહોબ્બતના દાવેદારો પણ અમીર

મુઆવિયહ رضی اللہ عنہની અદાવતની બીમારીમાં સપડાયેલા છે, અને એ બીમારીનું પરિણામ એ છે કે એમનામાંથી મોટાભાગના લોકો અહલે બયતે અત્હારથી પર્દા હેઠળ નફરત કર્તા છે. જેમ કે એમનામાંથી અમુક બાર ઈમામોને માનવા પર અને અમુક કે છને માનવા પર અને અમુક કેવળ ત્રણ ઈમામોને માનવા પર મજબૂર છે. નહીં તો મહબ્બતે અહલે બયતનો તો તકાઝો એ હતો કે હુઝૂર ﷺના સર્વ અહલે બયત પર ઈમાન લાવવામાં આવે અને હુઝૂર ﷺના સર્વ સગાંઓ પર જાન તથા માલ કુર્બાન કરવામાં આવે અને હુઝૂર ﷺની સર્વ પાક બીવીઓ, ઔલાદે પાક પર દિલથી ફિદા થાય. એ યાદી બનાવવાનો શો અર્થ કે અમે તો અહલે બયતમાં કેવળ બારને અથવા છ ને અથવા ત્રણને માનીશું બાકીને નહીં. જાણવા મળ્યું કે મુઆવિયહ رضی اللہ عنہથી અદાવતની બીમારીએ મહબ્બતે અહલે બયતની જગા દિલમાં છોડી જ નથી !

અમે પાછલા જમાનામાં શીઆ લોકોને ખુદ જોયા હતા કે માતમમાં હસન હુસૈન બંને હઝરાતનું નામ લેતા હતા પરંતુ વર્તમાન માતમમાં ઈમાન હસનનું નામ શરીફ ઉડાડી દેવામાં આવ્યું. ફૈઝાબાદના જિલ્લામાં કેવળ અલી મૌલા, હૈદર મૌલાના નામ પર માતમ થાય છે અને પંજાબમાં છાતી કૂટતી વખતે "યા હુસૈન ! યા હુસૈન !"ની સદા હોય છે. છેવટે શા માટે ? કેવળ એટલા માટે કે હઝરત ઈમામ હસન رضی اللہ عنہએ અમીર મુઆવિયહ رضی اللہ عنہથી સુલહ કરીને તેમના હક્કમાં ખિલાફતથી હાથ પાછા ખેંચી લીધા હતા. ભલા કેવી રીતે થઈ શકતુ હતું કે બુગ્ઝે મુઆવિયહવાળા દિલમાં ઈમામ હસન رضی اللہ عنہની મહોબ્બતનો અવકાશ રહી જતો ?! મુઆવિયહ رضی اللہ عنہની અદાવતનો આ અંજામ છે. (નીચેના લખાણમાં મુઆવિયહ رضی اللہ عنہથી અદાવત રાખનારાઓના વિચારોનો અભ્યાસ કરી લો. અને કેવી ઈમાન તોડ હરકતો કરી રહ્યા છે તે જુઓ.)

## ★ પ્રથમ શખ્સ ★

યાર ! મુઆવિયહ ઘણા ફાસિક તથા જાલિમ હતા. અહલે બયતે

અત્હારના સખત દુશ્મન હતા. તેમણે અલીયે મુર્તઝા رضی اللہ عنہની ખિલાફતનો ઈન્કાર કર્યો અને તેમના કારણે હજારો મુસલમાનોનું લોહી વહ્યું. મુસલમાન સ્ત્રીઓ વિધવા બની. મુસલમાન બાળકો યતીમ થયાં. હઝરત અલીને સતાવ્યા. અને જેણે અલીને સતાવ્યા તેણે રસૂલને સતાવ્યા. અને જેણે રસૂલને સતાવ્યા તેણે રબને દુઃખ આપ્યું. તો ભલા એવો શખ્સ કેવી રીતે સાચો મુસલમાન હોય શકે છે ?! ગઝબ છે કે લોકો મુઆવિયહને પણ પરહેઝગાર માને છે !

## ★ બીજો શખ્સ ★

યાર ! વાત કહેવાની નથી, નાના મોઢે મોટી વાત છે. અહલે બયતને બધાએ જ જીવ ભરીને સતાવ્યા. અને એવી હરકતો કરી કે તૌબા ભલી ! હઝરત આઈશા સિદ્દીકા, હઝરત તલ્હા, હઝરત ઝુબૈર, (અશ્રએ મુબશ્શિરાવાળા), અને જંગે જુમલ તથા હુનૈનના સર્વ તે લોકો જેઓ હઝરત આઈશા અથવા મુઆવિયહના સાથી હતા. સૌ અહલે બયતની અદાવતથી ભરપુર હતા ! સૌએ જ હઝરત અલી رضی اللہ عنہની વિરૂધ્ધ લડાઈ કરી.

## ★ ત્રીજો શખ્સ ★

યાર ! મારું દિલ તો કહે છે કે મુઆવિયહ જેવા ફાસિકો ફાજિરના હાથ પર ઈમામ હસને પણ બયઅત ન કરવી જોઈતી હતી. ઈમામ હસન رضی اللہ عنہએ ઘણી બુઝદિલી (ડરપોકપણુ) દેખાડી કે મુઆવિયહથી કેવળ સુલહ જ ન કરી બલ્કે તેમના હક્કમાં ખિલાફતથી હાથ પાછા ખેંચી લીધા. ઈમામ હુસૈન رضی اللہ عنہની જેમ મર્દે મેદાન બનીને અડગતાથી મુકાબલો કરવો જોઈતો હતો. ઈમામ હુસૈન رضی اللہ عنہ પર જાન કુર્બાન કે જાન આપી દીધી પણ મલઊન યઝીદની બયઅત ન કરી. ઈમામ હસન رضی اللہ عنہએ કમસે કમ પોતાના પિતા હઝરત અલી رضی اللہ عنہથી સબક લેવો જોઈતો હતો કે દીનની હિમાયત અને ખિલાફતની હિફાઝતમાં કોઈ નુકસાનની પરવા કર્યા વિના અમીર મુઆવિયહ رضی اللہ عنہ તથા હઝરત આઈશા رضی اللہ عنہاનો હિંમતભેર મુકાબલો કર્યો. ઈમામ હસન رضی اللہ عنہએ શા માટે એવું ન કર્યું ?!

## ★ ચોથો શખ્સ ★

યાર ! ઈમામ હસન رضی اللہ عنہના સુલહના સમયે ઈમામ હુસૈન رضی اللہ عنہને શું થઈ ગયું હતું કે તે પણ ખામોશ રહ્યા અને પોતાના ભાઈને ન સમજાવ્યું ન તેમની સાથે સંબંધ તોડયો ! અહીં જ અમીર મુઆવિયહ رضی اللہ عنہની અમારત (અમીરપણા)નો ખાત્મો કરી આપ્યો હોત તો કર્બલાવાળો બનાવ જ ઉપસ્થિત ન થાત. ખબર નહીં હુસૈન رضی اللہ عنہ એ વખતે શા માટે ચૂપ રહ્યા અને કર્બલાવાળી બહાદુરી તથા હિંમત અમીર મુઆવિયહ رضی اللہ عنہના મુક઼ાબલામાં કેમ ન દેખાડી ?! યાર ! આશ્ચર્યનો મામલો છે, શું કહીએ શું ન કહીએ ?!

## ★ પાંચમો શખ્સ ★

યાર ! વાત દૂર પહોંચે છે, કહેવાની હિંમત નથી થતી, નહીં તો જો વિચારણા કરવામાં આવે તો મોટી ભૂલ હઝરત અલી رضی اللہ عنہથી થઈ ગઈ કે આટલુ લડી ઝઘડીને પછી મુઆવિયહ رضی اللہ عنہની સુલહ કરી લીધી અને ખિલાફતના બે ટુકડા થઈ જવા પર રાજી થઈ ગયા ! સર્વ મુસીબતોની જડ તો હઝરત અલી رضی اللہ عنہની આ સુલહ છે. મોટી ગલતી આ સુલહમાં થઈ ! સર્વ જિમ્મેદારી હઝરત અલી رضی اللہ عنہ પર છે. એ અલ્લાહના શેર હતા, મુઆવિયહ رضی اللہ عنہની અમારતની જડ કાપીને રાખી દીધી હોત જેથી ભવિષ્યમાં આ બનાવો જ ઉપસ્થિત ન થાત.

## ★ છઠ્ઠો શખ્સ ★

યાર ! જો સાચુ પૂછો તો એ સર્વ ફિત્નાઓની જડ હઝરત ઉમર رضی اللہ عنہએ કાયમ કરી કે મુઆવિયહ رضی اللہ عنہને પોતાના ખિલાફતના સમયમાં શામના ગવર્નર નિયુક્ત કરવામાં આવ્યા. જો એ ગવર્નરી મુઆવિયહ رضی اللہ عنہને ન મળતી તો ભાવિમાં તેમના દિલમાં ખલીફા બનવાનો શોખ પેદા ન થાત. આ સર્વ ફિત્નાઓની જડ હઝરત ઉમર رضی اللہ عنہની કાયમ કરેલી છે !

## ★ સાતમો શખ્સ ★

યાર ! અમારો અકીદો તો એ છે કે અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ ﷺને ગયબનો ઈલ્મ આપ્યો છે તો ખુદ નબી કરીમ ﷺએ જ મુઆવિયહ જેવા અહલે બયતના દુશ્મનને પોતાની બારગાહમાં સ્થાન શા માટે આપ્યું કે એમને પોતાના વહીના કાતિબ (લખનાર) નિયુક્ત કર્યા. મુઆવિયહ رضی اللہ عنہની બહેન ઉમ્મે હબીબા رضی اللہ عنہاથી નિકાહ કરીને મુઆવિયહ رضی اللہ عنہને પોતાના સાળા બનવાનો મોકો આપ્યો. પછી તેમના ફઝાઈલ વર્ણન કરીને અમીર મુઆવિયહ رضی اللہ عنہમાં હિંમત તથા બહાદુરી પેદા કરી. જરૂર હુઝૂર ﷺથી આ મામલામાં લગ્ઝિશ ઉપસ્થિત થઈ ! હઝરત આદમ علیہ السلامનું ઘઉં ખાવું, હુઝૂરનું અમીર મુઆવિયહ رضی اللہ عنہને સ્થાન આપવું ઘણી ખરાબીઓનો સબબ બન્યો. (نَعُوْذُ بِاللّٰهِ مِنْهُ)

## ★ આઠમો શખ્સ ★

યાર ! મારી સમજમાં નથી આવતુ કે કુર્આન તો હુઝૂર ﷺના સહાબાની પ્રશંસા આ પ્રમાણે કરે છે કે : اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ "કાફિરો પર સખત છે અને આપસમાં નરમ દિલ." (સૂ. ફતહ, ૪૮/૨૯) પરંતુ જ્યારે તે સર્વ સહાબીઓનો ઈતિહાસ જોવામાં આવે તો તેઓ આપસમાં એક બીજાના લોહીના તરસ્યા, લડી ઝઘડીને હજારોને મૌતને ઘાટ ઉતારનારા છે. ક્યાં તો કુર્આનની આ આયત દુરુસ્ત નથી, કોઈએ મિલાવટ કરી દીધી છે અથવા એ સર્વ જંગે જુમલ તથા સિફ્ફીનવાળાઓમાં કોઈ પણ સહાબી નથી ! તેમની લડાઈઓ આપણા ઈસ્લામ પર એક બદનુમા ડાઘ છે. (અલ્લાહની પનાહ !)

## ★ મુઆવિયહથી અદાવતની બીમારીએ શા હાલ કર્યા ?! ★

આ તે લોકોની વાતચીત છે જેઓ પોતાને સહીહુલ અકીદા, રાસિખુલ એતેકાદ, સાચા તથા પાકા મુસલમાન સમજીને અમીર મુઆવિયહ رضی اللہ عنہથી નફરત કરનારા છે. વિચાર કરો કે અમીર

મુઆવિયહ رضي الله عنهની અદાવત (બુગ્ઝ)ની બીમારી કેવી રીતે ઈમાનનો ખાત્મો કરી દે છે કે જો એમાં અધિક બહષ કરવામાં આવે તો પછી સહાબા ટીકા ટીપ્પણથી બચી છે ન અહલે બયત. બલ્કે પછી ન રસૂલુલ્લાહ صلى الله عليه وسلمની અઝમત દિલમાં રહે છે ન કુર્આન કરીમનો વકાર.

વર્તમાનકાળમાં ઘણા સુન્ની કહેવડાવનારા બુઝુર્ગ બુગ્ઝે મુઆવિયહની બીમારીમાં સપડાયેલા છે. અહલે દિલ (ઈમાનદાર) લોકો આ હાલત પર લોહીનાં આસું રડે છે. આ નાઝુક હાલતને જોતાં મને મારા મોહતરમ બુઝુર્ગ હઝરત સૈયદ પીર મઅસૂમ શાહ કાદરી રહેવાસી, સાદા ચોક જિ. ગુજરાતએ ફર્માઈશ કરી કે કોઈ કિતાબ એવી લખો જેમાં આ બીમારીનો સંપૂર્ણ ઈલાજ હોય જેનાથી મુસલમાનોનાં દિલ સહાબાએ કિરામ તથા એહલે બયતે એઝામની મહોબ્બતથી ભરપુર થઈ જાય અને લોકોના દિલોમાં અમીર મુઆવિયહ رضي الله عنهની મહોબ્બત તથા અઝમત કાયમ રહે, તેમના પ્રતિ દિલ વળે અને એ સહાબીએ રસૂલનો વકાર દિલોમાં કાયમ રહે. મેં તેમના આ જઝબાની કદર કરીને આ કિતાબ પ્રતિ ધ્યાન કર્યું.

યાદ રાખશો કે આ કિતાબમાં એ સુન્ની હઝરાતથી સંબોધન છે જેઓ કેટલીક ગલત ફહમીઓના કારણે અમીર મુઆવિયહ رضي الله عنهથી નારાજ છે, તેમની અઝમતને નકારનારા છે. શીઆ હઝરાતથી આ મસ્અલા પર વાતચીત કરવી એ જ પ્રમાણે બેકાર છે જેવી રીતે ગૈર મુસ્લિમથી નમાઝ, વુઝૂના મસાઈલ પર મુનાઝરો કરવો, એમની સાથે તો પ્રથમ ઈસ્લામની હક્કાનિયત પર ચર્ચા કરવી જોઈએ. એ જ પ્રમાણે શીઆ હઝરાતથી પ્રથમ એના પર ચર્ચા કરવામાં આવે કે શું કુર્આને કરીમ અલ્લાહની કિતાબ છે કે નહીં ? જો છે તો મહફૂઝ છે કે નહીં ? કે પછી તૌરાત તથા ઈન્જીલની જેમ એમાં પણ ફેરફાર થઈ ચૂક્યો છે ? તેમજ સિદ્દીકી તથા ફારૂકી ખિલાફત બર હક્ક છે કે નહીં ? હઝરત અમીર મુઆવિયહ رضي الله عنهનો મામલો તો ઘણા પછીનો છે. તેમની થકી પ્રથમ તો કુર્આનની હક્કનિયત તથા ખુલફાએ રાશિદીનની હક્કાનિયત અને

સર્વ અહલે બયતની હક્કાનિયતનો ઈક્રાર કરાવવામાં આવે.

આ કિતાબનો એ જ તરીકો રહેશે જે ''જા અલ હક્ક તથા સલ્તનતે મુસ્તફા'' વગેરે કિતાબોનો છે. એટલે કે એમાં એક પ્રસ્તાવના હશે અને બે પ્રકરણ. પ્રસ્તાવનામાં સહાબાએ કિરામ તથા અહલે બયતની હક્કાનિયત તથા ફઝાઈલ વર્ણન પામશે, અને પ્રથમ પ્રકરણમાં અમીર મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલ તથા મર્તબા વિશે વર્ણન હશે. બીજા પ્રકરણમાં તેમના પર વાંધાઓ અને તેના જવાબો વર્ણન પામશે. વાંચકોને ગુજારિશ છે કે ઈન્સાફની નજરથી આ કિતાબનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરે અને હક્ક સ્વીકારવામાં સંકોચ ન કરે અને મુઝ ફકીર (લેખક) નાચીઝના માટે દુઆ કરે કે રબ તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلمની સાચી ગુલામી નસીબ કરે અને તેમના સર્વ માનનીય સહાબા, અહલે બયતની સાચી મહોબ્બત નસીબ કરે અને હુઝૂર صلی اللہ علیہ وسلمના એ જાંનિષારોના ગુલામોમાં હશ્ર નસીબ કરે. જે કોઈ કિતાબથી ફાયદો ઉઠાવે તે મને (લેખક તથા અનુવાદકને પણ) પોતાની ભલી દુઆઓમાં રાખે.

وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ وَنُوْرِ عَرْشِهٖ سَيِّدِنَا وَمَوْلَانَا مُحَمَّدٍ وَّاٰلِهٖ وَصَحْبِهٖ
أَجْمَعِيْنَ اٰمِيْن بِرَحْمَتِهٖ وَهُوَ أَرْحَمُ الرَّاحِمِيْنَ.

**મુફ્તી અહમદ યારખાં**

*(ખતીબ જામેઅ ચોક, પાક. ગુજરાત,*

*૨૧–રજબુલ મુરજ્જબ, હિ.૧૩૭૫, પીર મુબારક)*

આ કિતાબના લેખનમાં નીચે મુજબની કિતાબોથી મદદ લેવામાં આવી છે : કુર્આને કરીમ, તિર્મિઝી શરીફ, બુખારી શરીફ, મિશ્કાત શરીફ, મિર્કાત, અશિઅતુલ લમ્આત, સવાઈકે મુહર્રિકા, તત્હીરુલ જિનાન વગેરે. આખરમાં એક ખાત્મો સામેલ કરવામાં આવ્યો છે જેમાં અમુક જરૂરી હિદાયતો અને હઝરત મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી તથા હુઝૂર ગૌષુષ્ષકલૈન બગદાદી رحمۃ اللہ علیہما ના અકવાલે તયબહ (પવિત્ર કથનો) છે.

## ★ પ્રસ્તાવના ★

અમીર મુઆવિયહ رضی اللہ عنہ હુઝૂર صلی اللہ علیہ وسلم ના સહાબી પણ છે અને હુઝૂર صلی اللہ علیہ وسلم ના વંશિક તથા સસુરાલી સગા સંબંધી પણ છે. જેમ કે આગળ જતાં જણાશે. એટલા માટે આ પ્રસ્તાવનામાં સહાબા તથા અહલે બયતના વિશે કેટલીક જરૂરી વાતો રજૂ કરવામાં આવે છે. પ્રથમ એનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી લેવામાં આવે, પછી મૂળ કિતાબનો અભ્યાસ કરવામાં આવે જેથી સંપૂર્ણપણે ફાયદો હાંસલ થાય.

## ★ સહાબી ★

**નં. ૧** : સહાબી તે ખુશનસીબ મોમિન છે જેમણે ઈમાન તથા હોશની હાલતમાં હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم ને એક નજર જોયા અથવા તેમને હઝરતની સોહબત નસીબ થઈ પછી એના પર ખાત્મો પણ નસીબ થયો. જેથી હઝરત ઈબ્રાહીમ તૈયબો તાહિર મુસ્તફા صلی اللہ علیہ وسلم નાં ફરઝંદો જેઓ બચપનમાં જ વફાત પામી ગયાં તે સહાબી નથી. કેમ કે તેમણે દૂધ પીવાના સમયમાં હુઝૂરને જોયા જ્યારે કે હોશ નથી હોતો. અને સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મકતૂમ નાબીના સહાબી છે, કેમ કે તે બુઝુર્ગ ભલે નાબીના હોવાના કારણે હુઝૂર صلی اللہ علیہ وسلم ને જોઈ ન શકયા પણ એ પાક સોહબતમાં તો હાજર રહ્યા. અને જે લોકો કે હુઝૂર صلی اللہ علیہ وسلم ની વફાત પછી મુર્તદ થઈને મરી ગયા જેમ કે મુસૈલમા કઝ્ઝાબ પર ઈમાન લઈ આવનારા કે તેઓ સહાબી નથી, કેમ કે સહાબિયતમાં ઈમાન પર ખાત્મો થવાની શર્ત છે, અલબત્ત તે લોકો જેઓ મુર્તદ થઈને ફરી ઈમાન લઈ આવ્યા,

જેમ કે અશઅષ ઈબ્ને કૈસ અથવા સિદ્દીકી જમાનામાં ઝકાતના મુન્કિરો જેઓએ બાદમાં તૌબા કરી લીધી તેઓ મોટાભાગના ઉલમાની નજીક સહાબી છે. *(અઝ : મિર્કાત, અશિઅતુલ લમ્આત વગેરે)*

**નં. ૨** : ઈસ્લામમાં સહાબિયત સૌથી મોટો દરજો છે. પયગંબર બાદ સહાબી જ ઉચ્ચ દરજ્જાવાળા છે. સર્વ દુનિયાના અવલિયા, અક્તાબ, અબ્દાલ, ગૌષ એ સહાબીની ધૂળને પણ નથી પહોંચી શકતા. અને કેમ ન હોય કે સહાબી એ જનાબે મુસ્તફા ﷺની સોહબત પામેલા છે. એની સંપૂર્ણ દલીલો નજીકમાં જ બયાન થશે.

એવું સમજો કે જેહાદ કરનાર ગાઝી છે, કુર્આન પઢનાર કારી, નમાઝ પઢનાર નમાઝી, ઈસ્લામી ફૈંસલા કરનાર કાઝી, કા'બાને જોનાર હાજી, પણ મુસ્તફા ﷺનો ચહેરો જોનાર મો'મિન સહાબી છે. હુઝૂર ﷺના પછી મુસલમાનોમાં હાજી, ગાઝી, નમાઝ, કાઝી સૌ થઈ શકે છે પણ સહાબી કોઈ નથી થઈ શકતુ, કેમ કે તે મહબૂબ ﷺ સર્વ કાંઈ આપી ગયા પણ પોતાના દીદાર સાથે લઈ ગયા.

**નં. ૩** : કુલ સહાબાએ કિરામ એક લાખ ચોવીસ હજાર છે, એટલે અંબિયાની સંખ્યાના બરાબર. પછી જેવી રીતે અંબિયાએ કિરામ વિવિધ દરજાવાળા છે એવી જ રીતે સહાબાએ કિરામ વિવિધ મર્તબાવાળા છે. રબ તઆલા અંબિયાએ કિરામના બારામાં ફર્માવે છે :

تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ ۘ مِنْهُمْ مَّنْ كَلَّمَ اللّٰهُ وَ رَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ ؕ

''આ રસૂલ છે કે અમો એમનામાં એકને બીજા પર અફઝલ કર્યો. એમનામાંથી કોઈની સાથે અલ્લાહે કલામ કર્યું, અને કોઈ તે છે જેને સૌના પર દરજાઓ બુલંદ કર્યા.'' *(સૂ. બકરહ, ૨/૨૫૩)*

આ તરફ સહાબાએ કિરામના બારામાં રબનો ઈર્શાદ થાય છે :

لَا يَسْتَوِىْ مِنْكُمْ مَّنْ اَنْفَقَ مِنْ قَبْلِ الْفَتْحِ وَ قٰتَلَ ؕ اُولٰٓئِكَ اَعْظَمُ دَرَجَةً مِّنَ الَّذِيْنَ اَنْفَقُوْا مِنْۢ بَعْدُ وَ قٰتَلُوْا ؕ وَ كُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى ؕ

"તમારામાં સરખા નથી તે જેમણે ફતહે મક્કાથી પહેલાં ખર્ચ અને જેહાદ કર્યો. તેઓ મર્તબામાં એમનાથી મોટા છે જેમણે ફતહ બાદ ખર્ચ અને જેહાદ કર્યો, અને એ સૌને અલ્લાહ જન્નતનો વાયદો કરી ચૂક્યો.
*(સૂ. હ્દીદ, ૫૭/૧૦)*

વળી જેવી રીતે સર્વ ફરિશ્તાઓમાં ચાર સરદાર અને સર્વ નબીઓમાં ચાર પયગંબર ઘણી જ શાનવાળા, એટલે હઝરત મૂસા علیہ السلام, દાઊદ علیہ السلام, ઈસા علیہ السلام અને હુઝૂર મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم. એવી જ રીતે સર્વ સહાબાએ કિરામમાં ચાર સહાબાએ કિરામ ઘણી જ ઉચ્ચ શાનવાળા એટલે ખુલફાએ રાશિદીન : અબૂબક્ર સિદ્દીક઼, ઉમર ફારૂક઼, ઉષ્માન ગની, અલી હૈદરે કર્રાર رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ. પછી આલિમે અહલે બદર, પછી આલિમે અહલે ઓહદ, પછી સર્વ બયઅતુર્રિદ્વાનવાળા, પછી બયઅતે ઉક઼બાવાળા, પછી સાબિક઼ીન એટલે તે હઝરાત જેમણે બંને કિ઼બ્લાઓની તરફ નમાઝ પઢી, પછી ફતહે મક્કાના દિવસે અથવા ત્યારબાદ ઈમાન લાવનારા. *(મિર્ક઼ાત શરહે મિશ્કાત)*

**નં. ૪** : ખુલફાએ રાશિદીનના ફઝાઈલ ગણત્રી બહારના છે, એ લોકોનાં નામોને રબ તઆલા અને રસૂલ صلی اللہ علیہ وسلمથી તે નિકટતા હાંસલ છે કે સુબ્હાનલ્લાહ ! લાઈલાહ ઈલ્લલ્લાહ !ના હર્ફ (અક્ષરો) બાર છે, એ જ પ્રમાણે મુહમ્મદુર્રસૂલુલ્લાહ, અબૂબક્ર સિદ્દીક઼, ઉમર ઈબ્ને ખત્તાબ, ઉષ્માન ઈબ્ને અફ્ફાન, અલી ઈબ્ને અબી તાલિબ સર્વમાં બાર બાર હર્ફો જ છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : خیر القرون قرنی એટલે "સર્વ" જમાનાઓમાં મારો જમાનો અધિક બેહતર છે." ક઼ર્નીમાં ક઼ાફ સિદ્દીકે અકબરનો, રે ઉમરનો, નૂન ઉષ્માનનો, યે અલીની તરફ નિર્દેશ છે. જાણે કે એ બુઝુર્ગોનો જમાનો એટલે હુઝૂર صلی اللہ علیہ وسلمનો જ જમાનો છે. તેમજ નબી કરીમ صلی اللہ علیہ وسلمની ઉમર શરીફ ૬૩ વરસ હતી. એ જ પ્રમાણે આ સર્વ ચારેવ ખલીફાઓમાંથી દરેકની ઉમર ૬૩ વરસ જ થઈ, સિવાય હઝરત ઉષ્માનના.

**નં. ૫** : જેવી રીતે એક લાખ ચોવીસ હજાર પયગંબરોમાંથી દરેક

પયગંબર નબી અને સર્વ દુનિયાથી આ'લા છે. એ નબુવ્વતની સિફત (ખૂબી)માં સર્વ સમાન છે પણ અમુક પયગંબરોની અમુક વિશિષ્ટ ખૂબીઓ કુર્આન અથવા હદીષમાં વર્ણન પામી અમુકનાં કેવળ નામ આવ્યાં અને મોટાભાગના તે છે જેમનાં નામથી પણ દુનિયા વાકેફ નથી, પણ ઈમાન સર્વ નબીઓ પર છે. કોઈની પણ તૌહીન કરવી કુફ્ર છે. એ જ પ્રમાણે સર્વ સહાબીઓ સહાબિયતના વસ્ફ (ગુણ, ખૂબી)માં એક સમાન છે, પણ પછી એમનામાંથી અમુક બુઝુર્ગોના ખાસ ફઝાઈલ કુર્આન તથા હદીષમાં આવેલા છે અને અમુક બુઝુર્ગોના કેવળ નામો જ જાણી શકાયાં અને મોટાભાગનાનાં નામો પણ ખબર નથી, પણ સહાબી હોવામાં સર્વ સમાન છે, સૌની તાઝીમ તથા તૌકીર વાજિબ છે. કોઈ સહાબીની ગુસ્તાખી સખત મેહરૂમીનો સબબ છે જેના પર કુર્આન કરીમ તથા સહીહ હદીષો આવેલી છે.

**નં. ૬ : કોઈ પણ સહાબી ફાસિક તથા ફાજિર નથી. સર્વ સહાબીઓ મુત્તકી પરહેઝગાર છે.** એટલે પ્રથમ તો એમનાથી ગુનાહ થતા નથી, અને જો થઈ જાય તો રબ તઆલા તેમને તૌબાની તૌફીક અતા કરે છે, અને તેઓ બારગાહે રિસાલતમાં હાજર થઈને અર્ઝ કરે છે, યા રસૂલલ્લાહ ! મને પાક કરી આપો ! સહાબિયત અને ફિસ્ક ભેગાં નથી થઈ શકતાં જેવી રીતે અંધારુ તથા અજવાળુ ભેગાં નથી થઈ શકતાં. જેવી રીતે નબી ગુનાહથી મા'સૂમ છે, એવી જ રીતે સહાબાએ કિરામ ફિસ્કથી મામૂન તથા મહફૂઝ છે, કેમ કે **કુર્આને કરીમે એ સૌ (સહાબી)ના આદિલ, મુત્તકી, પરહેઝગાર હોવાની ગવાહી આપી અને તેમને મગફિરત તથા જન્નતનો વાયદો કર્યો.** ફર્માવે છે وَ اَلۡزَمَهُمۡ كَلِمَةَ التَّقۡوٰى وَ كَانُوۡۤا اَحَقَّ بِهَا وَ اَهۡلَهَا "અલ્લાહે પરહેઝગારીનો કલમો તેમના પર લાઝિમ કરી આપ્યો અને તે એના અધિક પાત્ર હતા."

*(સૂ. ફતહ, ૪૮/૨૬)*

اِنَّ الَّذِیۡنَ یَغُضُّوۡنَ اَصۡوَاتَهُمۡ عِنۡدَ رَسُوۡلِ اللّٰهِ اُولٰٓئِكَ الَّذِیۡنَ امۡتَحَنَ اللّٰهُ قُلُوۡبَهُمۡ لِلتَّقۡوٰى

"બેશક ! તેઓ જેઓ પોતાના અવાજો ધીમા કરે છે રસૂલુલ્લાહની પાસે, તે તેઓ છે જેમનાં દિલ અલ્લાહે પરહેઝગારી માટે  પારખી લીધાં છે." *(સૂ. હુજુરાત, ૪૯/૩)*

★ أُولَٰٓئِكَ مُبَرَّءُونَ مِمَّا يَقُولُونَ ۖ لَهُم مَّغْفِرَةٌ وَرِزْقٌ كَرِيمٌ "તેઓ એ વાતોથી પાક છે જે તેઓ કહી રહ્યા છે. તેમના માટે બખ્શિશ તથા ઈજ્જતની રોજી છે. *(સૂ. નૂર, ૨૪/૨૬)*

★ وَكُلًّا وَعَدَ اللَّهُ الْحُسْنَىٰ "અને સૌની સાથે અલ્લાહે ભલાઈનો વાયદો કર્યો." *(સૂ. નિસાઅ, ૪/૯૫)*

★ أُولَٰٓئِكَ هُمُ الصَّادِقُونَ "એ જ સાચા છે." *(સૂ. હુજુરાત, ૪૯/૧૫)*

★ رَضِيَ اللَّهُ عَنْهُمْ وَرَضُوا عَنْهُ "અલ્લાહ તેમનાથી રાજી  તેઓ અલ્લાહથી રાજી. *(સૂ. માએદા, ૫/૧૧૯)*

★ وَكَرَّهَ إِلَيْكُمُ الْكُفْرَ وَالْفُسُوقَ وَالْعِصْيَانَ "અલ્લાહે તમારા દિલોમાં કુફ્ર, ફિસ્ક઼ તથા ગુનાહોથી નફરત નાખી દીધી." *(સૂ. હુજુરાત, ૪૯/૭)*

આ સિફતો (ખૂબીઓ) ફાસિકોની નથી હોઈ શકતી. સારાંશ સર્વ નબીઓ માસૂમ અને સર્વ સહાબીઓ ફિસ્ક઼ (ગુનાહ)થી મેહફૂઝ છે, બલ્કે રબે ગુનાહોથી તેમનાં દિલોમાં એવી ઘૃણા રાખી જેમ કે આપણા દિલોમાં ગંદકીઓ નાપાકીઓથી છે.

**નં. ૮ : ઐતિહાસિક કિસ્સાઓ ૯૯% ગલત તથા વાહિયાત અને બકવાસ છે.** ઈતિહાસ તેના લેખકનું પ્રતિબિંબ હોય છે. એમાં રાફઝીઓ તથા ખારજીઓની ભેળસેળ ઘણી વધારે છે. **જે ઐતિહાસિક બનાવ કોઈ સહાબીના ફિસ્ક઼ (ગુના)ને સાબિત કરે તે મરદૂદ છે, કેમ કે કુર્આન તેમને આદિલ મુત્તક઼ી ફર્માવી રહ્યું છે. કુર્આન સાચુ છે અને ઈતિહાસ જૂઠો છે. ઈતિહાસકાર અથવા મુહદ્દિષ અથવા રાવીની ગલતી માની લેવી આસાન છે પણ સહાબીનું**

**ફાસિક્ હોવાનું માનવું મુશ્કેલ છે, કેમ કે એમને ફાસિક્ માનવાથી કુર્આને કરીમને જૂઠલાવવું લાઝિમ ઠરશે.**

**નં. ૯ :** સહાબીને ફાસિક્ માનવાથી ન કુર્આન સહીહ રહી શકે છે ન કોઈ હદીષ ભરોસાપાત્ર રહેશે. સારાંશ સર્વ દીન વેર વિખેર થઈ જશે, કેમ કે રબ્બે કરીમ કુર્આનના બારામાં ફર્માવે છે : ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ ۛ فِيْهِ ۛ هُدًى لِّلْمُتَّقِيْنَ ''આ કિતાબમાં કોઈ શક્ નથી, પરહેઝગારો માટે હિદાયત છે.'' *(સૂ. બક્રહ, ૨/૨)*

અને જાહેર છે કે કુર્આન ત્યારે જ શક તથા અસમંજસથી પાક તથા સાફ માનવામાં આવી શકે છે જ્યારે કે હઝરત જિબ્રઈલ علیہ السلام પર કોઈ પ્રકારની શંકા ન હોય, તે અમીન હોય કે જેવુ રબથી લે એવું જ ફરક કર્યા વિના હુઝૂર સુધી પહોંચાડી આપે. વળી નબી કરીમ બિલ્કુલ સાચા અમીન હોય કે જેમ કે હઝરત જિબ્રઈલથી કુર્આન લે એવું જ સહાબાએ કિરામ સુધી પહોંચાડી આપે. વળી સર્વ સહાબીઓ આદિલ, ષિક્હ, મુત્તકી, પ્રમાણિક, પરહેઝગાર હોય કે જેવું હુઝૂર صلی اللہ علیہ وسلم થી કુર્આન લે તેવું ફરક કર્યા વિના અને વધઘટ વિના ઉમ્મત સુધી પહોંચાડી આપે. તો કુર્આનની હક્કાનિયતના માટે જેવી રીતે હઝરત જિબ્રઈલ علیہ السلام અને નબી صلی اللہ علیہ وسلم નું અમીન, સાચા, પાકબાઝ, પરહેઝગાર માનવા અનિવાર્ય છે એવી જ રીતે સહાબાને આદિલ, ષિક્હ, અમીન માનવા જરૂરી છે, **કેમ કે જો એ હઝરાત ફાસિક તથા ફાજિર હોય તો પછી કુર્આનનો એતબાર ન રહેશે, કેમ કે સંભાવના એ રહેશે કે કદાચ સહાબાએ પોતાના તરફથી કુર્આનમાં ભેળસેળ કે ફેરફાર કરી દીધો હોય !**

દા.ત. જો અમીર મુઆવિયહ رضی اللہ عنہ પર ફિસ્ક તથા ફુજૂરની શંકા કરવામાં આવે તો અમીર મુઆવિયહ رضی اللہ عنہ વહીના કાતિબ (લખનારા) હતા, જેથી શંકા થશે કે ખબર નહીં તેમણે દુરુસ્ત કિતાબત કરી કે ગલત ?! એ જ પ્રમાણે જે સહાબીને ફાસિક્ કહેવામાં આવશે તો કુર્આનની તે જ આયત

શંકાસ્પદ થઈ જશે જે એ સહાબી થકી હાંસલ થઈ. સારાંશ કે **સહાબાએ કિરામના મોમિન સાદિક, અમીન, આદિલ, ષિક્હ હોવા પર કુર્આનની હક્કાનિયત આધારિત છે.**

અલ્લાહ તઆલાએ કુર્આને કરીમ પઢેલુ ઉતાર્યું, તૌરાત તથા ઈન્જીલની જેમ કિતાબના સ્વરૂપમાં નથી મોકલ્યું, અને નબી કરીમ صلی اللہ علیہ وسلم એ પણ કુર્આનને કિતાબના સ્વરૂપમાં ભેગુ નથી કર્યું બલ્કે કુર્આની આયતોને સહાબાએ કિરામની પાસે છૂટી છવાયી હાલતમાં છોડી. પછી સિદીકે અકબર رضی اللہ عنہ એ સર્વ સહાબાએ કિરામની મદદથી ભેગુ કર્યું જેથી સર્વ મુસલમાન કુર્આનની હક્કાનિયતના બારામાં સહાબાએ કિરામને પરહેઝગાર, મુત્તકી અને મોમિન માનવા પર મજબૂર બને.

આ તો કુર્આનની હાલત હતી, હવે રહી હદીષ, તો જાહેર છે કે સર્વ હદીષોની હક્કનિયતનો આધાર સહાબાએ કિરામની હક્કનિયત પર છે કે અમે જે હદીષો સાંભળી તે સહાબાએ કિરામના થકી સાંભળી. જો એ હઝરાત ફાસિક હોય તો કોઈ હદીષ વિશ્વાસપાત્ર નથી, કેમ કે ફાસિકની વાતનો ભરોસો નથી. હવે કહો કે સહાબાએ કિરામને ફાસિક માનીને તમે કેવા મુસલમાન રહી શકો છો ?! જો રેલગાડીનો પ્રથમ ડબ્બો જે એંજીનથી જોડાયેલો હોય તે જ એન્જીનથી કટ થઈને ગબડી પડે તો પાછલા ડબ્બા કઈ રીતે સલામત રહી શકે છે ?! સહાબાએ કિરામ તો ઈસ્લામનો આગલો ડબ્બો છે જે નબી કરીમ صلی اللہ علیہ وسلم સાથે ડાયરેક્ટ જોડાયેલ છે, જો એમનું ઈમાન દુરુસ્ત નથી તો પછી કયામત સુધી કોઈ મુસલમાનનું ઈમાન દુરુસ્ત નથી થઈ શકતું.

**નં. ૧૦** : સહાબાએ કિરામના સીના આપસના કીના તથા બુગ્ઝ (અદાવત) તથા હસદથી તદ્દન પાક તથા સાફ હતા, કેમ કે કુર્આને કરીમ એમના વિશે આ પ્રમાણને સફાઈ વર્ણવી રહ્યું છે : وَالَّذِيْنَ مَعَهٗٓ اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ "અને તે જેઓ રસૂલુલ્લાહના સાથી છે તેઓ કાફિરો પર સખત છે અને આપસમાં એકબીજા પર રહમો કરમ કરનારા. *(સૂ. ફતહ, ૪૮/૨૯)*

**જ્યારે રબ તઆલા એમના વિશે એલાન કરી રહ્યો છે કે તેઓ આપસમાં એકબીજા પર મહેરબાન છે તો પછી એ કેવી રીતે થઈ શકે છે કે તે એકબીજાના દુશ્મન હોય ?!** સહાબાએ કિરામની સર્વ જંગો અલ્લાહના માટે હતી, નફ્સના માટે ન હતી. એમનામાંથી અમુકને ગલતફહમી થઈ હતી, અમુક બિલ્કુલ હક્ક઼ પર હતા. પણ જેમનાથી જે ગલતી થઈ તે ઈજતેહાદી હતી જે શરીઅતની રૂએ હરામ નથી. એની ઉઘાડી સાબિતી આ બાબતોથી મળે છે :

(અ) અમીરુલ મો'મિનીન અલીયે મુર્તઝા رضی اللہ عنہ એ હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا નું ઊંટ જેના પર આપ સવાર હતાં પાડી દેવામાં આવ્યું તો તેમને ગિરફતાર ન કર્યાં બલ્કે ખૂબ જ ઈજ્જત તથા સન્માન સાથે વાલિદા મોહતરમા જેવી અદબ કરીને મદીના મુનવ્વરા પરત પહોંચાડી આપ્યાં. ન તેમના માલ પર કબજો કર્યો ન તેમના કોઈ સિપાહી પર કોઈ સખ્તી કરી. જ્યારે ખારજીઓએ આપના પર વાંધો ઉઠાવ્યો કે આપે દુશ્મન પર કબજો પામીને તેને છોડી શા માટે આપ્યો ? તો આપે જવાબ આપ્યો કે આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا કુર્આનના હુકમ પ્રમાણે આપણાં મા છે. રબ ફર્માવે છે : حُرِّمَتْ عَلَیْكُمْ اُمَّهٰتُكُمْ "તમારા પર તમારી માઓ હરામ કરવામાં આવી." *(સૂ. નિસાઅ, ૪/૨૩)*

જો તમે હઝરત આઈશા رضی اللہ عنہا ને મા નથી માનતા તો કાફિર, અને જો તમને મા જાણીને તેમને લોંડી બનાવીને રાખવું જાઈઝ માનો છો તો કાફિર ! (સવાઈક઼ મુહર્રિક઼ા) બતાવો ! જો એ જંગ નફસાની હોત અને અમીરુલ મો'મિનીન અલીયે મુર્તઝા کرم اللہ وجہہ الکریم ના સીનામાં આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا નો કીનો હોત તો એ વખતે તલ્વારના એક જ વારમાં કામ તમામ થઈ જાત, તો એ તલ્વાર કેમ ન ચાલી ? કેવી રીતે ચાલતી કે જંગ હક્ક઼ પર હતી નફસ પર ન હતી. رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ

(બ) અલીયે મુર્તઝા અને અમીર મુઆવિયહ رضی اللہ عنہما માં અયન જંગના સમયમાં હઝરત અક઼ીલ ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ એટલે

અલીયે મુર્તઝાના ભાઈ અમીર મુઆવિયહ رضی اللہ عنہને ત્યાં પહોંચી ગયા. અમીર મુઆવિયહ رضی اللہ عنہએ તેમનો ખૂબ જ અદબ તથા એહતેરામ કર્યો. એક લાખ રૂપિયા નઝરાણુ પેશ કર્યું અને એક લાખ રૂપિયા વાર્ષિક એમનો વઝીફો નક્કી કર્યો. એ દરમ્યાન હઝરત અક઼ીલ ફર્માવ્યા કરતા હતા કે દીન અલીની તરફ છે. (સવાઈકે મુહર્રિક઼ા) કહો ! જો નફસાની જંગ હતી તો આવો વાર્તાવ શાથી કર્યો ?

(ક) અમીર મુઆવિયહ رضی اللہ عنہની સામે એક શાયરે હઝરત અલી رضی اللہ عنہની પ્રશંસામાં કસીદો પઢયો જેમાં હઝરત અલી رضی اللہ عنہની બેહદ પ્રશંસા કરી. અમીર મુઆવિયહ رضی اللہ عنہ દરેક શેઅર પર ઝુમી ઝુમીને કહેતા હતા કે ખરેખર અલી رضی اللہ عنہ આવા જ છે ! અને કસીદાની પૂર્ણાહુતિ પર શાયરને અમીર મુઆવિયહ رضی اللہ عنہએ સાત હજાર અશરફી ઈનામ આપ્યું. કોઈએ પૂછયું કે હે અમીર ! જ્યારે આપ હઝરત અલી رضی اللہ عنہના આવા મોઅતક઼િદ છે તો પછી તેમની સાથે જંગ શા માટે કરી રહ્યા છો ? જવાબ આપ્યો : الملک عقیم આ મઝહબી જંગ નથી, મુલ્કી મામલાઓની જંગ છે. એટલે હઝરત ઉષ્માનના ખૂનની. *(કિતાબુન્નાહિબહ)*

(ડ) એકવાર હઝરત ઈમામ હસન رضی اللہ عنہની અમીર મુઆવિયહ رضی اللہ عنہથી મુલાકાત થઈ તો અમીર મુઆવિયહ رضی اللہ عنہએ ઈમામ હસન رضی اللہ عنہથી અર્ઝ કરી કે આજે હું આપને એવું નઝરાણુ પેશ કરવા ચાહું છું જે આજ સુધી કોઈને કોઈએ ન આપ્યું હોય. આમ કહીને ચાર લાખ રૂપિયા નઝર પેશ કરી જે ઈમામ હસન رضی اللہ عنہએ કબૂલ કરી. (કિતાબુન્નહિયહ) ઈન્શા અલ્લાહ ! આ પૂરી ચર્ચા આગળ આવશે. સારાંશ કે કુર્આન શરીફની તે આયત પઢો અને બનાવો જુઓ તો યક઼ીન થશે કે તેમની લડાઈઓ નફસાની ન હતી પણ અલ્લાહના માટે હતી.

*રહે હક્કમેં થી દોળ ઔર ભાગ ઉનકી – શરીઅત કે કબ્ઝામેં થી બાગ ઉન્કી*
*જહાં કર દિયા ગરમા ગરમ ગએ વો – જહાં કર દિયા નરમ નરમા ગએ વો*

**જેથી જે ઈતિહાસ તથા જે રિવાયત એ બતાવે કે એ**

**હઝરાતના દિલોમાં એકબીજાનો હસદ હતો, એક બીજાને ગાળો આપતા હતા અથવા એમના સીના કીનાથી ભરેલા હતા તે ઈતિહાસ જૂઠો છે, તે રિવાયત ગલત છે, તે રાવી ખોટુ કહેનાર છે. કેમ કે એ કુર્આનની વિરૂધ્ધ છે.** કુર્આન તેમને એકબીજા પર રહીમ તથા કરીમ કહી રહ્યું છે. સારાંશ કે કુર્આન સાચુ છે અને એના વિરૂધ્ધની સર્વ રિવાયતો, ઐતિહાસિક બનાવો જે કુર્આનને જૂઠાડે તે સૌ ગલત છે.

**લતીફા** : એક સુન્ની તથા શીઆનો મુનાઝરો થયો, સુન્નીએ શીઆને સવાલ કર્યો કે અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ અને ઉમર ફારૂક رضی اللہ عنہ તમારી દષ્ટિએ હવે અઝાબમાં છે અથવા રાહતમાં ? શીઆએ કહ્યું, અઝાબમાં ! સુન્નીએ પૂછયું કે રબ ફર્માવી રહ્યો છે : وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَاَنْتَ فِيْهِمْ "અલ્લાહ તેમને અઝાબ ન આપશે જ્યારે તેમનામાં આપ છો. *(સૂ. અન્ફાલ, ૮/૩૩)*

જ્યારે નબીનું મૌજૂદ હોવું અઝાબ નથી આવવા દેતુ તો એ બંનેવ આગોશે મુસ્તફા ﷺમાં સૂઈ રહ્યા છે અને હુઝૂર ﷺ તેમની સાથે છે તો પછી અઝાબ કેવી રીતે આવી ગયો ? તેમજ એ કેવી રીતે થઈ શકે છે કે એ ગુંબદમાં જ્યાં સિત્તેર હજાર ફરિશ્તા દરેક વખતે સલાતો સલામ પઢે છે ત્યાં દોઝખની આગ પહોંચે ?! જો સિદ્દીક તથા ફારૂક પર (ખુદાની પનાહ) કબ્રનો અઝાબ થઈ રહ્યો છે તો લાઝિમ આવશે કે હુઝૂર ﷺનું ગુંબદે ખદરા શરીફ મઆઝલ્લાહ ! આગથી ભરેલુ હોય. એના પર શીઆએ ખામોશ થવું પડયું.

**નં. ૧૧** : અત્યંત જરૂરી અને સખત લાઝિમ એ છે કે સહાબાએ કિરામની આપસની જંગોના વિશે આપણે કાંઈ મંતવ્યો ન રજૂ કરીએ ન એમનામાંથી કોઈને બુરા સમજીએ, સૌને સાચા પાકા પરહેઝગાર યકીન કરીએ. અને જો જરૂરતના કારણે એના પર વાતચીત કરવી પડી જાય તો ખયાલ રાખો કે હઝરત અમીરુલ મો'મિનીન અલીયે મુર્તઝા رضی اللہ عنہ

પોતાના સમયમાં ખલીફા બરહક્ક હતા. તેમના મુકાબલામાં આવનાર સર્વ સહાબાએ કિરામ ગલતફહમીમાં પડી ગયા અને આપની સામે વિદ્રોહ કરી બેઠા. જેમાંથી અમુક હઝરાતે પોતાની ગલતીથી માહિતગાર થતાં બાદમાં તૌબા કરી લીધી. જેમ કે અમીરુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا અને એ સરકારના સાથીઓ, અને અમુક હઝરાત છેવટ સુધી પોતાની ગલતીથી માહિતગાર ન થઈ શકયા. જેમ કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ અને તેમના સાથી. પણ તેમની જંગ ગલતફહમીની જંગ હતી.

## ★ બાગી તથા ખારજી ★

"બાગી" તે મુસલમાનોની જમાઅત છે જે ખલીફએ બરહક્કના મુકાબલામાં આવી જાય, કોઈ ગલત ફહમીના કારણે ન કે નફસાની કારણે. "ખારજી" તે લોકો છે જેઓ ખલીફતુલ મુસ્લિમીનની ઈતાઅત (ફર્માંબરદારી)થી ફિત્ના તથા ફસાદ ફેલાવવા માટે નીકળી જાય. એ બંનેના અહકામ જુદા જુદા છે. બાગીઓના વિશે કુર્આને કરીમમાં ઈર્શાદ છે :

وَ اِنْ طَآىِٕفَتٰنِ مِنَ الْمُؤْمِنِیْنَ اقْتَتَلُوْا فَاَصْلِحُوْا بَیْنَهُمَا ۚ فَاِنْۢ بَغَتْ اِحْدٰىهُمَا عَلَى
الْاُخْرٰى فَقَاتِلُوا الَّتِیْ تَبْغِیْ حَتّٰى تَفِیْٓءَ اِلٰۤى اَمْرِ اللّٰهِ ۚ فَاِنْ فَآءَتْ فَاَصْلِحُوْا بَیْنَهُمَا

"અને જો મુસલમાનોની બે જમાઅતો આપસમાં લડી પડે. જો એક ગિરોહ (ગૃપ) બીજા પર બગાવત કરે તો બગાવત કરનારાઓથી જંગ કરો, ત્યાં સુધી કે તેઓ અલ્લાહના હુકમની તરફ પલ્ટી આવે. પછી પલ્ટી આવે તો તેમની સુલહ કરાવી દો." *(સૂ. હુજુરાત, ૪૯/૯)*

સારાંશ કે બાગીને ફાસિક તથા ફાજિર વગેરે નથી કહી શકતા, તેમને કુર્આને કરીમે મોમિન ફર્માવ્યા. નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ઈમામ હસન رضی اللہ عنہના વિશે ફર્માવ્યું કે, "મારો પુત્ર સૈયદ છે. અલ્લાહ તઆલા એની બરકતથી મુસલમાનોમાં બે જમાઅતોમાં સુલહ કરાવી દેશે." અને એવું જ થયું કે ઈમામ હસન رضی اللہ عنہએ અમીર મુઆવિયહ رضی اللہ عنہથી સુલહ

ફર્માવીને હજારો મુસલમાનોનું ખૂન બચાવી લીધું.

ખારજી બેદીન ફાસિક ફિત્નાઅંગેઝ શરપસંદ છે. હઝરત અલી رضی اللہ عنہ પર ખુરૂજ કરનારાઓ વિશે હુઝૂર ﷺએ ફર્માવ્યું : يَمْرُقُونَ مِنَ الدِّينِ كَمَا يَمْرُقُ السَّهْمُ مِنَ الرَّمِيَّةِ. "દીનથી એવી રીતે નીકળી જશે જેવી રીતે શિકારથી."

સારાંશ બાગી અને ખારજીમાં જમીન તથા આસ્માનનો ફરક છે. આ ફરક જરૂર ધ્યાનમાં રહેવો જોઈએ. નહરવાની લોકો ખારિજ હતા અને હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ અને હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا અને તેમના સાથીઓથી ગલત ફહમીના કારણે બગાવત અસ્તિત્વમાં આવી.

પછી જયારે ઈમામ હસન رضی اللہ عنہએ જનાબ અમીર મુઆવિયહ رضی اللہ عنہથી સુલહ કરી લીધી, જેથી અમીર મુઆવિયહ رضی اللہ عنہ અમીરુલ મોમિનીન બરહક઼ થયા એ જ અહલે સુન્નતનો મઝહબ છે.

સારાંશ જયારે પણ કોઈ સહાબીનો ઉલ્લેખ થાય તો ખૈર સાથે થાય, તેમની અઝમત તથા એહતેરામનો ખયાલ રહે. તેમજ **હવે કેમ કે આપણી ઉર્દૂ બોલીમાં બાગી શબ્દ બેઅદબીનો શબ્દ માનવામાં આવે છે, એટલા માટે હવે "અમીર મુઆવિયહ رضی اللہ عنہ અથવા તેમની જમાઅત અથવા કોઈ સહાબી પર આ શબ્દ ન બોલવામાં આવે," કેમ કે અમારી બોલીમાં બાગી ગદ્દાર અને દેશ તથા કૌમના દુશ્મનને કહેવામાં આવે છે. બોલી બદલાય જવાથી હુકમ બદલાય જાય છે.**

## ★ સહાબાના ફઝાઈલ કુર્આની આયતોની રોશનીમાં ★

સહાબાએ કિરામના ફઝાઈલમાં કુર્આની આયતો તથા નબવી હદીષો ઘણા જ અધિક પ્રમાણમાં આવેલી છે. આ આયતો તથા હદીષો બે પ્રકારની છે : એક તો તે જે કોઈ ખાસ સહાબીના હક઼્ક઼માં આવી, જેમ કે સિદ્દીક઼ી ખિલાફતના બારામાં ૪–આયતો, સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہના

ફઝાઈલમાં ૪–આયતો, હઝરત અલીયે મુર્તઝા તથા હસ્નૈન કરીમૈન તથા ફાતિમતુઝ્ઝહરા તથા હસ્નૈન કરીમૈન તથા ફાતિમતુઝ્ ઝહરા અને હઝરત ફિઝઝાના ફઝાઈલમાં સૂરએ દહરની ૧૫ આયતો. હુઝૂર ﷺની અજવાઝે પાક (પાક બીવીઓ)ના ફઝાઈલમાં સૂરએ અહઝાબની આયતો. હઝરત આઈશા رضی اللہ عنہاના ફઝાઈલ તથા પાક દામની તથા પવિત્રતાના બારામાં સૂરએ નૂરની ૧૯ આયતો વગેરે. જો અમને આ કિતાબ મોટી થઈ જવાનો અંદેશો ન હોત તો તે સર્વ આયતો તફસીલવાર તફસીર સાથે લખત. હવે જેને શોખ હોય તે અમારી ''ફેહરિશ્તે કુર્આન''નો અભ્યાસ કરે.

બીજા પ્રકારની તે આયતો તથા હદીષો જે આમ સહાબાના ફઝાઈલમાં આવી છે તે પણ ઘણી છે, અમે સંક્ષિપ્તમાં કેટલીક આયતો પેશ કરીએ છીએ. વાંચકો પોતાના રબનું ફર્માન જુએ અને વિચારણા કરે કે રબ્બે કરીમ કેવી શાનની સાથે સહાબાએ કિરામના તકવા, તહારત (પાકી), ઈમાન, પ્રમાણિકતા, સચ્ચાઈ, અમાનત, અદાલત વગેરેનું એલાન કરે છે. ઈર્શાદ થાય છે :–

**આયત–૧ :–**

لَا يَسْتَوِىْ مِنْكُمْ مَّنْ اَنْفَقَ مِنْ قَبْلِ الْفَتْحِ وَ قٰتَلَ ؕ اُولٰٓئِكَ اَعْظَمُ دَرَجَةً مِّنَ الَّذِيْنَ اَنْفَقُوْا مِنْۢ بَعْدُ وَ قٰتَلُوْا ؕ وَ كُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى ؕ

''તમારામાં તેઓ સરખા નથી જેમણે ફતહે મક્કાથી પહેલાં ખૈરાત કરી, જેહાદ કર્યો. એઓ મહાન દરવાજાવાળા છે તેમના કરતાં જેમણે ફતહે મક્કા પછી ખૈરાત તથા જેહાદ કર્યો અને અલ્લાહે સૌને જન્નતનો વાયદો કરી લીધો. *(સૂ. હદીદ, ૫૭/૧૦)*

**આયત–૨ :–**

وَ الَّذِيْنَ مَعَهٗٓ اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ تَرٰىهُمْ رُكَّعًا سُجَّدًا

''અને રસૂલુલ્લાહના સાથીઓ છે તેઓ કાફિરો પર સખત છે,

આપસમાં એકબીજા પર મહેરબાન, તમે તેમને રુકૂઅ સિજદા કરવાવાળા જોશો.'' *(સૂ. ફતહ, ૪૮/૨૯)*

**આયત-3 :-**

كَزَرۡعٍ اَخۡرَجَ شَطۡـَٔهٗ فَاٰزَرَهٗ فَاسۡتَغۡلَظَ فَاسۡتَوٰى عَلٰى سُوۡقِهٖ يُعۡجِبُ الزُّرَّاعَ لِيَـغِيۡظَ بِهِمُ الۡكُفَّارَ

''જેવી રીતે કે એક ખેતી જેણે પોતાનો ફણગો કાઢયો પછી તેને શક્તિ આપી.'' *( સૂ. ફતહ, ૪૮/૨૯)*

આ આયતોમાં અલ્લાહ તઆલાએ સહાબાએ કિરામની ઈબાદતો, તેમના રુકૂઅ સિજદા, તેમના આપસમાં રહીમ તથા કરીમ હોવું વગેરેનું એલાન કર્યું. સાથોસાથ એ બદબખ્તો પર કુફ્રનો ફત્વો આપ્યો જેઓ કોઈ સહાબીથી જલે કે નફરત કરે. **કુર્આને સ્પષ્ટપણે કુફ્રનો ફત્વો સહાબીના દુશ્મન પર જ આપ્યો છે.** એનાથી ઈબ્રાત પકડવી જોઈએ.

**આયત-૪ :-**

لِلۡفُقَرَآءِ الۡمُهٰجِرِيۡنَ الَّذِيۡنَ اُخۡرِجُوۡا مِنۡ دِيَارِهِمۡ وَ اَمۡوَالِهِمۡ يَبۡتَغُوۡنَ فَضۡلًا مِّنَ اللّٰهِ وَ رِضۡوَانًا وَّ يَنۡصُرُوۡنَ اللّٰهَ وَ رَسُوۡلَهٗ ؕ اُولٰٓئِكَ هُمُ الصّٰدِقُوۡنَ ۚ

''સદકા તે ફકીર (ગરીબ) મુહાજિરો માટે છે જેઓને પોતાનાં ઘરો તથા માલોથી કાઢવામાં આવ્યા. તેઓ અલ્લાહનો ફઝ્લ અને રઝામંદી તલાશ કરે છે અને અલ્લાહના રસૂલની મદદ કરે છે. એ લોકો સાચા છે.'' *(સૂ. હશ્ર, ૫૯/૮)*

આ આયતમાં રબ તઆલાએ સર્વ સહાબા મહાજિરોને ઈમાન તથા અમલના સાચા કહ્યા.

وَ الَّذِيۡنَ تَبَوَّؤُ الدَّارَ وَ الۡاِيۡمَانَ مِنۡ قَبۡلِهِمۡ يُحِبُّوۡنَ مَنۡ هَاجَرَ اِلَيۡهِمۡ وَ لَا يَجِدُوۡنَ فِیۡ صُدُوۡرِهِمۡ حَاجَةً مِّمَّاۤ اُوۡتُوۡا وَ يُؤۡثِرُوۡنَ عَلٰٓى اَنۡفُسِهِمۡ وَ لَوۡ كَانَ بِهِمۡ خَصَاصَةٌ ؕ وَ مَنۡ يُّوۡقَ شُحَّ نَفۡسِهٖ فَاُولٰٓئِكَ هُمُ الۡمُفۡلِحُوۡنَ ۚ

''અને જેમણે પહેલેથી આ શહેર (મદીના) અને ઈમાનમાં ઘર

બનાવી લીધુ, દોસ્ત રાખે છે તેમને જેઓ તેમની તરફ હિજરત કરીને આવ્યા અને પોતાના દિલોમાં કોઈ હાજત નથી પામતા એ ચીજની જે આપવામાં આવી અને પોતાની જાનો પર તેમને અગ્રતા આપે છે ભલે તેમની સખત મોહતાજી હોય, અને જેને પોતાના નફસની લાલચથી બચાવવામાં આવ્યા તો તેઓ જ કામયાબ છે. *(સૂ. હશ્ર, ૫૯/૯)*

આ આયતમાં રબે સર્વ અન્સારના ઈમાન, સખાવત, મહેમાન નવાઝી અને તેમની કામયાબીની ગવાહી આપી.

**આયત–૬ :–**

وَ الَّذِیْنَ جَآءُوْ مِنْۢ بَعْدِهِمْ یَقُوْلُوْنَ رَبَّنَا اغْفِرْ لَنَا وَ لِاِخْوَانِنَا الَّذِیْنَ سَبَقُوْنَا بِالْاِیْمَانِ وَ لَا تَجْعَلْ فِیْ قُلُوْبِنَا غِلًّا لِّلَّذِیْنَ اٰمَنُوْا رَبَّنَاۤ اِنَّكَ رَءُوْفٌ رَّحِیْمٌ﴿۱۰﴾

''અમારા રબ ! અમને બખ્શી આપ અને અમારા તે ભાઈઓને જે અમારાથી પહેલાં ગુજર્યા ઈમાનની સાથે અને અમારા દિલોમાં મુસલમાનોનો કીનો ન નાખ. હે રબ અમારા ! તું રઉફો રહીમ છે.

*(સૂ. હશ્ર, ૫૯/૧૦)*

આ આયતમાં રબે બાદમાં કયામત સુધીના મુસલમાનોની પેહચાન બતાવી કે તે તમામ સહાબા માટે દુઆ કરનારા છે અને તેમના સીના સહાબાના કીનાથી સાફ છે. એટલે મુસલમાનોની કુલ ત્રણ જમાઅતો થઈ : મુહાજિરીન સહાબા, અન્સાર સહાબા, અને તે સૌના દુઆગો, ખૈર ખ્વાહ, સાચા ગુલામ. હવે બતાવો, કોઈ સહાબીથી અદાવત રાખનાર કયા ગૃપમાં છે ? સહાબાથી અદાવત (કીનો) રાખનાર ત્રણેવ જમાઅતો બહાર છે.

**આયત–૭ :–**

وَ الَّذِیْنَ اٰمَنُوْا وَ هَاجَرُوْا وَ جٰهَدُوْا فِیْ سَبِیْلِ اللّٰهِ وَ الَّذِیْنَ اٰوَوْا وَّ نَصَرُوْۤا اُولٰٓىٕكَ هُمُ الْمُؤْمِنُوْنَ حَقًّاؕ لَهُمْ مَّغْفِرَةٌ وَّ رِزْقٌ كَرِیْمٌ﴿۷۴﴾

''અને જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે અલ્લાહની રાહમાં હિજરત તથા જેહાદ કર્યો, અને જેમણે એમને જગા આપી અને એમની મદદ કરી, એ સૌ સાચા મોમિન છે, એમના માટે બખ્શિશ છે અને સારી રોજી. *(સૂ. અન્ફાલ, ૮/૭૪)*

આ આયતમાં રબે સર્વ સહાબીઓ, મુહાજિરો તથા અન્સારનું નામ લઈને તેઓના સાચા મોમિન હોવાનુ અને તેમના રબની બારગાહમાં મકબૂલ હોવાનું એલાન કર્યું.

**આયત–૮ :–**

اِنَّ الَّذِیْنَ یَغُضُّوْنَ اَصْوَاتَهُمْ عِنْدَ رَسُوْلِ اللّٰهِ اُولٰٓئِكَ الَّذِیْنَ امْتَحَنَ اللّٰهُ قُلُوْبَهُمْ لِلتَّقْوٰی ؕ

''બેશક ! તેઓ જેઓ રસૂલુલ્લાહની બારગાહમાં પોતાની અવાજો ધીમી રાખે છે તેઓ એ છે જેમના દિલ અલ્લાહે પરહેઝગારી માટે પારખી લીધાં. તેમના માટે બખ્શિશ અને મહાન સવાબ છે. *(સૂ. હુજૂરાત, ૪૯/૩)*

આ આયતમાં રબે બારગાહે નબવીના સર્વ હાજરજનો એટલે સહાબાએ કિરામના મુત્તક઼ી હોવા અને તેમની મગફિરત તથા મહાન સવાબનું એલાન કર્યું.

**આયત–૯ :–**

وَ اَلْزَمَهُمْ كَلِمَةَ التَّقْوٰی وَ كَانُوْٓا اَحَقَّ بِهَا وَ اَهْلَهَا ؕ وَ كَانَ اللّٰهُ بِكُلِّ شَیْءٍ عَلِیْمًا ﴿۲۶﴾ ''અને રબે પરહેઝગારીનો કલમો તેમનાથી લાઝિમ કરી આપ્યો અને તેઓ તેના લાયક હતા અને અલ્લાહ દરેક ચીજને જાણનારો છે.'' *(સૂ. ફતહ, ૪૮/૨૬)*

એનાથી જાણવા મળ્યું કે સર્વ સહાબા માટે તક઼વો તથા તહારત એવી લાઝિમ (અનિવાર્ય) છે જેમ કે સૂરજના માટે રોશની અને આગના માટે ગરમી. **જેવી રીતે આગ ઠંડી નથી થઈ શકતી, સૂરજ કાળો નથી થઈ શકતો એવી જ રીતે કોઈ સહાબી ફાસિક઼ કે ગૈર આદિલ નથી હોય શકતો.**

**આયત-૧૦ :-**

وَ السّٰبِقُوْنَ الْاَوَّلُوْنَ مِنَ الْمُهٰجِرِيْنَ وَ الْاَنْصَارِ وَ الَّذِيْنَ اتَّبَعُوْهُمْ بِاِحْسَانٍ ۙ رَّضِيَ اللّٰهُ عَنْهُمْ وَ رَضُوْا عَنْهُ وَ اَعَدَّ لَهُمْ جَنّٰتٍ تَجْرِيْ تَحْتَهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَاۤ اَبَدًا ؕ ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ

"અને સૌમાં આગલા પ્રથમ મુહાજિર તથા અન્સાર અને જેઓ ભલાઈની સાથે તેમની પયરવી કરનારા બન્યા, અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી. અને તેમના માટે તૈયાર કરી રાખ્યા છે તે બાગ જેમની નીચે નહેરો વહે છે. હમેશાં એમનામાં રહેશે. આ મહાન કામયાબી છે." *(સૂ. તૌબા, ૯/૧૦૦)*

આ આયતમાં સર્વ સહાબાના વિશે ત્રણ ચીજોનું એલાન થયું : અલ્લાહ એમનાથી રાજી થઈ ચૂક્યો, તેઓ અલ્લાહથી રાજી થઈ ચૂક્યા, જન્નત અને ત્યાંની નેઅમતો તેમના નામે થઈ ચૂકી.

**આયત-૧૧ :-**

فَاِنْ اٰمَنُوْا بِمِثْلِ مَاۤ اٰمَنْتُمْ بِهٖ فَقَدِ اهْتَدَوْا ۚ وَ اِنْ تَوَلَّوْا فَاِنَّمَا هُمْ فِيْ شِقَاقٍ ۚ "પછી જો તેઓ પણ એવું જ ઈમાન લાવે જેવું કે હે સહાબા ! તમે લાવ્યા, તો તેઓ હિદાયત પામી લેશે." *(સૂ. બક્રહ, ૨/૧૩૭)*

આ આયતમાં ફર્માવવામાં આવ્યું કે **એ જ ઈમાનનો દાવેદાર હિદાયત પર છે જેઓ સહાબાની જેમ ઈમાન ધરાવતો હોય** એટલે સહાબા ઈમાનની કસોટી છે.

**આયત-૧૨ :-**

وَ اِذَا قِيْلَ لَهُمْ اٰمِنُوْا كَمَاۤ اٰمَنَ النَّاسُ قَالُوْۤا اَنُؤْمِنُ كَمَاۤ اٰمَنَ السُّفَهَآءُ ؕ "અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે એવું ઈમાન લાવો જેવું ઈમાન આ લોકો (સહાબાએ કિરામ) લાવ્યા તો તેઓ કહે છે કે શું અમે એવું ઈમાન લાવીએ જેવું મૂર્ખ લોકો લાવ્યા." *(સૂ. બકરહ, ૨/૧૩)*

આ આયતમાં એ જ ફર્માવ્યું કે જેનું ઈમાન સહાબાની જેમ ન હોય તે મુનાફિક્ અને નર્યો મૂર્ખ છે. વિચાર કરો કે આ આયતોની ગવાહી હોવા છતાં કોઈ સહાબી ફાસિક તથા હાજિર હોય શકે છે ? મઆઝલ્લાહ !

**★ સહાબાના ફઝાઈલ હદીષોની રોશનીમાં ★**

સહાબાના ફઝાઈલમાં ઘણી અધિક હદીષો આવેલ છે એમનામાંથી કેટલીક સંક્ષિપ્તપણે રજૂ કરીએ છીએ.

**હદીષ-૧** : મુસ્લિમ તથા બુખારીએ અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત કરી કે ફર્માવ્યું, નબી ﷺએ કે, "મારા કોઈ સહાબીને બુરા ન કહો. તમારું પહાડ જેટલું સોનુ ખૈરાત કરવું તેમના સવા શેર જવના સદકાના બરાબર નથી થઈ શકતુ ન તેના અડધાના."

**હદીષ-૨** : મુસ્લિમે હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہથી રિવાયત કરી કે, હુઝૂર ﷺએ ફર્માવ્યું કે "તારાઓ આસમાનના માટે અમ્ન છે અને હું સહાબા માટે અમ્ન છું અને મારા સહાબા મારી ઉમ્મતના માટે અમ્ન છે.

**હદીષ-૩** : તિર્મિઝી શરીફમાં હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "એ મુસલમાનને આગ નથી સ્પર્શી શકતી જેણે મને જોયો."

**હદીષ-૪** : મુસ્લિમ બુખારીએ હઝરત ઈમરાન ઈબ્ને હુસૈનથી રિવાયત કરી કે સરકાર ﷺએ ફર્માવ્યું કે મારી ઉમ્મતમાં સૌથી બેહતર મારા જમાનાવાળા પછી ત્યાર પછીના લોકો પછી એના પછીના લોકો છે. એટલે પ્રથમ સહાબા પછી તાબઈન પછી તબેઅ તાબઈન.

**હદીષ-૫** : તિર્મિઝીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મફઝલથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે **મારા સહાબાના બારામાં અલ્લાહથી ડરો ! તેમને તમારાં મહેણાં ટોણાના નિશાન ન બનાવો ! જેણે મારા સહાબા સાથે મહોબ્બત કરી તેણે મારાથી**

**મહોબ્બત કરી અને જેણે તેમનાથી અદાવત (કીનો) રાખ્યો તેણે મારાથી કીનો રાખ્યો."**

**હદીષ–૬** : રઝીને હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર ﷺ ફર્માવે છે કે, "મારા સહાબા તારાઓ છે તમે જેની પણ પયરવી (અનુસરણ) કરશો હિદાયત પામશો."

**હદીષ–૭** : તિર્મિઝીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી. નબી ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમે તેમને જુઓ જે મારા સહાબીને બુરા કહે છે તો કહી દો કે તમારી બુરાઈ પર અલ્લાહની ફટકાર પડે.

**હદીષ–૮** : દયલમીએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે જ્યારે અલ્લાહ કોઈની ભલાઈ ચાહે છે તો તેના દિલમાં મારા સર્વ સહાબાની મહોબ્બત પેદા કરી આપે છે.

**હદીષ–૯** : ખતીબ તથા દારકુત્નીએ અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે લોકો વધશે અને સહાબા ઘટશે જેથી મારા સહાબાને બુરા ન કહો.

**હદીષ–૧૦** : તિબ્રાની, હાકિમે અવમીર ઈબ્ને સાઅદાથી રિવાયત કરી કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહે મને પસંદ કર્યો અને મારી સોહબતના માટે મારા સહાબાને પસંદ કર્યા. એ જ સહાબામાં મારા અન્સાર મદદગાર, વઝીરો પસંદ કર્યા. **જેઓ તેમને બુરા કહે એના પર અલ્લાહ તઆલા ફરિશ્તાઓ તથા લોકોની લઅનત થાય. અલ્લાહ તઆલા તેના ફર્ઝો તથા નફલોને પણ કબૂલ ન ફર્માવશે.** એને ખતીબ, ઓકૈલી અને ઈમામ બગ્વી, અબૂ નુઐમ, ઈબ્ને અસાકિરે થોડાક ફરક સાથે રિવાયત કરી.

**હદીષ–૧૧** : દાર કુત્નીએ હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہથી રિવાયત કરી કે આપ ફર્માવે છે કે એક કૌમ અમારી અહલે બયતની મહોબ્બતનો દાવો કરશે પણ તે એવી ન હશે, કેમ કે તે અબૂબક્ર તથા ઉમરને બુરા

કહેશે. આ રિવાયત હઝરત ફાતિમા ઝહ્‌રા, ઉમ્મે સલમા, ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَથી પણ થોડાક તફાવત સાથે વિવિધ તરીક઼ાથી રિવાયત પામેલી છે.

**હદીષ-૧૨ :** તિબ્રાની તથા અબૂ યઅલાએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે મારા સહાબા એવા જેમ કે ખાણામાં નમક, કે ખાવા નમક વિના બરાબર નથી થતુ. (કોઈનુ ઈમાન મારા સહાબા વિના ઠીક નથી હોઈ શકતુ.)

## ★ અહલે બયતે અત્હાર કોણ કોણ ?! ★

જેવી રીતે નબી કરીમ ﷺ સર્વ નબીઓના સરદાર છે એવી જ રીતે હુઝૂર ﷺના અહલે બયત સર્વ અહલે બયતના સરદાર છે. હુઝૂર ﷺના સહાબા સર્વ નબીઓના સહાબીઓના સરદાર, હુઝૂર ﷺનાં વાલિદૈન માજિદૈન (માબાપ) સર્વ નબીઓના ગૈર નબી મા બાપના સરદાર છે. હુઝૂર ﷺનું શહેર મુબારક તમામ નબીઓનાં જમાનાથી અફઝલ. સારાંશ કે સરદારી આપના કદમ શરીફથી સંબંધિત છે. જે ચીજ અથવા જે શખ્સને એ ઝાતે કરીમથી નિસ્બત હશે સરદારી તેના દામનથી જોડાઈ ગઈ. અહલે બયતે અત્હારના ફઝાઈલમાં ઘણી આયતો અને ઘણી હદીષો આવેલી છે જે અમે ફેહરિસ્તુલ કુર્આનમાં ભેગી કરી છે.

પ્રથમ તો એ સમજવું જરૂરી છે કે હુઝૂર ﷺના અહલે બયત કોણ છે ? અહલ શબ્દનો શાબ્દિક અર્થ છે "વાળા." એટલા માટે કહેવામાં આવે છે કે અહલે ઈલ્મ, અહલે દોલત, અહલે મુલ્ક (ઈલ્મવાળા, દોલતવાળા, મુલ્કવાળા) વગેરે. એટલે ઈલ્મવાળા, દોલતવાળા, મુલ્કવાળા, જેથી અહલે બયઅતનો અર્થ થયો ઘરવાળા. આ જ અહલથી આલ બન્યું એ પણ અહલના અર્થમાં જ છે, પણ અહલની નિસ્બત ઈન્સાન, ઘર, ઈલ્મ, દોલત સૌના તરફ થઈ જાય છે, પણ આલની નિસ્બત કેવળ દુનિયવી અથવા દીની ઈજ્જત તથા પ્રતિષ્ઠાવાળા ઈન્સાનની તરફ જ થાય છે. ઈસ્તેલાહમાં આલ બીવી બચ્ચાંને પણ કહેવામાં આવે છે અને ખાસ

ખાદિમોને પણ. કુર્આને કરીમે હઝરત ઈમરાનનાં પત્નીને આલે ઈમરાન ફર્માવ્યાં બલ્કે એક સૂરતનું નામ આલે ઈમરાન રાખવામાં આવ્યું જેમાં ઈમરાનનાં પત્ની હન્ના અને ઈમરાનની પુત્રી હઝરત મરયમનો ઉલ્લેખ છે. અને ફિરઔનની પોલીસી તથા ખાદિમોને કુર્આને કરીમે આલે ફિરઔન કહ્યા. ફર્માવે છે : وَاِذْ نَجَّيْنٰكُمْ مِّنْ اٰلِ فِرْعَوْنَ ''અને જ્યારે અમે તમને ફિરઔનની આલથી નજાત આપી.'' *(સૂ. બક્રહ, ૨/૪૯)*

ફિરઔન ઔલાદ વિનાનો હતો. અહીં આલે ફિરઔનથી મુરાદ એના ખાદિમો જ છે. ઈસ્તેલાહમાં (આમ બોલીમાં) અહલે બયત ઘરવાળાંઓને કહેવામાં આવે છે. ''અહલે બયતે નબી''નો અર્થ છે : નબીનાં ઘરવાળાં. વળી ઘરવાળાં હોવાની ત્રણ સ્થિતિઓ છે : એક એ કે નબીના ઘરમાં જ પેદા થાય અને ઘરમાં જ રહે. જેમ કે હુઝૂર ﷺના ચારેવ ફરઝંદે અર્ઝમંદ : તૈયબ, તાહિર, ક઼ાસિમ, ઈબ્રાહીમ. બીજુ એ કે નબીના ઘરમાં પેદા થાય પણ પછી બાદમાં બીજા ઘરમાં રહે. જેમ કે હુઝૂર ﷺની ચારેવ સાહબઝાદીઓ : ઝયનબ, કુલષૂમ, રૂકૈયા, ફાતિમતુઝ્ઝહરા رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن કે હુઝૂરના ઘરમાં પેદા તો થઈ પણ નિકાહ બાદ પોતાના સાસરામાં રહે. હઝરત ઝયનબ અબુલ આસના, રૂકૈયા તથા કુલ્ષૂમ ઉષ્માન ઈબ્ને અફ્ફાનના ઘેર, ફાતિમતુઝ્ ઝહરા અલીયે મુર્તઝાના ઘર. رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن આ બંનેને અહલે બયતે વિલાદત કહેવામાં આવે છે. ત્રીજા તે જેઓ પેદા અન્ય જગાએ થાય પણ બાદમાં હુઝૂર ﷺના ઘરમાં રહે. જેમ કે હુઝૂર ﷺની અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ) કે તેમનો જન્મ પોતાના માબાપના ઘરે થયો પણ હુઝૂરથી નિકાહમાં આવીને હુઝૂરના ઘરમાં રહ્યા. તેમને અહલે બયતે સુકૂનત કહે છે. આ ત્રણેવ પ્રકારના હઝરાત રસૂલુલ્લાહનાં અહલે બયત છે. અમારા ઉર્દૂ મુહાવરામાં પણ સર્વ બીવી બચ્ચાંને ''અહલે બયતે ખાના'' અથવા અયાલ તથા અતફાલ અથવા ઘરવાળાં કહે છે.

જેથી હક્ક઼ એ છે કે હુઝૂર ﷺની સર્વ ઔલાદ, સાહબઝાદાઓ,

સાહબઝાદીઓ અને સર્વ બીવીઓ હુઝૂરનાં અહલે બયત છે.

*(તફસીરે કબીર, મિર્કાત, અશિઅતુલ લમ્આત વગેરે)*

અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)નું "અહલે બયતે નબુવ્વત હોવા પર કુર્આનની ઘણી બધી આયતો બોલતી છે અને ઘણી સહીહ હદીષો આવેલી છે, જેથી **અઝવાજે પાક (પાક બીવીઓ)ના અહલે બયત હોવાનો ઈન્કાર હકીકતમાં કુર્આનનો ઈન્કાર છે.** આયતો જોઈ લો :

**આયત–૧ :**

وَاِذْ غَدَوْتَ مِنْ اَهْلِكَ تُبَوِّئُ الْمُؤْمِنِيْنَ مَقَاعِدَ لِلْقِتَالِ "અને યાદ કરો હે હબીબ ! જ્યારે આપ સવારથી પોતાના દોલતખાનાથી ચાલ્યા, મુસલમાનોને લડાઈના મોરચાઓ પર કાયમ કરતા,"

*(સૂ. આલે ઈમરાન, ૩/૧૨૧)*

હુઝૂર ﷺ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ના ઘરથી ઓહદની તરફ તશરીફ લઈ ગયા હતા. રબે (અહલિક) ફર્માવ્યું. જાણવા મળ્યું કે હઝરત આઈશા رضی اللہ عنہا અહલે બયતે નબી છે.

**આયત–૨ :–**

اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ اَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيْرًا "અલ્લાહ એ જ ચાહે છે કે હે નબીના ઘરવાળાઓ ! તમને દરેક નાપાકીથી દૂર રાખે અને તમને ખૂબ પાક તથા સુથરા કરે. *(સૂ. અહઝાબ, ૩૩/૩૩)*

આ આખા રુકૂઅમાં અઝવાજે પાક (પાક બીવીઓ)થી સંબોધન થઈ રહ્યું છે. આ આયતથી આગળ પણ તેમનાથી જ સંબોધન છે અને એના પહેલાં પણ. જો આયતમાં કેવળ હઝરત ફાતિમા તથા હસ્નૈન કરીમૈન જ સામેલ હોય અને અઝવાજે પાક (હુઝૂર ﷺની પાક બીવીઓ) બહાર હોય તો રબના કલામમાં એવી બેતરતીબી (અનિયમિતતા) થઈ જશે જેનો હલ અશક્ય હશે.

**આયત–3 :** فَالْتَقَطَهٗ اٰلُ فِرْعَوْنَ لِيَكُوْنَ لَهُمْ عَدُوًّا وَّ حَزَنًا "તો એને ઉઠાવી

લીધો ફિરઔનના ઘરવાળાઓને કે તે એમનો દુશ્મન અને એમના પર ગમ થાય.'' *(સૂ. કસસ, ૨૮/૮)*

નહેરથી હઝરત આસિયાએ મૂસા علیہ السلام ને કાઢયા હતા. આપ ફિરઔનનાં પત્ની હતાં, રબે તેણીને આલે ફિરઔન કહ્યાં. જાણવા મળ્યું કે કુર્આની ઈસ્તેલાહ (બોલી)માં પત્ની પણ આલ છે.

**આયત-૪** : فَنَجَّيْنٰهُ وَاَهْلَهٗ مِنَ الْكَرْبِ الْعَظِيْمِ ''પછી અમે તેમને તેમજ તેમનાં ઘરવાળાંઓને મોટી મુસીબતથી નજાત આપી.''

*(સૂ. અંબિયા, ૨૧/૭૬)*

**આયત-૫** :-

قَالُوْٓا اَتَعْجَبِيْنَ مِنْ اَمْرِ اللّٰهِ رَحْمَتُ اللّٰهِ وَ بَرَكٰتُهٗ عَلَيْكُمْ اَهْلَ الْبَيْتِ اِنَّهٗ حَمِيْدٌ مَّجِيْدٌ

''બોલ્યાં, હાય ખરાબી ! શું મને પુત્ર થશે અને હું વૃધ્ધા છું અને મારા પતિ વૃધ્ધ. બેશક ! આ અચંબાની વાત છે ! ફરિશ્તા બોલ્યા, શું અલ્લાહના કામનો અચંબો કરો છો ? અલ્લાહની રહમત તથા તેની બરકતો તમારા પર હે ઘરવાળાંઓ ! બેશક ! તે જ ખૂબીઓવાળો અને ઈજ્જતવાળો છે. *(સૂ. હૂદ, ૧૧/૭૩)*

આ આયતમાં ફરિશ્તાઓએ હઝરત સારાને જે ઈબ્રાહીમ علیہ السلام નાં પત્ની છે તેમને ''અહલે બયત'' કહ્યાં, જાણવા મળ્યું કે ઈબ્રાહીમ علیہ السلام નાં પત્ની તેમનાં ''અહલે બયત'' છે.

આ આયતો નમૂના રૂપે પેશ કરવામાં આવી, નહીં તો કુર્આનમાં અગણિત આયતો છે જેમનામાં પત્નીને ''આલ'' અથવા ''અહલે બયત'' કહેવામાં આવ્યું.

જયારે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ને તોહમત લગાડવામાં આવી તો સરવરે કાઈનાત صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું : مَا عَلِمْتُ عَلٰی اَهْلِیْ اِلَّا خَیْرًا ''હું મારાં ઘરવાળાંઓ માટે ભલાઈ જ જાણુ છું.'' *(બુખારી)*

**કોઈ આયત કે કોઈ હદીષ એવી નથી મળતી જેમાં કહેવામાં આવ્યું હોય કે કેવળ ઔલાદ જ અહલે બયત છે, અને પત્નીઓ અહલે બયત નથી.** આ કેવળ ખયાલ જ ખયાલ છે ! હદીષે કસાઅ્ જેનાથી ધોકો થાય છે એની તેહક઼ીક઼ બીજા પ્રકરણમાં થશે ઈન્શાઅલ્લાહ ! એ જાહેર છે કે સર્વ અઝવાજે પાકમાં હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہ તથા હઝરત ખદીજતુલ કુબરા رضی اللہ عنہ ઘણી શાનવાળાં છે કે જ્યારે અઝવાજ બોલવામાં આવે તો તરત જ તેમની તરફ દિમાગ જાય છે, અને ઔલાદ શરીફમાં હઝત ફાતિમતુઝ્ઝહરા અને હઝરત હુસૈન رضی اللہ عنہما સૌથી આ'લા શાનવાળા છે કે જ્યારે અહલે બયત બોલવામાં આવે તો એ જ હઝરાત સમજમાં આવે છે. **પરંતું એનાથી એ લાઝિમ નથી થતુ કે એ બે પત્નીઓ સિવાય અન્ય કોઈ હુઝૂરનાં પત્ની જ ન હોય અને એ બે હઝરાત (હઝરાત ફાતિમા તથા હુસૈન رضی اللہ عنہما) સિવાય હુઝૂરની અન્ય કોઈ ઔલાદ "અહલે બયત" જ ન હોય.**

## ★ અહલે બયતના ફઝાઈલ કુર્આની રોશનીમાં ★

નબી કરીમ صلی اللہ علیہ وسلمનાં અહલે બયતના ફઝાઈલ આસ્માનના તારાઓ અને જમીનનાં રજકરણોની જેમ અગણિત છે અને કેમ ન હોય ! જ્યારે હઝરત જાબિર رضی اللہ عنہના દસ્તરખાનથી હુઝૂર હાથ લૂછી કાઢે તો તે દસ્તરખાન આગમાં ન સળગે ! તો તે હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہ તથા હસ્નૈન કરીમૈન તાહિરૈન જેમનું ખમીર ખૂને ખૈરુર્રુસુલથી છે, તેમનું તો પૂછવું જ શું ?! અને તે આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا જેમના સીના શરીફ પર હુઝૂર صلی اللہ علیہ وسلمનો વિસાલ થયો અને જેમના હુજરામાં હુઝૂર صلی اللہ علیہ وسلم ક઼યામત સુધી આરામ ફર્માં હોય તેમનું શું કહેવું ?! હઝરત અલી رضی اللہ عنہની અઝમત તો જુઓ કે આ તરફ પંજતને પાકમાં સામેલ પેલી તરફ ચાર યારમાં દાખલ, એક હાથ અહલે કસામાં છે તો બીજો હાથ ખુલફાએ રાશિદીનમાં છે. હઝરત અલી رضی اللہ عنہ જ મુસ્તફા صلی اللہ علیہ وسلمની નસલની

અસલ છે. હઝરત અલી رضی اللہ عنہના દરવાજાથી વિલાયત વહેંચાય છે. અલી જ મુશ્કિલ કુશા છે.

અહલે બયતે કિરામના ફઝાઈલમાં બે પ્રકારની આયતો તથા હદીષો આવેલી છે : એક તે જે કોઈ ખાસ હસ્તીના માટે આવી, બીજી તે જે આમ અહલે બયતના માટે આવી. અમે સંક્ષિપ્તમાં બંને પ્રકારની અમુક આયતો તથા હદીષો રજૂ કરીએ છીએ એને સાંભળો અને ઈમાન તાજુ કરો.

**આયત-૧ :-**

اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ اَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيْرًا ''અલ્લાહ જ ચાહે છે કે તમને ગંદકીથી દૂર રાખે હે નબીનાં ઘરવાળાંઓ ! અને તમને ખૂબ પાક સાફ રાખે.'' *(સૂ. અહઝાબ, ૩૩/૩૩)*

જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ હુઝૂર صلی اللہ علیہ وسلمનાં અહલે બયતને દરેક જાહેરી તથા બાતિની ગંદકીથી પાક રાખ્યાં. નબી صلی اللہ علیہ وسلم ફાતિમા ઝહરા رضی اللہ عنہاના શરીર પાકને સૂંઘતા હતા અને ફર્માવતા હતા કે તેમના જિસ્મે અત્હરથી જન્નતની ખુશ્બુ આવે છે. (મબ્સૂત સુર્ખી) એટલા માટે આપને ઝહ્‌રા કહે છે. એટલે ''જન્નતની કળી'' અને આ જ આયતથી શબ્દ પંજતન પાક લેવામાં આવ્યો છે કે કસાઅની હદીષથી ''પંજતન'' લેવામાં આવ્યું. કેમ કે કંબલ શરીફમાં પાંચ શરીરો જ હતાં. ''નબી صلی اللہ علیہ وسلم, ફાતિમા ઝહ્‌રા, અલીયે મુર્તઝા, હસન, હુસૈન, رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ'' અને ''પાક'' આ આયતથી લેવામાં આવ્યું :-

**આયત-૨ :** قُلْ لَّاۤ اَسْـَٔلُكُمْ عَلَيْهِ اَجْرًا اِلَّا الْمَوَدَّةَ فِى الْقُرْبٰى ''હે મહબૂબ ! ફર્માવી દો કે હું તમારાથી નબુવ્વત પર વળતર (ઉઝરત) નથી માગતો સિવાય કે સગાંઓથી મહોબ્બત.'' *(સૂ. શૂરા, ૪૨/૨૩)*

જાણવા મળ્યું કે જેણે અહલે બયતથી મહોબ્બત ન કરી તેણે નબીનો હક્ક જ અદા ન કર્યો. રબ તઆલા નસીબ કરે.

**આયત-3 :** وَاعْتَصِمُوْا بِحَبْلِ اللّٰهِ جَمِيْعًا وَّلَا تَفَرَّقُوْا ''અલ્લાહની

રસ્સીને મજબૂત પકડી લો અને અલગ અલગ ન થાવ."

*(સૂ. આલે ઈમરાન, ૩/૧૦૩)*

સવાઈકે મુહર્રિકા શરીફમાં ફર્માવ્યું કે (હબ્લિલ્લાહ) હુઝૂર ﷺનાં "અહલે બયતે કિરામ" છે, તેમનો દામન મજબૂતીથી પકડવો નજાતનો ઝરીયો છે. અન્ય પણ એની તફસીરમાં ઘણા બધાં કથનો છે.

**આયત-૪ :-**

فَقُلْ تَعَالَوْا نَدْعُ اَبْنَآءَنَا وَ اَبْنَآءَكُمْ وَ نِسَآءَنَا وَ نِسَآءَكُمْ وَ اَنْفُسَنَا وَ اَنْفُسَكُمْ

"તો ફર્માવી દો કે આવો, અમે તમે પોત પોતાનાં બાળકો પોત પોતાની સ્ત્રીઓ પોત પોતાની જાનોને બોલાવીએ." *(સૂ. આલે ઈમરાન, ૩/૬૧)*

આ આયતમાં અલીયે મુર્તઝા, ફાતિમા ઝહ્‌રા, હઝરાત હસ્નૈન કરીમૈન (હસન, હુસૈન)ની એવી ચમકતી મન્કૃબત છે કે જેનાથી ઈમાન ચમકી જાય છે, કેમ કે અલીયે મુર્તઝા رضی اللہ عنہને હુઝૂર ﷺએ પોતાના નફસ (જાન) બતાવ્યા, હસ્નૈન કરીમૈનને પોતાના બેટાઓ, ફાતિમા ઝહ્‌રાને નિસાઅ્‌માં સામેલ કર્યા. સરકાર ﷺ એ જ ચારને લઈને નજરાનવાળાઓના મુકાબલામાં મુબાહિલા માટે તશરીફ લઈ ગયા.

**આયત-૫ થી ૨૧ :** يُوْفُوْنَ بِالنَّذْرِ وَيَخَافُوْنَ يَوْمًا كَانَ شَرُّهٗ مُسْتَطِيْرًا

"આ હઝરાત નઝર પૂરી કરે છે અને એ દિવસથી ડરે છે જેની મુસીબત ફેલનારી છે." (સૂરએ દહર (૭૫)ની ૧૫ આયતો)

આ પંદર આયતો હઝરત અલી, ફાતિમા ઝહ્‌રા, હસ્નૈન કરીમૈન, ફિઝ્‌ઝા رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَના ફઝાઈલમાં ઉતરી, જયારે કે એ બુઝુર્ગોએ હસ્નૈન કરીમૈનની બીમારીના મોકા પર ત્રણ રોઝાઓની મન્નત માની. ઈફતારના સમયે એક એક રોટીના હિસાબથી ખાવા પકાવ્યું પણ ઈફતારના સમયે એક દિવસ મિસ્કીન, બીજા દિવસે યતીમ, ત્રીજા દિવસે કેદી ભૂખ્યો આવી ગયો. એ બુઝુર્ગોએ રોટીઓ તેને આપી દીધી અને ખુદ ભૂખ્યા સૂઈ ગયાં. એના પર આ આયત ઉતરી જેમાં એ બુઝુર્ગોની એવી શાન વર્ણવવામાં આવી કે સુબ્હાનલ્લાહ ! *(ખાઝિન, રૂહુલ બયાન, ખઝાઈનુલ ઈર્ફાન વગેરે)*

**આયત–૨૨** : مَاكَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَاَنْتَ فِيْهِمْ "અલ્લાહ તેમને અઝાબ નહીં આપે જ્યારે કે આપ એમનામાં છો." *(સૂ. અન્ફાલ, ૮/૩૩)*

## ★ અહલે બયતની ફઝીલતમાં મુબારક હદીષો ★

અહલે બયતે અત્હારના ફઝાઈલમાં ખૂબ જ અધિક પ્રમાણમાં હદીષો આવી છે જેમાંથી અમુક રજૂ કરીએ છીએ :–

**હદીષ–૧** : "રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મેં રબથી અહદ (વાયદો) લઈ લીધો છે કે મારી ઉમ્મતમાંથી જેમની સાથે હું નિકાહ કરું અથવા જેમની સાથે મારી ઔલાદના નિકાહ કરું તે મારી સાથે જન્નતમાં હોય. *(તિબ્રાની, હાકિમ અને અબી હુરૈરહ رضی اللہ عنہ)*

**હદીષ–૨** : "રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે મેં રબથી વાયદો લઈ લીધો કે મારો અહલે બયત કોઈ પણ દોઝખમાં ન જાય. *(અબુલ ક઼ાસિમ અન ઈમરાન ઈબ્ને હુસૈન)*

**હદીષ–૩** : "રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે જેણે મારા અહલે બયતથી કોઈ સુલૂક કર્યો તેનો બદલો કયામતમાં તેને હું આપીશ. *(ઈબ્ને અસાકિર અન અલીયે મુર્તઝા رضی اللہ عنہ)*

**હદીષ–૪** : "મારા અહલે બયત નૂહની કશ્તી સમાન છે જે એના પર સવાર થઈ ગયો તે નજાત પામી ગયો, જે અલગ રહ્યો ડૂબી ગયો.
*(હાકિમ અન અબી ઝર رضی اللہ عنہ)*

**હદીષ–૫** : "એના પર ખુદાનો ગઝબ થાય જે મારા અહલે બયતને સતાવીને મને દુઃખ પહોંચાડે. *(દયલમી અન અબી સઈદ)*

**હદીષ–૬** : "જે મારા અહલે બયતથી જંગ કરે તેના મુકાબલામાં હું છું અને જે એમનાથી સુલહ કરે હું તેની સાથે સુલહમાં છું. *(તિર્મિઝી, ઈબ્ને માજહ, ઈબ્ને હબ્બાન, હાકિમ)*

**હદીષ–૭** : "જે મારાથી અને હસન હુસૈનથી તેમની મા તેમના બાપથી મહોબ્બત કરે તે જન્નતમાં મારી સાથે થશે." *(તિર્મિઝી, અહમદ અન અલીયે મુર્તઝા رضی اللہ عنہ)*

**હદીષ–૮** : ''અબ્દુલ મુત્તલિબની ઔલાદ જન્નતીઓની સરદાર છે. હું, હમ્ઝા, અલી, જઅફર, હસન, હુસૈન, મેહદી,

*(ઈબ્ને માજહ, હાકિમ, અન અનસ)*

**હદીષ–૯** : ''કયામતમાં સર્વ વંશ (નસબ) અને સાસરીના સંબંધ તૂટી જશે સિવાય મારા નસબ મારા સાસરીના સંબંધના *(અહમદ, હાકિમ, અન મિસ્વર ઈબ્ને મોહતરમ)*

**હદીષ–૧૦** : અલ્લાહે ફાતિમા અને તેમની ઔલાદને દોઝખ પર હરામ કરી આપ્યાં. *(બઝ્ઝાર, અબુલ અલી, તિબ્રાની, અન અબી મસ્ઊદ)*

**હદીષ–૧૧** : હુઝૂર ﷺએ ફર્માવ્યું કે કયામતમાં એલાન થશે કે હે મેહશરવાળાઓ ! માથુ ઝુકાવી લો ! આંખો બંધ કરી લો ! સિરાત પર ફાતિમા બિન્તે મુહમ્મદ رضی اللہ عنہا પસાર થનારાં છે. પછી ફાતિમા ઝહ્‌રા સિત્તેર હજાર હૂરોની સાથે વીજળીના ચમકારાની જેમ પસાર થઈ જશે. *(અખરજહ અબૂ બકર ફિલ્ગયા બાત, અન અબી ઐયૂબી) (સવાઈક઼)*

**હદીષ–૧૨** : રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, સૌ પ્રથમ પોતાનાં અહલે બયતની શફાઅત કરશે પછી નજીકનાં સગાંની પછી નજીકના સંબંધીની. *(તિબ્રાની અન ઈબ્ને ઉમર)*

અન્ય પણ અસંખ્ય હદીષો છે પણ દલીલ પૂરતી આટલી જ બસ છે. અલ્લાહ તઆલા તેના હબીબ ﷺના સર્વ અહલે બયતે અત્હાર તથા સહાબાએ કેબારની સાચી ગુલામી નસીબ કરે.

★ ★ ★

## પ્રથમ પ્રકરણ

## અમીર મુઆવિયહ رضی اللہ عنہના હાલાત

### ★ અમીર મુઆવિયહનો વંશવેલો ★

આપનું નામ મુઆવિયહ, કુન્નિયત અબૂ અબ્દુર્રહમાન છે. આપ પિતા તરફથી પાંચમી પેઢીએ, મા તરફથી પણ પાંચમી પેઢીમાં હુઝૂરે અન્વર ﷺથી મળી જાય છે. પિતા તરફથી વંશવેલો આ પ્રમાણે છે : મુઆવિયહ (અબૂ અબ્દુર્રહમાન) ઈબ્ને સખર (અબૂ સુફયાન) ઈબ્ને જરબ ઈબ્ને ઉમૈયા ઈબ્ને અબ્દે શમ્સ ઈબ્ને અબ્દે મુનાફ.

માની તરફથી ક્રમ આ પ્રમાણે છે : મુઆવિયહ ઈબ્ને હિંદ બિન્તે ઉત્બા ઈબ્ને રબીઆ ઈબ્ને અબ્દે શમ્સ ઈબ્ને અબ્દે મુનાફ.

અબ્દે મુનાફ નબી કરીમ ﷺના ચોથા દાદા છે, કેમ કે હુઝૂર મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ ઈબ્ને હાશિમ ઈબ્ને અબ્દે મુનાફ છે.

અમીર મુઆવિયહ رضی اللہ عنہ અબ્દે મુનાફમાં હુઝૂરથી મળી જાય છે, જેથી અમીર મુઆવિયહ رضی اللہ عنہ નસબી (વંશિક) લેહાઝથી હુઝૂર ﷺના નિકટના સગાઓમાંથી છે.

### ★ સસુરાલી સગાઈ ★

અમીર મુઆવિયહ رضی اللہ عنہ નબી કરીમ ﷺના હક઼ીક઼ી (સગા) સાળા છે કેમ કે ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે હબીબા બિન્તે અબૂ સુફયાન જે હુઝૂર ﷺના પત્ની સાહિબા છે તે અમીર મુઆવિયહના સગાં બહેન છે એટલા માટે અમીર મુઆવિયહ رضی اللہ عنہ હુઝૂર ﷺના સાસરી પક્ષના સગા પણ છે, જેથી તેમની હુઝૂરથી ડબલ સગાઈ થઈ. વંશિક રીતે અને સાસરી તરફથી. **મષ્નવી શરીફમાં અમીર મઆવિયહ رضی اللہ عنہને સર્વ મો'મિનોના મામા ફર્માવ્યા** એનો આ જ અર્થ છે.

## ★ અમીર મુઆવિયહ رضی اللہ عنہનો જન્મ ★

અમીર મુઆવિયહ رضی اللہ عنہના જન્મ વિશે સ્પષ્ટ રિવાયત જોવામાં નથી આવી પણ હિસાબથી જાણવા મળે છે કે આપની પેદાઈશ હુઝૂર ﷺના નબુવ્વતની જાહેરાતથી આઠ વરસ પહેલાં મક્કામાં થઈ. કેમ કે આપની વફાત હિ.સ. ૬૦માં થઈ અને એ વખતે આપની ઉમર ૭૮ વરસ હતી અને હુઝૂર ﷺની હિજરત એલાને નબુવ્વતના તેરમા વરસ પછી થઈ અને હિ.સ. ૧૦માં સરકાર ﷺની વફાત શરીફ છે. આ હિસાબથી અમીર મુઆવિયહ رضی اللہ عنہનો જન્મ એલાને નબુવ્વતથી આઠ વરસ પહેલાં હોવો જોઈએ.

## ★ અમીર મુઆવિયહ رضی اللہ عنہનો ઈસ્લામ ★

સહીહ એ છે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ ખાસ સુલહે હુદૈબિયાના દિવસે હિ.સ. ૭માં ઈસ્લામ લાવ્યા પણ મક્કાવાળાઓના ડરથી પોતાનો ઈસ્લામ છુપાવેલ રહ્યા પછી ફતહે મક્કાના દિવસે પોતાનો ઈસ્લામ જાહેર કર્યો. જે લોકોએ કહ્યું કે એ ફતહે મક્કાના દિવસે ઈમાન લાવ્યા એ ઈમાન જાહેર કરવાના લેહાઝથી છે. જેમ કે હઝરત અબ્બાસ رضی اللہ عنہ ગુપ્ત રીતે જંગે બદરના દિવસે  જ ઈમાન લાવી ચૂક્યા હતા, પણ સાવધાની રૂપે પોતાનું ઈમાન છુપાવેલ રહ્યા અને ફતહે મક્કામાં જાહેર કર્યું. તો લોકોએ એમની પણ ફતહે મક્કાના મોમિનોમાં ગણના કરી દીધી, જ્યારે કે આપ કદીમુલ ઈસ્લામ હતા. બલ્કે બદરમાં પણ મક્કાના કાફિરોની સાથે મજબૂરન આવ્યા હતા. એટલા માટે નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો હતો કે કોઈ મુસલમાન અબ્બાસ رضی اللہ عنہને કત્લ ન કરે કે તેમને મજબૂરન લાવવામાં આવ્યા છે.

અમીર મુઆવિયહ رضی اللہ عنہના હુદૈબિયામાં ઈમાન લાવવાની દલીલ તે હદીષ છે જે ઈમામ અહમદે ઈમામ બાકિર ઈબ્ને ઈમામ ઝયનુલ આબિદીન ઈબ્ને ઈમામ હુસૈન رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી રિવાયત કરી કે ઈમામ બાકિરથી અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે તેમને

અમીર મુઆવિયહ رضی اللہ عنہએ ફર્માવ્યું, મેં હુઝૂર صلی اللہ علیہ وسلمના એહરામથી ફારિગ થતી વખતે હુઝૂરના સર મુબારકના વાળ કાપ્યા મરવા પહાડની પાસે. તેમજ આ હદીષ પણ દલીલ છે જે બુખારી શરીફે તાઉસ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે હુઝૂરની હજામત કરનાર અમીર મુઆવિયહ છે, અને જાહેર એ છે કે આ હજામત કઝા ઉમરા વખતે થઈ હતી જે સુલહે હુદૈબિયાથી એક વરસ પછી હિ.સ. ૫માં થઈ. કેમ કે હજ્જતુલ વિદાઅમાં હુઝૂર صلی اللہ علیہ وسلمએ કિ઼રાન હજ કર્યો હતો અને કા઼રિન મરવા પર હજામત નથી કરાવતા, બલ્કે મિનામાં દસમી ઝિલ હજ્જે કરાવે છે. તેમજ હુઝૂર صلی اللہ علیہ وسلمએ હજ્જતુલ વિદાઅમાં વાળ કતરાવ્યા નથી બલ્કે માથુ મૂંડાવ્યું હતું, અબૂ તલ્હાએ હજામત કરી હતી. તો સાબિત થયું કે અમીર મુઆવિયહ رضی اللہ عنہનું હુઝૂર صلی اللہ علیہ وسلمના સર મુબારકના બાલ મુબારક કાતરવું કઝા ઉમરામાં મક્કાની ફતહ પહેલાં થયું. જાણવા મળ્યું કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ ફતહે મક્કા પહેલાં ઈમાન લાવી ચૂક્યા હતા. અને ઉઝર તથા મજબૂરી અને અજાણતાની હાલતમાં ઈમાન જાહેર ન કરવું જુર્મ નથી, કેમ કે હઝરત અબ્બાસ رضی اللہ عنہએ લગભગ છ વરસ પોતાનું ઈમાન મજબૂરીના કારણે જાહેર ન કર્યું. એ વખતે તેમને ખબર ન હતી કે ઈસ્લામનું એલાન જરૂરી છે. જેથી એ ઈમાનને ગુપ્ત રાખવામાં ન અમીર મુઆવિયહ رضی اللہ عنہ પર વાંધો થઈ શકે છે ન હઝરત અબ્બાસ પર رضوان اللہ تعالیٰ علیہم اجمعین. અમારી આ તેહકી઼કથી જાણવા મળ્યું કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ ન ફતહે મક્કાના મો'મિનોમાંથી ન મુઅલ્લિફુલ કુલૂબમાંથી છે.

## ★ એક શંકા અને તેનું નિવારણ ★

અમુક લોકો કહે છે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ પર વાંધો થઈ શકે છે ન હઝરત અબ્બાસ પર رضوان اللہ تعالیٰ علیہم اجمعین. અમારી આ તેહકી઼કથી જાણવા મળ્યું કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ ન ફતહે મક્કાના મો'મિનોમાંથી ન મુઅલ્લિફુલ કુલૂબમાંથી છે.

## ★ એક શંકા અને તેનું નિવારણ ★

અમુક લોકો કહે છે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ હુઝૂર ﷺની સાથે ગઝવએ હુનૈનમાં શરીક થયા. હુઝૂર ﷺએ ફતહ થવા પર અમીર મુઆવિયહ رضی اللہ عنہને સો ઊંટ અને ચાલીસ ઔકિ઼યા સોનુ અતા કર્યા. જો આપ મુઅલ્લિકુલ કુલૂબમાંથી છે તો આપ ફતહે મક્કાના મો'મિનોમાંથી થયા ન કે પહેલા ઈસ્લામવાળાઓમાંથી.

**જવાબ** : એ છે કે હુઝૂર ﷺનું અમીર મુઆવિયહ رضی اللہ عنہને આ અતા શાહી અતિયો હતો ન કે તાલીફુલ કુલૂબની બિના પર જેમ કે હુઝૂર ﷺએ બેહરૈનનો માલ આવવા પર હઝરત અબ્બાસ رضی اللہ عنہને એટલા રૂપિયા અતા ફર્માવ્યા કે હઝરત અબ્બાસ رضی اللہ عنہ ઉઠાવી પણ શકતા ન હતા. આ ખુશીપૂર્વકના અતિયાથી એ લાઝિમ નથી થતુ કે હઝરત અબ્બાસ رضی اللہ عنہ મુઅલ્લિકુલ કુલૂબમાં દાખલ હોય. સારાંશ કે નબવી અતિયા અલગ ચીજ છે અને તાલીફે ક઼લ્બ કાંઈ અલગ ચીજ છે. અમીર મુઆવિયહ رضی اللہ عنہને આ અતિયો પ્રથમ પ્રકારમાંથી છે. હા ! એ શક્ય છે કે અમીર મુઆવ્યિહને અતિયાની અધિકતા હઝરત અબૂ સુફયાનના તાલીફે ક઼લ્બનો સબબ બની ગયો હોય જેમ કે હુઝૂર ﷺએ ફતહે મક્કાના દિવસે એલાન કરી આપ્યું હતું કે અબૂ સુફયાનના ઘરને દારુલ અમ્ન બનાવી આપ્યું. અબૂ સુફયાનના ઘરમાં પનાહ લે તેને અમાન છે, જાણે અબૂ સુફયાનનુ ઘર દારુલ અમાન બની ગયું, કેમ ? હઝરત અબૂ સુફયાનના તાલીફે ક઼લ્બના માટે. *(અઝ : તત્હીરુલ જિનાન)*

## ★ અમીર મુઆવિયહ رضی اللہ عنہ હાકિમ કેવી રીતે બન્યા ★

આપનો દમિશ્ક (દમાસ્કસ)ના હાકિમ બનવાનો પ્રસંગ બન્યો કે અબૂ બક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ મુલ્કે શામ પર ચઢાઈ કરી તો શામના હાકિમ અમીર મુઆવિયહના ભાઈ યઝીદ ઈબ્ને અબૂ સુફયાનને નિયુક્ત કર્યા. સંજોગોવસાત અમીર મુઆવિયહ رضی اللہ عنہ પોતાના ભાઈની સાથે શામ ગયા. જ્યારે ઝયદ ઈબ્ને અબૂ સુફયાનની વફાતનો સમય નજીક આવ્યો

તો તેમણે અમીર મુઆવિયહ رضی اللہ عنہ ને પોતાની જગાએ હાકિમ નિયુક્ત કરી આપ્યા. આ નિયુક્તિ ફારૂકી યુગમાં થઈ. ઉમર ફારૂક رضی اللہ عنہએ એ નિયુક્તિને જાઈઝ રાખી. જેમ કે અમીર મુઆવિયહ ફારૂકી ખિલાફતમાં તથા પૂરા ઉષ્માનીકાળમાં આ ગવર્નરીના હોદ્દા પર વીસ વરસ બિરાજમાન રહ્યા. પછી અલી મુર્તઝા رضی اللہ عنہથી ઉષ્માન ગની رضی اللہ عنہના ખૂનના બદલાની માગણી કરી અને અર્ઝ કરી કે સૌ પ્રથમ એમના ખૂનનો બદલો લેવામાં આવે. છેવટે નોબત ત્યાં સુધી પહોંચી કે અમીર મુઆવિયહએ અલી મુર્તઝાથી બગાવત કરી આપી અને શામના મુસ્તકિલ અમીર બની ગયા. પછી ઈમામ હસન رضی اللہ عنہએ છ મહીના ખિલાફત કરીને અમીર મુઆવિયહ رضی اللہ عنہના હક્કમાં ખિલાફત છોડી આપી અને અમીર મુઆવિયહ સર્વ ઈસ્લામી મુલ્કોના અમીર બની ગયા. સારાંશ કે આપ ફારૂકી યુગ તથા ઉષ્માનની યુગમાં વીસ વરસો સુધી હાકિમ રહ્યા અને બાદમાં વીસ વરસો સુધી અમીર રહ્યા, આમ કુલ ચાલીસ વરસો સુધી હુકૂમત કરી. એનુ કેટલુક વર્ણન બીજા વિભાગમાં આવશે.

## ★ અમીર મુઆવિયહ رضی اللہ عنہની વફાત ★

અમીર મુઆવિયહ رضی اللہ عنہની વફાત ૪–૨જબ હિ.સ. ૬૦માં દમિશ્ક સ્થળે લકવાની બીમારીથી થઈ. સહીહ એ છે કે એ વખતે આપની ઉમર ૭૮ વરસની હતી. અમુક ઈતિહાસકારોએ એંસી, અમુકે ૮૮, અમુકે ૮૬ વરસ પણ લખી છે પણ પ્રથમ કથન અધિક મજબૂત છે. અકમાલ ફી અસ્માઉર્રિજાલ મુસન્નિફ઼ા સાહિબે મિશ્કાતમાં જે આપની ઉમર ૪૮ વરસ લખી છે તે કાતિલ (લહિયા)ની ગલતી છે કે કાતિબે ثمان وسبعون ને બદલે ثمان واربعون લખી નાખ્યું છે, અથવા એનાથી હુકૂમતની મદદ મુરાદ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

અમીર મુઆવિયહ رضی اللہ عنہ વફાતની બીમારીમાં વારંવાર કહેતા હતા કે કાશ ! હું કુરૈશનો સામાન્ય માનવી હોત જે ઝીતુવી ગામમાં રહેતો અને આ ઝઘડાઓમાં ન પડતો જેમાં પડી ગયો. અને વફાતના સમયે વસિયત

કરી કે મારી પાસે નબી કરીમ ﷺના કેટલાક નાખૂન શરીફ છે તે ગુસલ બાદ કફનની અંદર મારી આંખોમાં રાખી દેવામાં આવે અને અમુક બાલ મુબારક અને હુઝૂર ﷺનું તેહબંદ, હુઝૂર ﷺની ચાદર અને કમીસ શરીફ છે. મને હુઝૂર ﷺની કમીસ શરીફમાં કફન આપજો, હુઝૂરની ચાદર લપેટજો, હુઝૂર ﷺનું તેહબંદ મને બાંધી દેજો અને મારા નાક કાન વગેરે પર હુઝૂર ﷺના બાલ શરીફ રાખી દેજો. પછી અર્હમુર્રાહિમીનને સુપરત કરી દેજો.

## ★ અમીર મુઆવિયહ رضی اللہ عنہની લિયાક઼ત તથા કાબેલિયત ★

અમીર મુઆવિયહ رضی اللہ عنہ અત્યંત દીનદાર, સખી, રાજનીતિજ્ઞ કાબેલ હુકમરાન તથા અગ્રગણ્ય સહાબી હતા. આપે ફારૂક઼ી યુગમાં તથા ઉષ્માની યુગમાં અત્યંત કાબેલિયતની સાથે હુકમરાની કરી. આપની હુકૂમતમાં ખૂબ જ આસાનીપૂર્વક ખિરાજ વસૂલ થઈ જતો હતો જે મદીના મુનવ્વરા પહોંચાડી દેવામાં આવતો હતો. ઉમર ફારૂક઼ તથા ઉષ્માન ગની رضی اللہ عنہما આપનાથી ખૂબ જ ખુશ રહ્યા. ઉમર ફારૂક رضی اللہ عنہ ખૂબ સાવધાનીવાળા અને હાકિમો પર સખત પકડ રાખનારા હતા. થોડી સરખી ગલતી પર હાકિમોને બરતરફ કરી દેતા હતા. મામૂલી પકડ પર હઝરત ખાલિદ બિન વલીદ જેવા જરનેલને બરતરફ કરી આપ્યા, પણ તેમ છતાં અમીર મુઆવિયહને યથાવત રાખ્યા. જેનાથી જાણવા મળ્યું કે આપનાથી આટલી લાંબી મુદ્દતની હુકૂમતમાં કોઈ લગ્ઝિશ ઉપસ્થિત ન થઈ.

## ★ અમીર મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલ ★

અમીર મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલ બે પ્રકારના છે : એક સામાન્ય તથા બીજા ખાસ પ્રકારના. સામાન્ય ફઝાઈલ એ છે કે તે જલીલુશ્શાન અઝીમુશ્શાન મર્તબાવાળા સહાબીયે રસૂલ છે. જેથી સહાબાએ કિરામના જેટલા પ્રમાણમાં ફઝાઈલ તથા દરજા અલ્લાહ તઆલાએ કુર્આને કરીમમાં વર્ણવ્યા તે સૌમાં અમીર મુઆવિયહ رضی اللہ عنہ

સામેલ છે. રબે ફર્માવ્યું કે, **"અલ્લાહ તઆલા કુલ (સર્વ) સહાબાથી જન્નતનો વાયદો કરી ચૂક્યો છે. તેઓ અલ્લાહથી રાજી થઈ ચૂક્યા, તેઓ ઘણા કામયાબ છે, તેમનાથી જલનારા, દુશ્મની રાખનારા કાફિરો છે....**વગેરે વગેરે ફઝીલત જે મુકદ્દસ આયતોમાં આવી ચૂકી એ સૌમાં અમીર મુઆવિયહ رضی اللہ عنہ યકીનન ! સામેલ છે.

તેમજ અમીર મુઆવિયહ رضی اللہ عنہ નબી કરીમ ﷺના નસબી (વંશની રીતે) સગા તથા સાસરી પક્ષથી સગા છે જેથી જે આયતો હુઝૂર ﷺના સગા સંબંધીઓના વિશે નાઝિલ થઈ એ સૌમાં અમીર મુઆવિયહ رضی اللہ عنہ સામેલ છે. અને હુઝૂર ﷺએ જેટલા પ્રમાણમાં મર્તબા તથા દરજા સહાબાએ કિરામ અથવા પોતાના સગાં સંબંધીઓના બારામાં બયાન ફર્માવ્યા એ સૌમાં પણ અમીર મુઆવિયહ رضی اللہ عنہ સામેલ છે. ફર્માવ્યું : મારા સર્વ સહાબીઓ તારાઓ છે, તમે જેની પયરવી કરશો હિદાયત પામશો. મારા સહાબાનું સવા શેર જવ ખૈરાત કરવું તમારા પહાડ જેટલુ સોનુ ખૈરાત કરવા કરતાં અફઝલ છે. મારા સહાબાથી જેણે અદાવત (કીનો) રાખ્યો તેણે મારાથી અદાવત રાખી, અને જેણે તેમનાથી મહોબ્બત કરી તેણે મારાથી મહોબ્બત કરી વગેરે...વગેરે... આ હદીષો પણ પ્રસ્તાવનામાં વર્ણન થઈ ચૂકી એ સૌમાં અમીર મુઆવિયહ رضی اللہ عنہ સામેલ છે. જો અમીર મુઆવિયહના અન્ય અન્ય કોઈ ખુસૂસી ફઝાઈલ હદીષ તથા કુર્આનમાં આવ્યા ન હોય તો પણ અઝમતવાળા તથા વાજિબુલ એહતેરામ છે. એમના પર આપણું ઈમાન છે કે ખુદ નબુવ્વત અઝીમુશ્શાન દરજો છે, એ જ પ્રમાણે સહાબા સંબંધે પણ અકીદો રાખવો જોઈએ.

## ★ જરૂરી નોંધ ★

પયગંબરથી સગાઈ સંબંધ મો'મિન માટે દરજાઓનો સબબ છે, જો કે અબૂ લહબ, અબૂ જહલ વગેરે એનાથી અલગ છે કેમ કે ભલે તેઓ હુઝૂર ﷺના નસબ (વંશ)થી સંબંધ ધરાવે છે પણ કાફિર છે, જેમ કે કિન્આન નૂહ علیہ السلام નો પુત્ર હોવા છતાં હલાક થઈ ગયો. અમીર

મુઆવિયહ رضی اللہ عنہ આદિલ મો'મિન, ષિકૃહ સહાબી છે. જેથી તેમના માટે હુઝૂર ﷺની સગાઈ મહાન દરજાઓનો સબબ છે.

## ★ અમીર મુઆવિયહ رضی اللہ عنہના ખાસ ફઝાઈલ ★

સહાબિયત અને રસૂલુલ્લાહ ﷺથી સગાઈ સંબંધ ઉપરાંત અમીર મુઆવિયહ رضی اللہ عنہમાં અગણિત વિશિષ્ટ ખૂબીઓ છે જેમાંથી અમુક વર્ણવવામાં આવે છે :

**(૧)** અમીર મુઆવિયહ رضی اللہ عنہ નબી કરીમ ﷺના કાતિબે વહી પણ અને કાતિબે ખુતૂત (પત્રો લખનાર) પણ હતા. એટલે જે પત્રો તથા પયગામ રાજાઓ વગેરે હુઝૂર ﷺ મોકલતા હતા તે અમીર મુઆવિયહ رضی اللہ عنہથી લખાવતા હતા. જેમ કે મુસ્લિમ શરીફ વગેરેમાં છે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ હુઝૂર ﷺની સમક્ષ લખ્યા કરતા હતા. અબૂ નુઐમે ફર્માવ્યું કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ હુઝૂર ﷺના કાતિબોમાંથી હતા. અત્યંત સુંદર અક્ષરવાળા, ફસીહ, બલીગ, હિલમ, વકારવાળા. ઈમામ મદાઈનીએ ફર્માવ્યું કે ઝયદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہ વહી લખતા હતા અને અમીર મુઆવિયહ رضی اللہ عنہ હુઝૂર ﷺના અન્ય પત્રો જે અરબવાસીઓએ તથા રાજાઓને લખવામાં આવતા હતા તેને લખતા હતા. (એટલે મોટાભાગે) અમીર મુઆવિયહ رضی اللہ عنہ રસૂલુલ્લાહ ﷺના અમીન હતા. હરમૈનના ઈમામ મુફતી અહમદ ઈબ્ને મુહમ્મદ મલબરીએ ખુલાસતુસ્સિરમાં ફર્માવ્યું કે હુઝૂર ﷺના કુલ કાતિબ ૧૩ હતા : ખુલફાએ રાશિદીન, આમિર બિન ફુહૈરા, અબ્દુલ્લાહ ઈબ્ને અરકમ, અબની ઈબ્ને કઅબ, ષાબિત ઈબ્ને કૈસ ઈબ્ને શમાસ, ખાદિલ ઈબ્ને સઈદ ઈબ્ને આસ, ઈબ્ને રબીઅ અસ્સલમી, ઝયદ ઈબ્ને ષાબિત, મુઆવિયહ ઈબ્ને અબૂ સુફયાન, શરજીલ ઈબ્ને હસના. પરંતુ એ સૌમાં મુઆવિયહ તથા ઝયદ અધિકતર આ કામ કરતા હતા. ઈમામ અહમદ ઈબ્ને મુહમ્મદ કુસ્તલાનીએ શરહે બુખારીમાં ફર્માવ્યું કે મુઆવિયહ ઈબ્ને અબૂ સુફયાન હુઝૂર ﷺના કાતિબે વહી રહ્યા.

**(૨)** અમીર મુઆવિયહ رضی اللہ عنہ મુજતહિદીન સહાબામાંથી છે અને આલિમ ખાસ કરીને મુજતહિદ સહાબી ઘણા જ અશરફ તથા આ'લા માનવામાં આવે છે. જેમ કે ઈમામ બુખારીએ ઈબ્ને અબી મુલૈકાથી રિવાયત કરી કે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી કહેવામાં આવ્યું કે અમીર મુઆવિયહ رضی اللہ عنہને શું થઈ ગયું કે તે એક રકાત જ વિત્ર પઢે છે ? આપે ફર્માવ્યું, તે ઠીક કરે છે કેમ કે તે ફક઼ીહ છે, એટલે મુજતહિદ છે. એ જ બુખારીમાં બીજી રિવાયતમાં છે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہએ એક રકાત વિત્ર પઢી ત્યારે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના એક ગુલામ હાજર હતા તેમણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماને શિકાયત કરી તો આપે ફર્માવ્યું કે મુઆવિયહ رضی اللہ عنہને કાંઈ ન કહો ! તે મહાન મર્તબાવાળા સહાબીયે રસૂલ છે.

યાદ રાખશો કે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ઈલ્મોના દરિયા, હિબ્રે ઉમ્મત તર્જુમાને કુર્આન, હઝરત અલી رضی اللہ عنہના ખાસ સાથીઓમાંથી છે. તેમને જ અલી رضی اللہ عنہએ ખારજીઓ સાથે મુનાઝરા માટે મોકલ્યા હતા. જ્યારે આવા જલીલુલ કદર સહાબીયે રસૂલ અમીર મુઆવિયહ رضی اللہ عنہને મુજતહિદ તથા ફકીહ કહી રહ્યા છે તો હવે ઈન્કારની શું ગુંજાઈશ હોય શકે છે ?!

**નોંધ** : આ હદીષો ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہની મજબૂત દલીલો છે કે વિત્ર એક રકાત નથી ત્રણ રકાત છે કેમ કે એ હદીષોથી જાણવા મળ્યું કે આમ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ વિત્ર રકાત પઢતા હતા, નહીં તો અમીર મુઆવિયહ رضی اللہ عنہના એક રકાત પઢવા પર આશ્ચર્ય ન થાત. આ આશ્ચર્ય આપણી દલીલ છે.

**(૩)** અમીર મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલમાં ઘણી મુબારક હદીષો આવેલી છે. ઈમામ અહમદ ઈબ્ને હંબલે પોતાના મુસ્નદ શરીફમાં અરબાઝ ઈબ્ને સારિયાથી રિવાયત કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, ખુદાયા ! મુઆવિયહને કિતાબ (કુર્આન) અને હિસાબનો ઈલ્મ અતા ફર્માવ અને તેમને અઝાબથી બચાવ.

તિર્મિઝી શરીફમાં અબ્દુર્રહમાન ઈબ્ને અબી ઉમૈર મદનીએ રિવાયત કરી કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે હે અલ્લાહ ! મુઆવિયહને હિદાયત પામેલ અને હિદાયત આપનાર (હાદી મહદી) બનાવ અને મુઆવિયહના થકી લોકોને હિદાયત આપ. તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે.

હાફિઝ હારિષ ઈબ્ને ઓસામા رضی اللہ عنہએ એક ખૂબ જ લાંબી હદીષ રિવાયત કરી જેમાં ખુલફાએ રાશિદીન તથા અન્ય સહાબીઓના ફઝાઈલ છે, એમાં આ પણ છે : ومعاوية ابن ابي سفيان اعلم امتي و اجودها "મુઆવિયહ મારી ઉમ્મતના ઘણા ઈલ્મ, હિલમ તથા સખાવતવાળા છે." (તત્હીરુલ જિનાન) મુહિબ્બ તિબરીએ પોતાની સિયરમાં એક ખૂબ જ લાંબી હદીષ નકલ કરી જેમાં ખુલફાએ રાશિદીન તથા અશ્રએ મુબશ્શિરાના ફઝાઈલ રિવાયત પામેલા છે, તેના આખરમાં આ પણ છે :

وصاحب سری معاوية ابن ابي سفيان فمن اصبهم فقد فجا ومن بغضهم فقده هلک

અને મારા રાઝોના જાણનારમાંથી મુઆવિયહ ઈબ્ને અબી સુફયાન છે. જેણે આ સર્વથી મહોબ્બત કરી તે નજાત પામી ગયો અને જેણે તેમનાથી અદાવત રાખી તે હલાક થઈ ગયો. *(તત્હીરુલ જિનાન)*

હાફિઝ ઈમામ હયતમીએ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે એકવાર હુઝૂર ﷺ પોતાની ઝવજએ મુતહ્હરા (પાક બીવી) ઉમ્મે હબીબા رضی اللہ عنہاની પાસે તશરીફ લઈ ગયા તો જોયું કે આપ મુઆવિયહનું માથુ પોતાની ગોદમાં લઈને બેઠાં છે અને તેમને વારંવાર ચુમી રહ્યાં છે. તો સરકાર ﷺએ ફર્માવ્યું કે હે ઉમ્મે હબીબા ! શું તમે મુઆવિયહથી મહોબ્બત કરો છો ? તેમણે અર્ઝ કરી કે કેમ ન મહોબ્બત કરું કે આ મારો ભાઈ છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ વ રસૂલ પણ મુઆવિયહથી મહોબ્બત કરે છે. *(તત્હીરુલ જિનાન)*

અબૂ બક્ર ઈબ્ને અબી શયબાએ અમીર મુઆવિયહથી રિવાયત કરી કે ફર્માવ્યું, મને એકવાર હુઝૂર ﷺએ ફર્માવ્યું કે હે મુઆવિયહ ! જો તમે બાદશાહ બનો તો ભલાઈ કરજો. ત્યારથી મને યક઼ીન થઈ ગયુ

હતું કે મને સલ્તનત મળશે. (કેમ કે હુઝૂર ﷺની ઝબાન કુનની કુંજી છે.)

અબૂ યઅલાએ અમીર મુઆવિયહ رضی اللہ عنہથી રિવાયત કરી કે મને નબી કરીમ ﷺએ ફર્માવ્યું, હે મુઆવિયહ ! જો તમે હાકિમ બનો તો અલ્લાહથી ડરજો અને અદ્‌લ તથા ઈન્સાફ કરજો. એના જેમ સાધારણ ફરક સાથે આ જ રિવાયત મુસ્નદે ઈમામ અહમદની પણ છે.

તિબ્રાનીએ અવસતમાં અમીર મુઆવિયહ رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ મને ફર્માવ્યું, "હે મુઆવિયહ ! જો તમે હાકિમ બનો તો મુજરિમોને શક્ય ત્યાં સુધી માફી આપજો, નેકી કરનારાઓથી નેકી કબૂલ કરજો." સારાંશ કે આ રિવાયત વિવિધ તરીકાઓથી સર્વ કિતાબોમાં છે. જો કોઈ રિવાયત એમનામાંથી ઝઈફ પણ હોય તો વાંધો નથી. કેમ કે ફઝાઈલમાં હદીષ શરીફ ઝઈફ પણ સ્વીકાર્ય છે.

**(૪)** તમામ ઉલમા, મુહદ્દિષો તથા સહાબાએ અમીર મુઆવિયહ رضی اللہ عنہની પ્રશંસા તથા ખૂબી વર્ણવી. જેમ કે ઈમામ કુસ્તલાની શરહે બુખારીમાં ફર્માવ્યું, મુઆવિયહ ઘણા પ્રશંસા તથા ખૂબીઓવાળા છે. શરહે મુસ્લિમ છે કે, અમીર મુઆવિયહ رضی اللہ عنہખૂબ જ ન્યાયી ફાઝિલો તથા બેહતરીન સહાબામાંથી છે. ઈમામ યાફઈએ ફર્માવ્યું કે મુઆવિયહ رضی اللہ عنہ હલીમ, કરીમ, આક઼િલ, કામિલ ખૂબ જ સારી રાયવાળા હતા, જાણે તેમને કુદરતે મુલ્ક પર સલ્તનત ચલાવવા પેદા કર્યા હતા. સર્વ મુહદ્દિષો તેમના નામ સાથે "રદિયલ્લાહુ અન્હૂ" લખતા રહ્યા. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ તેમને મુજતહિદ તથા ફક઼ીહ સહાબી કહ્યા. જેમ કે બુખારીની રિવાયતથી વર્ણન પામ્યુ. નિહાયા જઝરિયામાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે આપ ફર્માવતા હતા કે, મેં મુઆવિયહ જેવો સમજદાર અને સખી નથી જોયો. ક઼ાઝી અયાઝે રિવાયત કરી કે કોઈએ મઆના ઈબ્ને ઈમરાનને કહ્યું કે, શું ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ, મુઆવિયહ رضی اللہ عنہથી બેહતર છે ? તો આપ ગુસ્સે થઈ ગયા અને ફર્માવવા લાગ્યા કે હુઝૂર ﷺના સહાબી પર કોઈને ક઼યાસ

કરવામાં ન આવે, મુઆવિયહ رضی اللہ عنہ હુઝૂર ﷺના સહાબી, હુઝૂર ﷺના સળા, કાતિબે વહી અને હુઝૂર ﷺના અમીન છે.

કોઈએ અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رضی اللہ عنہને પૂછયું કે હે અબૂ અબ્દુર્રહમાન ! મુઆવિયહ અને ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝમાંથી કોણ અફઝલ છે ? તો આપે ફર્માવ્યું કે **મુઆવિયહ رضی اللہ عنہના ઘોડાની નાકની ધૂળ જે હુઝૂરની સાથે જેહાદના મોકા પર જામી હતી તે ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝથી હજારો ગણી બેહતર છે !** કેમ ન હોય કે મુઆવિયહ رضی اللہ عنہએ હુઝૂર ﷺની પાછળ નમાઝો પઢી છે. યાદ રાખશો કે અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક તે બુઝુર્ગ છે જેમના ઈલ્મ ઝુહદ, તકવા, અમાનત પર સર્વ ઉમ્મતે રસૂલ એકમત છે, અને તેમની સાથે ખિઝર علیہ السلام મુલાકાત કરતા હતા.

હઝરત ઉમર رضی اللہ عنہએ અમીર મુઆવિયહ رضی اللہ عنہની ઘણા પ્રસંગોએ પ્રશંસા કરી. તેમને દમિશ્કના હાકિમ નિયુક્ત કર્યા અને કદી બરતરફ ન કર્યા. જો આપ થોડી પણ ભૂલ જોતા તો તરત જ બરતરફ કરી દેતા. જેમ કે મામૂલી ફરિયાદ પર સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ અથવા ખાલિદ ઈબ્ને વલીદ જેવી બુઝુર્ગ હસ્તીઓને બરતરફ કરી આપ્યા. એ જ પ્રમાણે ઉષ્માન ગની رضی اللہ عنہએ પોતાના સંપૂર્ણ ખિલાફતના સમયમાં અમીર મુઆવિયહ رضی اللہ عنہને હુકૂમતના હોદ્દા પર યથાવત રાખ્યા આ તે બુઝુર્ગ સહાબા તરફથી અમીર મુઆવિયહ رضی اللہ عنہની અત્યંત અઝમત તથા અમાનતનો ઈક઼રાર તથા એલાન છે.

હઝરત અલી رضی اللہ عنہએ ઘણા બધા મોકા પર અમીર મુઆવિયહ رضی اللہ عنہની તારીફ કરી. જેમ કે તિબ્રાનીએ સહીહ સનદ સાથે રિવાયત કરી. કોઈએ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને જંગે સિફફીનના જમાનામાં અમીર મુઆવિયહ رضی اللہ عنہની વિશે પૂછયું, તો ફર્માવ્યું : قتلانا وقتلا معاوية فی الجنة "અમારા તથા મુઆવિયહના કતલ થનારા સૌ જન્નતી છે." તેમજ સૈયદના અલી رضی اللہ عنہએ મુઆવિયહ رضی اللہ عنہ વિશે

ફર્માવ્યું : اخوانتابغوعلینا "એ લોકો અમારા ભાઈ છે. અને બગાવત કરી બેઠા. رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ

ઈમામ બુખારીએ પોતાની તારીખમાં અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે આપે ફર્માવ્યું કે, "મેં મુઆવિયહથી બેહતર કોઈ હુકૂમતને લાયક ન જોયો." હઝરત ઉમર رضی اللہ عنہ જયારે શામમાં દાખલ થયા અને અમીર મુઆવિયહ رضی اللہ عنہની શાનો શૌકત અને ઘણુ મોટુ લશ્કર જોયું તો ફર્માવ્યું કે મુઆવિયહ رضی اللہ عنہ અરબના કિસ્રા (બાદશાહ) છે. *(તત્હીરુલ જિનાન)*

ઈમામ અઅમશ જે મહાન તાબઈનમાંથી છે, ફર્માવે છે કે જો તમે અમીર મુઆવિયહ رضی اللہ عنہને જોતા તો કહેતા કે તે ઈમામ મેહદી છે."

*(તત્હીરુલ જિનાન)*

ઈમામ હસન رضی اللہ عنہએ સાત મહીના ખિલાફત કરીને અમીર મુઆવિયહ رضی اللہ عنہના હક્કમાં ખિલાફત છોડી આપી અને તેમનું વાર્ષિક નઝરાણુ કબૂલ કરી લીધું. જો અમીર મુઆવિયહ رضی اللہ عنہમાં સહેજ પણ મામૂલી ફિસ્ક હોત તો ઈમામ હસન رضی اللہ عنہ માથુ આપી દેતા પણ તેમના હાથમાં હાથ ન આપત. નબી કરીમ صلی اللہ علیہ وسلمએ પણ ઈમામ હસન رضی اللہ عنہના આ મુબારક કાર્યની પ્રશંસા કરી હતી કે, "મારો આ પુત્ર સૈયદ છે. અલ્લાહ તઆલા તેને ઝરીયાથી મુસલમાનોની બે મોટી જમાઅતોમાં સુલહ ફર્માવશે."

ઈમામ હુસૈન رضی اللہ عنہએ સુલહના સમયે આકિલ, બાલિગ, સમજદાર હતા પણ એ સરકાર رضی اللہ عنہએ પણ એ સુલહ પર વાંધો નથી ઉઠાવ્યો કે એમાં પોતે પણ સામેલ થઈ ગયા. જો અમીર મુઆવિયહ رضی اللہ عنہ ઈમામ હુસૈન رضی اللہ عنہની નિગાહમાં કાંઈ પણ અયબ ધરાવનાર હોત તો યઝીદ મરદૂદની જેમ આપ એ વખતે અમીર મુઆવિયહ رضی اللہ عنہના મુકાબલામાં આવી જાત. જાણવા મળ્યું કે ઈમામ હુસૈન رضی اللہ عنہની નજરમાં યઝીદ ફાસિક, ફાજિર, જાલિમ વગેરે હતો, અમીર

મુઆવિયહ رضی اللہ عنہ આદિલ, ષિક઼હ, મુત્તક઼ી, બયઅત, અમારત હતા. હવે કોઈને શું હક઼્ક઼ છે કે એમના પર ઝબાનને મહેણા મારવા લાંબી કરે.

**(૫)** અમીર મુઆવિયહ رضی اللہ عنہને એ શરફ (મહાનતા) હાંસલ છે કે આપે મહાન જલીલુલ ક઼દર સહાબીઓથી હદીષો રિવાયત કરી જે સર્વ મુહદ્દિષોએ સ્વીકારી અને પોતાની કિતાબમાં લખી અને મહાન મહાન સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَએ અમીર મુઆવિયહ رضی اللہ عنہથી રિવાયતો લીધી અને હદીષો નકલ કરી. યાદ રાખશો કે ફાસિક઼ની રિવાયત ઝઈફ હોય છે એટલે સ્વીકાર પાત્ર નથી હોતી.

અમીર મુઆવિયહ رضی اللہ عنہએ અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ, ઉમર ફારૂક઼ رضی اللہ عنہ, ઉમ્મે હબીબા رضی اللہ عنہ વગેરેથી હદીષો નક઼લ કરી અને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ, અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર رضی اللہ عنہ, જરીર ઈબ્ને અબ્દુલ્લાહ બજલી رضی اللہ عنہ, મુઆવિયહ ઈબ્ને ખદીજ رضی اللہ عنہ, સાઈબ ઈબ્ને યઝીદ رضی اللہ عنہ, નોઅમાન ઈબ્ને બશીર رضی اللہ عنہ, અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ, અબુલ ઉમ્મહ ઈબ્ને સહલ رضی اللہ عنہ જેવા બુઝુર્ગ ફક઼ીહો તથા મુજતહિદ સહાબાએ અમીર મુઆવિયહ رضی اللہ عنہથી હદીષો રિવાયત કરી. એ જ પ્રમાણે અમીર મુઆવિયહ رضی اللہ عنہથી જુબેર અબૂ ઈદરીસ ખૌલાની, સઈદ ઈબ્ને મુસૈયિબ, ખાલિદ ઈબ્ને મઅદાન, અબૂ સાલેહ સમાન, હુમામ ઈબ્ને ઉત્બા, અબ્દુલ્લાહ ઈબ્ને હારિષ, કૈસ ઈબ્ને અબી હાઝિમ જેવા જલીલુલ ક઼દર તાબઈન ઉલમા તથા ફક઼ીહોએ હદીષની રિવાયતો લીધી અને કબૂલ કરી, જો અમીર મુઆવિયહ رضی اللہ عنہમાં ફિસ્ક઼ તથા જુલ્મ વગેરેનો સાયો પણ હોત તો આ હઝરાત એમનાથી હદીષ રિવાયત ન કરતા.

**(૬)** અમીર મુઆવિયહ رضی اللہ عنہની ૧૬૩ હદીષો છે જેમનામાં ચાર તે છે જેમને મુસ્લિમ તથા મુસ્લિમ તથા બુખારી બંનેએ રિવાયત કરી અને ચાર કેવળ બુખારીએ, અને પાંચ કેવળ મુસ્લિમે, બાકીની અહમદ, અબૂ દાઊદ, નિસાઈ, બયહક઼ી, તિબ્રાની, તિર્મિઝી, માલિક વગેરે મુહદ્દિષોએ રિવાયત કરી. જો અમને આ કિતાબના લંબાય જવાનો અંદેશો

ન હોત તો અમે તે સર્વ રિવાયતો અહીં નકલ કરી આપતા. શોખ ધરાવનારાઓ હદીષોની કિતાબોનો અભ્યાસ કરે. યાદ રાખવું જોઈએ કે ઈમામ બુખારી તથા મુસ્લિમ તે બુઝુર્ગ હસ્તીઓ છે જેઓ જરા સરખી ફિસ્કની શંકા પર રિવાયત લેતા નથી. એ બુઝુર્ગોનું અમીર મુઆવિયહ رضی اللہ عنہની રિવાયત કબૂલ કરવું એ એલાનપૂર્વક દર્શાવી રહ્યું છે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ તેમની નિગાહમાં મુત્તકી, આદિલ, ષિકહ, રિવાયતને પાત્ર છે. મૌલાના જલાલુદ્દીન રૂમીએ અમીર મુઆવિયહ رضی اللہ عنہને તમામ મોમિનોના મામા કહ્યા, એમના મહાન કારનામાં મસ્નવીમાં વર્ણવ્યાં.

૭. અમીર મુઆવિયહ رضی اللہ عنہ ઈસ્લામના પ્રથમ શાનદાન સુલ્તાન છે, જેમ કે અબૂબક્ર رضی اللہ عنہ ઈસ્લામના પ્રથમ ખલીફા છે. એટલા માટે કે નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો હતો કે મારા બાદ ખિલાફતે રાશિદા (એટલે ખિલાફતે અલી મિન્હાજુન્નબુવ્વત) ત્રીસ વરસ સુધી રહેશે, પછી સલ્તનત થશે. અમીર મુઆવિયહ رضی اللہ عنہ અલી મુર્તઝા رضی اللہ عنہની શહાદતના સમયે આ મુદ્દતમાં લગભગ સાત મહીના બાકી હતા. જેથી એ જ બાકીની મુદ્દત ઈમામ હસન رضی اللہ عنہએ પૂરી કરીને ખિલાફત છોડી આપી, કેમ કે ખિલાફતની મુદ્દત પૂરી થઈ ચૂકી હતી. એ સમયથી અમીર મુઆવિયહ رضی اللہ عنہ ઈસ્લામી સુલ્તાન નિયુક્ત થયા.

એની ખબર મુખ્બિરે સાદિક ﷺએ નિર્દેશ કરી હતી. જેમ કે બુખારી શરીફમાં કિતાબુર્રુઅ્યા, કિતાબુલ જેહાદમાં ઘણી જગાએ હઝરત અનસ વગેરેથી રિવાયત છે કે નબી કરીમ ﷺ એકવાર ઉમ્મે હરામ બિન્તે મલ્હાનના ઘરે આરામ કરી રહ્યા હતા જે ઓબાદા ઈબ્ને સામતના પત્ની છે કે અચાનક ખુશ ખુશ મુસ્કુરાતા મુસ્કુરાતા જાગૃત થયા. ઈમામ મલ્હાને અર્ઝ કરી કે યા રસૂલુલ્લાહ ! ﷺ આ ખુશીનો શું સબબ છે ? ફર્માવ્યું કે હમણાં ખ્વાબમાં મારા સમક્ષ મારી ઉમ્મતના ગાઝી રજૂ કરવામાં આવ્યા જે એ સમુદ્રથી એવી શાનો શૌકત સાથે પસાર થઈ રહ્યા છે જેવી રીતે તખ્ત પર સુલ્તાનો જેહાદ કરવા જઈ રહ્યા છે. ઉમ્મે મલ્હાને અર્ઝ

કરી કે, હુઝૂર ! દુઆ ફર્માવે કે અલ્લાહ મને પણ તેમની સાથે એ જેહાદમાં શિર્કતની તૌફીક્ આપે. ફર્માવ્યું, તમો તેમાં હશો. આવું ફર્માવીને પછી સૂઈ ગયા. ફરી એ જ પ્રમાણે ખુશ ખુશ જાગૃત થયા અને ફરી એ જ પ્રમાણે ખ્વાબ વર્ણવ્યો. ઉમ્મે મલ્હાને ફરી અર્ઝ કરી કે ફર્માવો કે, હું એ જેહાદમાં પણ એ ગાઝીઓની સાથે છું ? તો ફર્માવ્યું કે, નહીં ! તમે પહેલાની સાથે છો. હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે એ જેહાદ અમીર મુઆવિયહ رضی اللہ عنہની હુકૂમતના જમાનામાં થયો. ઉમ્મે મલ્હાન અમીર મુઆવિયહ رضی اللہ عنہની સાથે સમુદ્રથી ગુજર્યાં અને પાર નીકળીને પોતાના ઊંટથી પડીને શહીદ થઈ ગયાં. હદીષે પાકના આખરી શબ્દો આ છે :–

فَرَكِبَتِ الْبَحْرَ فِي زَمَانِ مُعَاوِيَةَ ابْنِ أَبِي سُفْيَانَ فَصَرِعَتْ عَنْ بُدُنَتِهَا حِيْنَ خَرَجَتْ مِنَ الْبَحْرِ فَهَلَكَتْ

''પછી સવાર થયાં ઉમ્મે મલ્હાન, મુઆવિયહ ઈબ્ને અબૂ સુફયાનના જમાનામાં, પછી જ્યારે સમુદ્ર પાર થયાં તો ઊંટથી પડી ગયાં અને મૃત્યુ પામ્યાં.'' *(બુખારી શરીફ)*

આ હદીષથી નિર્દેશ થયો કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ ઈસ્લામના સુલ્તાન ગાઝી થશે. એ પણ જાણવા મળ્યું કે આ જેહાદમાં શિર્કત કરનારા મહાન દરજાવાળા હશે. એટલા માટે ઉમ્મે મલ્હાને પોતાના માટે દુઆ કરાવી જે કબૂલ થઈ. એ પણ જાણવા મળ્યું કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ ઘણી જ શાનના માલિક થશે, સાદગી ન હશે. એ પણ જાણવા મળ્યું કે હુઝૂર ﷺ અમીર મુઆવિયહ رضی اللہ عنہની આ શાન જોઈને ખૂબ જ ખુશ થયા. ખુશો ખુર્રમ સ્મિત કરતા જાગૃત થયા, કેમ ન થાય ! બેટાની શાન જોઈને બાપ ખુશ થાય છે, ઉમ્મતની શાન જોઈને નબી ખુશ થાય છે.

ડો. ઈકબાલે શું સરસ કહ્યું છે :–

بوریا ممنن خواب راحتش      تاج کسریٰ زیر پاۓ امتش

એ પણ જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને આગલી પાછલી તમામ ચીજો બતાવી આપી બલ્કે દેખાડી આપી.

એ પણ જાણવા મળ્યું કે હુઝૂર ﷺ લોકોના મુત્યુના સમય મૃત્યુની સ્થિતિથી ખબરદાર છે કે કોણ ક્યારે મરશે, ક્યાં મરશે, કેવી રીતે મળશે. જેમ કે ઉમ્મે મલ્હાનને ફર્માવી આપ્યું કે તમે કેવળ પહેલાની સાથે હશો, પછી તમને એ બીજા ગઝવામાં મોકો મળશે નહીં, કેમ કે તમે એ જ ગઝવામાં શહીદ થઈ જશો. એ પણ જાણવા મળ્યું કે હુઝૂર ﷺ અમીર મુઆવિયહ ની હુકૂમત અને તેમના સાથીઓથી ખૂબ જ ખુશ છે. સારાંશ કે આ હદીષ ઘણા હુકમો ધરાવે છે.

**જરૂરી નોંધ** : યાદ રાખશો કે ખિલાફતે રાશિદા હઝરત ઈમામ હસન رضی اللہ عنہ પર ખત્મ થઈ ગઈ. એ ખિલાફતમાં ખલીફા મુસલમાનોના હાકિમ અને નબી ﷺના સાચા જાનશીન રહેતા હતા કે તેમની બયઅત સલ્તનતની બયઅત પણ હતી અને ઈરાદતની બયઅત પણ. એટલા માટે એ સમય સુધી મુસલમાનોમાં પીર તથા મશાઈખની બયઅતનો રિવાજ ન હતો, કેમ કે એ બયઅત જ પૂરતી હતી. ખલીફાઓ ઈસ્લામના હાકિમ પણ હતા, મુસલમાનોના શયખ પણ હતા અને રસૂલુલ્લાહ ﷺના જાનશીન પણ હતા. رضوان اللہ تعالیٰ علیہم اجمعین ત્યાર બાદ સુલ્તાનમાં કેવળ ઈસ્લામી સલ્તનત રહી ગઈ, તે મુસ્તફા ﷺની જાનશીની ન રહી. એટલા માટે પછી બાદશાહોથી કેવળ સલ્તનતની બયઅત થવા લાગી અને ઈરાદતની બયઅત મશાઈખે એઝામથી થવા લાગી. જેમાં પ્રથમ ઈસ્લામી સુલ્તાન અમીર મુઆવિયહ رضی اللہ عنہ થયા. પણ શરીઅતમાં ક્યાંક ઈસ્લામી સુલ્તાનને પણ ખલીફા કહી દેવામાં આવે છે, જેમ કે હદીષમાં આવ્યું કે બાર ખલીફા સુધી ઈસ્લામ ખૂબ જ ગાલિબ (છવાયેલો) રહેશે. અહીં ખલીફા, સુલ્તાનના અર્થમાં છે. જે લોકોએ અમીર મુઆવિયહ رضی اللہ عنہને ખલીફા લખ્યા ઈસ્લામના અર્થમાં છે.

**જરૂરી નોંધ** : સર્વ ખુલફાએ રાશિદીન રસૂલુલ્લાહ ﷺના ખલીફા હતા, બાદવાળા પોતાનાથી પહેલાવાળાના ખલીફા ન હતા. એટલે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ રસૂલુલ્લાહ ﷺના ખલીફા હતા, અબૂબક્ર رضی اللہ عنہના ખલીફા ન હતા. સૌ મુસ્તફા ﷺના નાયબો અને જનાબે

હબીબે કિબ્રિયા ﷺના જાનશીન હતા, એટલા માટે તે તમામ હઝરાત હુઝૂર ﷺના ખલીફા છે.

એ પણ યાદ રાખશો કે ચોથા ખલીફા હોવું કે આખરી ખલીફા હોવું એ મઆઝલ્લાહ કોઈ તૌહીન કે બે તાઝીમી નથી. આપણા નબી ﷺ આખરી નબી છે બલ્કે હઝરત અલી رضی اللہ عنہને નબી કરીમ ﷺથી ચાર વાર બયઅત મયસ્સર થઈ. એકવાર વાસ્તા વિના અને પછી અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہના વાસ્તાથી, પછી ઉમર ફારૂક़ رضی اللہ عنہના ઝરીયાથી, પછી ઉષ્માનગની رضی اللہ عنہની મારફતે. કેમ કે એ સર્વ બયઅતો વાસ્તા થકી હુઝૂર ﷺથી બયઅત થઈ હતી.

**(૮)** અમીર મુઆવિયહ رضی اللہ عنہ અતિશય નેક દિલ, સખી, ખૂબ જ હલીમ તથા કરીમ હતા. જેમ કે તેમના વિશે નબી કરીમ ﷺએ ખબર આપી હતી. જેમ કે આપની સખાવત નીચે દર્શાવેલ બનાવોથી જાહેર થાય છે.

**(અ)** મુલ્લા અલી क़ારીએ મિર્क़ાત શરહે મિશકાતમાં ફર્માવ્યું કે એકવાર અમીર મુઆવિયહ رضی اللہ عنہએ ઈમામ હસન رضی اللہ عنہને ચાર લાખ રૂપિયા નઝરાણા રૂપે પેશ કર્યા જે ઈમામ હસન رضی اللہ عنہએ કબૂલ કર્યા.
*(કિતાબુન્નાહિયહ)*

**(બ)** હાકિમે હિશામ ઈબ્ને મુહમ્મદની રિવાયતથી રિવાયત કરી કે અમીર મુઆવિયહ رضی اللہ عنہએ ઈમામ હસન رضی اللہ عنہના માટે એક લાખ રૂપિયા વાર્ષિક વઝીફો નિશ્ચિત કર્યો હતો. સંજોગોવસાત એ વઝીફો એક વરસ ઈમામ હસન رضی اللہ عنہને ન પહોંચ્યો. આપે ચાહ્યું કે અમીર મુઆવિયહ رضی اللہ عنہને યાદ અપાવવા માટે પત્ર લખે. તો નબી ﷺએ ખ્વાબમાં ઈમામ હસન رضی اللہ عنہને ફર્માવ્યું કે તમારા જેવી મખ્લૂક़ને ન લખો. રબથી અર્ઝ કરો, અને ફર્માવ્યું, આ દુઆ પઢો.

لَّهُمَّ اقْذِفْ فِي قَلْبِي رِجَاءَكَ وَاقْطَعْ رِجَاءِ عَتَنَ سِوَاكَ حَتَّى لَا أَرْجُوا أَحَدًا غَيْرَكَ اللَّهُمَّ وَمَا
ضَعُفَتْ عَنْهُ قُوَّتِي وَقَصَرَ عَنْهُ عَمَلِي وَكَمْ تَنْتَهِ إِلَيْهِ رَغْبَتِي وَلَمْ تَبْلُغْهُ مَسْأَلَتِي وَلَمْ يَجْرِ
عَلَى لِسَانِي مِمَّا أَعْطَيْتُ مِنَ الْأَوَّلِينَ وَالْآخِرِينَ مِنَ الْيَقِينِ فَخَصِينِي بِهِ يَا رَبَّ الْعَالَمِينَ.

"હે અલ્લાહ ! મારા દિલમાં તારી ઉમ્મીદ ભરી દે અને તારા સિવાયનાથી ઉમ્મીદ ન રાખું. હે અલ્લાહ ! જે ચીજથી મારી શક્તિ કમજોર છે અને મારા અમલ ઉણપવાળા છે અને મારું આકર્ષણ ત્યાં સુધી ન પહોંચ્યું અને મારી ઝબાન પર જારી ન થયું જે તેં આગલાઓને અને પાછલાઓને યકીન અતા કર્યું છે. તો મને એનાથી ખાસ કર, હે જહાંનોના પાલનહાર !"

જેથી આ વઝીફો ઈમામ હસન رضی اللہ عنہએ શરૂ કરી આપ્યો. હજી એક અઠવાડિયુ વીત્યુ ન હતું કે અમીર મુઆવિયહ رضی اللہ عنہએ પંદર લાખ રૂપિયા મોકલી આપ્યા. એટલે બે લાખ વઝીફો અને તેર લાખ નઝરાણુ. *(નાહિયહ વગેરે)*

**મુસલમાન આ દુઆ યાદ કરી લે કે હાજતો પૂરી કરવા માટે આ બેહતરીન દુઆ છે.**

**(ક)** એકવાર અમીર મુઆવિયહ رضی اللہ عنہએ હાજરજનોને ફર્માવ્યું કે જે કોઈ અલી رضی اللہ عنہની શાનમાં કસીદો પઢે તો હું તેને શેઅર દીઠ એક હજાર દીનાર આપીશ. જેથી હાજર રહેલા શાયરોએ શેઅરો પઢયા અને ઈનામ પામ્યા. અમીર મુઆવિયહ رضی اللہ عنہ દરેક શેઅર પર કહેતા હતા કે અલી رضی اللہ عنہ એનાથી પણ અફઝલ છે. અમ્ર ઈબ્ને આસ શાયરે એક કસીદો અલીયે મુર્તઝા رضی اللہ عنہની શાનમાં પઢયો જેનો એક શેઅર આ હતો :

هُوَ النَّبَاءُ الْعَظِيْمُ وَفُلْكُ نُوحٍ    وَبَابُ اللّٰهِ وَانْقَطَعَ الْخِطَابُ

"હઝરત અલી ઘણી ખબરવાળા છે, નૂહ علیہ السلامની કશ્તી છે. અલ્લાહનો દરવાજો છે. તેમના વગર અલ્લાહથી કોઈ કલામ નથી કરી શકતુ. અમીર મુઆવિયહ رضی اللہ عنہએ આ શેઅર પર સાત હજાર દીનાર આપ્યા. *(નકાઈસુલ ફુનૂન મુસન્નફા મુહમ્મદ ઈબ્ને મહમૂદ, અઝ : કિતાબુન્નાહિયા)*

**(ડ)** ઈબ્ને અસાકિરે રિવાયત કરી કે જંગના જમાનામાં હઝરત અકીલે (હઝરત અલીના ભાઈ) અલી رضی اللہ عنہને કહ્યું કે મારે કેટલાક રૂપિયાની જરૂરત છે તો આપશો. ફર્માવ્યું, હમણા નથી. આપે અર્ઝ કરી

કે મને ઈજાઝત આપો કે અમીર મુઆવિયહ رضی اللہ عنہની પાસે ચાલ્યો જાઉં. હઝરત અલી رضی اللہ عنہએ કહ્યું, જાવ ! હઝરત અક઼ીલ અમીર મુઆવિયહ رضی اللہ عنہની પાસે પહોંચ્યા. અમીર મુઆવિયહ رضی اللہ عنہએ આપનો ખૂબ જ એહતેરામ કર્યો અને એક લાખ રૂપિયા નઝરાણુ પેશ કર્યું. *(સવાઈક઼ે મુહર્રિક઼ા)*

આ નમૂના રૂપે અમુક બનાવો પેશ કરવામાં આવ્યા, નહીં તો અમીર મુઆવિયહ رضی اللہ عنہની અજોડ સખાવતના બનાવો ઘણા છે.

(૯) અમીર મુઆવિયહ رضی اللہ عنہના દિલમાં અલ્લાહનો ખૌફ, હુઝૂર صلی اللہ علیہ وسلمની અઝમત તથા અહલે બયતની મહોબ્બત કમાલ દરજાની હતી. તમો આનાથી પહેલાં વાંચી ચૂક્યા છો કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ પોતાની વફાતના સમયે વારંવાર ફર્માવતા હતા કે કાશ ! એક ગામમાં ખામોશ જિંદગી ગુજારતો અને આ ઝઘડાઓમાં ન પડતો. હુઝૂર صلی اللہ علیہ وسلمના નાખૂન શરીફ, બાલ મુબારક, કમીસ મુબારક, તેહબંદ શરીફના વિશે વસિયત કરી કે મને ગુસ્લ આપીને મારા કફનમાં આ ચીજો રાખી દેવામાં આવે. આ બનાવથી અમીર મુઆવિયહ رضی اللہ عنہના ખૌફે ઈલાહી, અઝમતે મહબૂબે કિબ્રિયા صلی اللہ علیہ وسلمની સારી રીતે ભાળ મળે છે. તેમજ ઈતિહાસથી સાબિત છે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ ઈમામ હસન رضی اللہ عنہનો અતિશય અદબો એહતેરામ કરતા હતા અને એહલે બયતે અત્હારના ફઝાઈલના વિવિધ ફઝાઈલની રિવાયતો આપના થકી રિવાયત પામેલી છે.

ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہએ પોતાના મુસ્નદમાં અમીર મુઆવિયહ رضی اللہ عنہથી રિવાયત કરી કે નબી કરીમ صلی اللہ علیہ وسلم ઈમામ હસન رضی اللہ عنہની જીભ તથા હોઠ ચૂમતા હતા પછી અમીર મુઆવિયહ رضی اللہ عنہએ ફર્માવ્યું કે એવી જીભ તથા હોઠ જેને જનાબ મુસ્તફા صلی اللہ علیہ وسلم ચૂમે તેને આગ નથી પહોંચી શકતી. *(કિતાબુન્નાહિયહ)*

એ જ મુસ્નદ અહમદ ઈબ્ને હંબલમાં છે કે એક શખ્સે અમીર મુઆવિયહ رضی اللہ عنہથી કોઈ મસ્અલો પૂછયો. આપે ફર્માવ્યું કે આ મસ્અલો અલીયે મુર્તઝા رضی اللہ عنہથી પૂછો, તે મારાથી મોટા આલિમ છે.

તેણે કહ્યું, આપ જ જણાવી દો ! મને તમારો જવાબ અધિક પસંદ છે. અમીર મુઆવિયહ رضی اللہ عنہએ ફર્માવ્યું કે, તેં આ ઘણી જ બુરી વાત કરી ! શું તું એમનાથી નફરત કરે છે જેમની તૌક઼ીર (તાઝીમ) ખુદ નબી કરીમ ﷺ કરતા હતા તેમના ઈલ્મના કમાલના કારણે, અને જેમના બારામાં સરકાર ﷺએ ફર્માવ્યું કે હે અલી ! તમે મારા માટે એવા છો જેવા મૂસા علیہ السلامના માટે હઝરત હારૂન علیہ السلام પણ મારા બાદ નબી નથી. અને જે અલી رضی اللہ عنہના ઈલ્મની અઝમતનો આલમનો હાલ એ છે કે જ્યારે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہને કોઈ મુશ્કેલી ઉપસ્થિત થતી તો હઝરત અલી رضی اللہ عنہથી હલ કરાવતા હતા. અમીર મુઆવિયહ رضی اللہ عنہએ આવું ફર્માવીને એ શખ્સને ફર્માવ્યું કે, મારી પાસેથી ઉઠી જા ! અને તેનું નામ વઝીફાવાળાઓના દફતરમાંથી કટ કરી આપ્યું. (કિતાબુન્નાહિયહ) આ રિવાયતોને જુઓ અને વિચાર કરો.

ઈમામ મુહમ્મદ ઈબ્ને મહમૂદ આમલીએ નફાઈસે ફુનૂનમાં રિવાયત કરી કે એકવાર અમીર મુઆવિયહ رضی اللہ عنہના દરબારમાં અલી رضی اللہ عنہનો ઉલ્લેખ થયો તો અમીર મુઆવિયહ رضی اللہ عنہએ ફર્માવ્યું કે અલી શેર હતા, અલી ચૌદમી રાતના ચાંદ હતા, અલી રહમતે ખુદાની વર્ષા હતા. હાજરજનોમાંથી કોઈએ પૂછયું કે આપ અફઝલ છે કે અલી ? તો આપે ફર્માવ્યું કે અલીના ક઼દમ અબૂ સુફયાનની આલ કરતાં અફઝલ છે. તો તેમને કહેવામાં આવ્યું કે આપે હઝરત અલી رضی اللہ عنہથી જંગ શા માટે કરી ? તો ફર્માવ્યું : الملک عقیم મુલ્કી જંગ હતી. *(કિતાબુન્નાહિયહ)*

અમીર મુઆવિયહ رضی اللہ عنہએ એકવાર ઝર્રાર ઈબ્ને હમ્ઝા رضی اللہ عنہને કહ્યું કે મને અલી ઈબ્ને અલી તાલિબ رضی اللہ عنہની ખૂબીઓ સંભળાવો. તેમણે અર્ઝ કરી કે મને તેનાથી માફ રાખો. અમીર મુઆવિયહ رضی اللہ عنہએ કહ્યું તમને ખુદાની ક઼સમ ! જરૂર સંભળાવો. ઝર્રાર ઈબ્ને હમ્ઝાએ અત્યંત ફસીહ તથા બલીગ (ખૂબ જ સૂરત અંદાઝમાં) તૌર પર અલીયે મુર્તઝા رضی اللہ عنہની મન્કબત સંભળાવી જેનો ખુલાસો અનુવાદરૂપે નીચે મુજબ છે :–

"અલી رضی اللہ عنہ ઘણી સખાવતવાળા, સખત શક્તિવાળા હતા. નિર્ણયાત્મક વાત કહેતા હતા. અદ્‌લનો ફેંસલો કરતા હતા. તેમની તરફથી ઈલ્મની નહેરો વહેતી હતી. તેમની ઝબાન પર ઈલ્મ બોલતો હતો. દુનિયા અની દુનિયાની ટીપ ટોપથી ઘૃણા કરતા હતા. રાતના એકાંત તથા વહશત પ્રતિ માઈલ હતા. રાતોમાં રડતા હતા. મોટા ભાગે આખેરતની ફિકરમાં રહેતા હતા. જાડો લિબાસ અને સામાન્ય ખાણુ પસંદ કરતા હતા. લોકોમાં સામાન્ય માનવની જેમ રહેતા હતા. જ્યારે એમને કોઈ પૂછતા તો તુરંત જવાબ આપતા. જ્યારે અમે તેમને બોલાવતા તો તરત જ આવી જતા હતા. આ બેતકલ્લુફી (ઠાઠમાઠ વિનાના સહજપણા)ના હોવા છતાં તેમના ખુદાદાદ પ્રભાવનો એ હાલ હતો કે અમે તેમની સાથે વાતચીત કરી શકતા ન હતા. દીનદારોની તાઝીમ કરતા, મિસ્કીનોને પોતાની નજીક રાખતા હતા. અલી رضی اللہ عنہના દરબાર શરીફમાં કમજોર, માયૂસ (નિરાશ) ન હતો, મજબૂત દિલેર ન હતો. ક઼સમ ખુદાની ! મેં અલીને ઘણી વાર એવા જોયા કે રાતના તારા ગાયબ થઈ જતા હતા એ હાલમાં કે આપ એવું રડતા હતા જેમ કે કોઈને વીંછી કાપી લે, અને રડી રડીને કહેતા હતા કે અફસોસ ! અફસોસ ! ઉમર થોડી છે, સફર લાંબો છે, સામાન થોડો છે, રસ્તો ખતરનાક છે. અને આપની દાઢીથી આસુંઓનાં ટીપાં ટપકતાં હતાં અને ફર્માવતા હતા, અફસોસ ! અફસોસ !"

અમીર મઆવિયહ رضی اللہ عنہ આ સાંભળી ચોધાર આસુંએ રડવા લાગ્યા અને ફર્માવતા હતા કે ક઼સમ ખુદાની અબુલ હસન (અલી رضی اللہ عنہ) એવા જ હતા, એવા જ હતા, એવા જ હતા. *(સવાઈક઼ે મુહર્રિક઼ા)*

સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہની આ જ ખૂબીઓને એક શાયરે આ રીતે વર્ણવી : هُوَ الْبَكَّاءُ فِي الْمِحْرَابِ لَيْلاً  هُوَ الضَّحَّاكُ فِي يَوْمِ الضِّرَابِ

"મેહરાબ મસ્જિદમાં રડતા, જેહાદના મેદાનમાં હસવાવાળા." જેહાદના મેદાનમાં તશરીફ લાવતા તો હસતાં હસતાં ફર્માવતા : انا الذی سمتنی امی حیدر

હું તે બહાદુર છું કે મારી માએ મારું નામ હૈદરે કર્રાર રાખ્યું. (હેદરનો અર્થ સિંહ અને કર્રાર એટલે વળી વળીને હુમલો કરનાર)

અને જ્યારે તહજ્જુદના સમયે મસ્જિદના મેહરાબમાં આવતા તો રબને અર્ઝ કરતા : اِلٰهِیْ عَبْدُکَ الْعَاصِیْ اَتَاکَ مُقِرًّا بِالذُّنُوْبِ وَقَدْ دَعَاکَ "ખુદાયા ! તારો ગુનેહગાર બંદો હાજર છે, પોતાની ખતાઓનો સ્વીકાર કરતાં તારાથી દુઆ માગી રહ્યો છે." સારાંશ કે લોકો સામે હસવાવાળા ખાલિકની બારગાહમાં રડવાવાળા. رضی اللہ عنہ

અને જ્યારે તહજ્જુદના સમયે મસ્જિદ મેહરાબમાં આવતા તો રબને અર્ઝ કરતા : "ખુદાયા ! તારો ગુનેહગાર બંદો હાજર છે, પોતાની ખતાઓનો સ્વીકાર કરતાં તારાથી દુઆ માગી રહ્યો છે." સારાંશ કે લોકો સામે હસવાવાળા ખાલિકની બારગાહમાં રડવાવાળા. رضی اللہ عنہ

**(૧૦)** અમીર મુઆવિયહ رضی اللہ عنہની ઘણી બધી કરામતો સાબિત છે, આપ કરામતોવાળા સહાબીએ રસૂલ છે. જેમ કે કિતાબ તત્હીરુલ જિનાનમાં ફર્માવ્યું કે, સહીહ સનદથી રિવાયત છે કે જ્યારે અમીર મુઆવિયહ رضی اللہ عنہને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની શહાદતની ખબર પહોંચી તો આપે ફર્માવ્યું કે મક્કાવાળાોઓએ પયગંબર صلی اللہ علیہ وسلمને મક્કાથી અલગ કરી આપ્યા જેથી ત્યાં ખિલાફત કદી ન થઈ હશે. મદીનાવાળાઓએ ખલીફતુલ મુસ્લિમીન ઉષ્માન ગની رضی اللہ عنہને શહીદ કર્યા ત્યાંથી ખિલાફત નીકળી ગઈ, હવે કદી ત્યાં ખિલાફત ન થશે. જેથી એવું જ થયું કે પછી હરમૈન શરીફૈન આજ સુધી દારુલ ખુલાફા ન બન્યાં. મક્કા મોઅઝ્ઝમામાં તો અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરે ખિલાફતનો દાવો કર્યો પણ તે ખિલાફતની સૂરત હતી, હક઼ીક઼તમાં ખિલાફત ન હતી. પણ મદીના મુનવ્વરામાં સૂરતની રીતે પણ ખિલાફત ન રહી. સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہએ કૂફાને પોતાનું પાટનગર બનાવ્યું અને તેમના બાદ કોઈ ખલીફાએ મદીના મુનવ્વરાને પાટનગર ન બનાવ્યું, આ અમીર મુઆવિયહ رضی اللہ عنہની કરામત છે.

અમીર મુઆવિયહ رضی اللہ عنہએ જ્યારે યઝીદને પોતાનો વલી અહદ (અનુગામી) કર્યો તો દુઆ કરી કે મૌલા ! જો યઝીદ એના પાત્ર ન હોય તો તેની સલ્તનત કામિલ ન કર. પછી એવું જ થયું કે યઝીદ મરદૂદ, અમીર મુઆવિયહ رضی اللہ عنہના બાદ બે વરસ અમુક મહીના જીવતો રહ્યો અને તેની સલ્તનત પૂર્ણતાએ ન પહોંચી શકી.

અમીર મુઆવિયહ رضی اللہ عنہનો આ બનાવ તો મશહૂર જ છે કે આપ એકવાર પોતાના મહેલમાં સૂઈ રહ્યા હતા, એવામાં અચાનક એક માણસે આપને જગાડયા. તો આપે તેને પૂછયું કે તું કોણ છે ? અને મહેલમાં કેવી રીતે પહોંચી ગયો ? તે બોલ્યો કે હું ઈબ્લીસ છું. આપે ફર્માવ્યું કે તારું કામ નમાઝ માટે જગાડવાનું નથી બલ્કે નમાઝથી સૂવાડવાનું છે. શરૂમાં તેણે બહાનાં બનાવ્યાં પણ જ્યારે અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ તેને ડરાવ્યો, ધમકાવ્યો તો છેવટે બોલ્યો કે આનાથી પહેલાં એકવાર મેં આપને ફજરના સમયે સૂવાડી દીધા હતા જેનાથી આપની નમાઝ કઝા થઈ ગઈ હતી. તો આપ એના ગમમાં એટલુ રડયા કે મેં ફરિશ્તાઓને આપસમાં વાતો કરતા સાંભળ્યા કે અમીર મુઆવિયહ رضی اللہ عنہને એ રંજો ગમના કારણે પાંચસો નમાઝોનો સવાબ આપી દેવામાં આવ્યો. મેં ખયાલ કર્યો કે જો આજે ફરી આપ નમાઝ ન પઢી શકયા તો આજે ફરી રડશો અને એવું ન બને કે એક હજાર નમાઝોનો સવાબ હાંસલ કરી લો, એટલા માટે જગાડયા કે એક આ જ નમાઝનો સવાબ મેળવી લો. મષ્નવી શરીફ, દફતર દોમ, પેજ–૨૩માં મૌલાના રૂમ رحمۃ اللہ علیہએ આ જ કિસ્સાને ખૂબ જ વિગતવાર ચૌદ પેજોમાં કેટલાક ફેરફાર સાથે આ પ્રમાણે વર્ણવ્યો જેનું હેડિંગ આ પ્રમાણે રાખ્યું : بیدار کردن ابلیس حضرت امیر المومنین معاویہ راکہ برخیز کہ وقت نماز است

અને આ રીતે આ કિસ્સાને શરૂ કર્યો :–

در خبر آمد کہ خال مومناں    بود اندر قصر خود خفتہ شبال
قصر راازاندرون دربستہ    کز زیادتہار مرم خستہ بود
ناگہاں مردے درا بیدار کرو    چشم چوں بکساد پنہاں گشت فرد

આ બનાવથી જાણવા મળ્યું કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ ઘણા જ આબિદ તથા ઝાહિદ, બારગાહે ઈલાહીના મક઼બૂલ હતા, અને ઈબ્લીસ જેવો ખબીષ જે કોઈના કબજામાં ન આવે તે આપના કબજા તથા પકડથી છૂટી શકતો ન હતો. કેમ ન હોય ?! જેનો હાથ જનાબે મુસ્તફા صلی اللہ علیہ وسلم પકડી લે તેના હાથની પકડથી કોણ છૂટી શકતો હતો, અને જે નિગાહે જમાલે મુસ્તફા જોઈ લે તેનાથી કઈ ચીજ છુપી રહી શકે છે.

આ જ બનાવ એકવાર હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہને પેશ આવ્યો હતો. આપે ઈબ્લીસને પકડી લીધો તો છૂટી ન શકયો.

## (બીજુ પ્રકરણ)

## ★ અમીર મુઆવિયહ رضی اللہ عنہ પર વાંધાઓના જવાબો ★

અમીર મુઆવિયહ رضی اللہ عنہ પર અત્યાર સુધીમાં જેટલા પ્રમાણમાં વાંધાઓ અમને જાણવા મળી શક્યા છે તેમને અમે વિગતવાર રજૂ કરીએ છીએ. દરેક વાંધા સાથે એનો દલીલબધ્ધ જવાબ મુન્સિફાના તથા મુહક્કિ઼ક઼ાના તૌર પર રજૂ કરીશું. વાંચકો પાસે ઈન્સાફની અને તેના રસૂલ صلی اللہ علیہ وسلمથી કબૂલની ઉમ્મીદ છે.

**વાંધો–૧** : તમે કહ્યું કે હુઝૂર صلی اللہ علیہ وسلمનાં અઝવાજે પાક (પવિત્ર બીવીઓ) પણ અહલે બયત છે, જ્યારે કે હદીષ કસાઅ્માં આવ્યું કે આયતે તત્હીર ઉતરવા પર નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ઈમામ હસનો હુસૈન, અલી, ફાતિમા ઝહ્રાને કંબલ શરીફમાં દાખલ કરીને દુઆ કરી કે, મૌલા ! આ મારી અહલે બયત છે, તું એમને પાક ફર્માવી દે. હઝરત ઉમ્મે સલમા રસૂલ صلی اللہ علیہ وسلمના બીવી મોહતરમા એ અર્ઝ કરી કે, મને દાખલ કરી લેવામાં આવે. તો તેમને કહી દેવામાં આવ્યું કે તમે ભલાઈ પર છો, તમે ત્યાં જ રહો. જો અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ) અહલે બયતમાં દાખલ હોત તો તેમને કંબલ શરીફ લઈ લેવામાં આવતાં.

**જવાબ** : આ શંકા ત્યારે દુરુસ્ત ગણાત જ્યારે કે આ હદીષમાં કોઈ સીમા દર્શાવતો શબ્દ હોત. એટલે આ જ અહલે બયત છે અથવા એવું

ફર્માવવામાં આવત કે એમના સિવાય અન્ય કોઈ અહલે બયત નથી. જ્યારે આ બે માંથી કોઈ નથી તો બીજાઓનો નકાર કેવી રીતે થઈ ગયો. જો આપણે એવું કહીએ કે હઝરત મૂસા તથા ઈસા તથા દાઊદ علیہم السلام નબી છે તો એનો અર્થ એ નથી કે અન્ય અંબિયાએ કિરામ નબી નથી. અને આવુ ફર્માવવામાં પણ એક હિકમત છે તે એ કે ઉર્ફમાં છોકરી શાદી બાદ પોતાના પતિના અહલે બયત અને તેમનાં ઘરવાળાઓમાં ગણાવા લાગે છે, તો કદાચ એવું સમજવામાં આવત કે હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ تعالیٰ عنہن હુઝૂરના અહલે બયત નથી બલ્કે હઝરત અલી رضی اللہ عنہના અહલે બયતમાં છે. આ વહેમને દૂર કરવા માટે હુઝૂર صلی اللہ علیہ وسلمએ કમ્બલ શરીફનો અમલ કર્યો. જ્યારે ઉમ્મે સલમા رضی اللہ عنہاએ એમાં પ્રવેશવાની ઈજાઝત ચાહી તો તેમને ફર્માવી આપ્યું કે : انت علی خیر "તમે તો ભલાઈ પર છો" એટલે તમે આ આયતમાં યક઼ીનન ! સામેલ છો, તમારા વિશે તો શંકા થઈ જ નથી શકતી, તમે ત્યાં જ રહો. જેમના સંબંધે શંકા થઈ શકે છે તેમને દાખલ કરીને શંકા દૂર કરવાની છે. એની ઉમદા તેહક઼ીક઼ "તોહફએ ઈષ્ના અશરિયા" "અશિઅતુલ લમ્આત" અને તેના હાશિયા મીર અલીમાં જુઓ. જો આયતે તત્હીરમાં કેવળ આ ચાર હઝરાત દાખલ હોય અને અઝવાજે પાક (પાક બીવીઓ) દાખલ ન હોય તો કુર્આની આયતોમાં ખૂબ જ સખત અનિયમિતતા થશે, કેમ કે એની આગળ અને પાછળ સર્વ આયતોમાં અઝવાજે (પાક બીવીઓ)ને સંબોધન છે અને આયતોમાં રબ્ત (નિયમિતતા કનેકશન) જરૂરી છે.

**વાંધો–૨** : આયતે તત્હીરના માટે અને એના બાદ તમામ ઝમીરો જમા મુઅન્નષ (સ્ત્રીવાચક) છે પણ આ આયતમાં ઝિમ્મી જમા મુઝક્કર (પુ. વાચક) છે :–

اِنَّمَا یُرِیۡدُ اللّٰهُ لِیُذۡهِبَ عَنۡكُمُ الرِّجۡسَ اَهۡلَ الۡبَیۡتِ وَ یُطَهِّرَكُمۡ تَطۡهِیۡرًا (અલ્લાહ તો એ જ ચાહે છે હે નબીનાં ઘરવાળાઓ ! કે તમારાથી નાપાકી દૂર કરી આપે અને તમને પાક કરીને ખૂબ સુથરા કરી આપે. સૂ. અહઝાબ, ૩૩/૩૩)

બંને જગાએ کم છે જે મુઝક્કર (પુ. વાચક) છે. જો આ સંબોધનમાં અઝવાજે મુતહ્હરાત સામેલ હોત તો અન્ય આયતોની જેમ એમાં પણ ہن کن વગેરે ઝમીરો હોત.

**જવાબ** : કેમ કે આગલી પાછલી આયતોમાં કેવળ અઝવાજે પાકથી સંબોધન હતું પરંતુ આ આયતના સંબોધનમાં હઝરત અલી, હસ્નૈન કરીમૈન પણ સામેલ હતા, એટલા માટે એમાં ઝમીરો મુઅન્નષ છે. અહીં ફર્માવવામાં આવ્યું અહલે બયત અને આ શબ્દ મુઝક્કર છે, ભલે એનાથી મુરાદ બીવીઓ હોય. અને અરબી તરકીબમાં શબ્દનો એતબાર થાય છે, ન કે અર્થનો. જુઓ તલ્હા શબ્દ મુઅન્નષ છે અને નામ મુઝક્કર છે, પણ શબ્દનો લેહાઝ કરીને તેને ગૈર મુન્સફર માનવામાં આવ્યો, તાનીષ તથા ઈલ્મના લેહાઝથી. એની દલીલ તે આયત છે જે સૂરએ હૂદમાં છે કે ફરિશ્તાઓએ હઝરત સારા હઝરત ઈબ્રાહીમ علیہ السلامનાં પત્નીને અર્ઝ કરી :–

قَالُوْٓا اَتَعْجَبِيْنَ مِنْ اَمْرِ اللّٰهِ رَحْمَتُ اللّٰهِ وَ بَرَكٰتُهٗ عَلَيْكُمْ اَهْلَ الْبَيْتِ ؕ اِنَّهٗ حَمِيْدٌ مَّجِيْدٌ ۝

"ફરિશ્તા બોલ્યા કે હે સારા ! શું તમે અલ્લાહના હુકમથી આશ્ચર્ય કરો છો ? હે નબીનાં ઘરવાળાઓ ! તમારા પર અલ્લાહની રહમતો અને બરકતો છે તે અલ્લાહ પ્રશંસા પામેલ, બુઝુર્ગીવાળો છે." *(સૂ. હૂદ, ૧૧/૭૩)*

જુઓ ! આ આયતમાં હઝરત સારા رضی اللہ عنہاથી સંબોધન છે જે પત્ની સાહેબા છે, પણ تعجبین મુઅન્નષનો સેગો છે અને علیکمમાં ઝમીર મુઝક્કર છે, કેમ કે એમને શબ્દ અહલે બયતથી તાબીર કર્યો કે જે મુઝક્કર છે, એ જ પ્રમાણે એ આયતોમાં છે. સારાંશ કે શબ્દનો એતબાર છે.

**વાંધો–૩** : અમીર મુઆવિયહ رضی اللہ عنہએ હજારો હજાર મુસલમાનોનું ખૂન કર્યું અને કરાવ્યું. ન એ હઝરત અલી رضی اللہ عنہ સાથે જંગ કરતા ન મુસલમાનોનાં આટલાં ખૂન થતાં, અને મોમિનને કત્લ

કરનાર કાયમી જહન્નમી છે. રબ ફર્માવે છે :–

وَ مَنۡ یَّقۡتُلۡ مُؤۡمِنًا مُّتَعَمِّدًا فَجَزَآؤُہٗ جَہَنَّمُ خٰلِدًا فِیۡہَا وَ غَضِبَ اللّٰہُ عَلَیۡہِ وَ لَعَنَہٗ وَ اَعَدَّ لَہٗ عَذَابًا عَظِیۡمًا ﴿۹۳﴾

''અને જે કોઈ મુસલમાનને જાણી બુઝીને ક઼ત્લ કરે તો તેનો બદલો દોઝખ છે, એમાં હમેશાં રહેશે અને અલ્લાહ એના પર ગઝબ અને લઅનત કરશે અને એના માટે મોટો અઝાબ તૈયાર કર્યો છે. *(સૂ. નિસાઅ, ૪/૯૩)*

**જવાબ** : એના બે જવાબો છે : એક ઈલ્ઝામી બીજો તેહક઼ીક઼ી. ઈલ્ઝામી જવાબ તો એ છે કે, પછી તો આઈશા સિદીક઼া رضی اللہ عنہا, હઝરત તલ્હા, હઝરત ઝુબેર رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن પર પણ આ જ આક્ષેપ લાગુ થઈ શકે છે ! કેમ કે આ સર્વ હઝરાત, અલીયે મુર્તઝા رضی اللہ عنہના મુક઼ાબલામાં આવ્યા અને જંગે જુમલ વગેરેમાં હજારો મુસલમાન શહીદ થયા, જ્યારે કે **હઝરત આઈશા رضی اللہ عنہاનું જન્નતી હોવું એવું યક઼ીની છે જેવી રીતે કે અલ્લાહનું એક હોવું.** કેમ કે કુર્આન કરીમમાં તેમના જન્નતી હોવાની નસ્સે ક઼તઈ (કુર્આની આયત) આવી ચૂકી અને હઝરત તલ્હા તથા ઝુબેર પણ ક઼તઅન જન્નતી છે, અશરાએ મુબશ્શિરામાં સામેલ છે.

**તેહકીકી જવાબ** : એ છે કે મોમિનના ક઼ત્લની ત્રણ સ્થિતિઓ છે, એક તો એટલા માટે એને ક઼ત્લ કરવો કે એ મુસલમાન કેમ થઈ ગયો ? એ કુફ્ર છે કે એમાં ઈમાનથી હમેશાં નારાજી છે. આ વર્ણવેલ આયતમાં એ જ મુરાદ છે. કેમ કે **જહન્નમમાં હમેશાં રહેવું કેવળ કાફિરના માટે છે.** બીજી એ કે કોઈ મુસલમાનને દુનિયવી દુશ્મની અને અંગત દુશ્મનીના કારણે ક઼ત્લ કરવો, જેવું કે દિવસ રાત થતુ રહે છે, આ ફિસ્ક઼ તથા ગુનોહ છે. ત્રીજી ગલત ફહમીના આધાર પર મુસલમાનોમાં જંગ થઈ જાય અને મુસલમાન માર્યા જાય એ ગલતફહમી છે, ન ફિસ્ક઼ છે ન કુફ્ર. આ ત્રીજા પ્રકારના માટે આ આયત કરીમા છે : وَاِنۡ طَآئِفَتٰنِ مِنَ الۡمُؤۡمِنِیۡنَ اقۡتَتَلُوۡا فَاَصۡلِحُوۡا بَیۡنَہُمَا ''જો મુસલમાનોના બે ગિરોહ આપસમાં જંગ કરી બેસે તો તેમનામાં સુલહ કરાવી દો.'' *(સૂ. હુજૂરાત, ૪૯/૯)*

જુઓ ! અહીં લડાઈ તથા જંગ કરનારી બંને જમાઅતોને મો'મિન કહેવામાં આવી અને એમનામાં સુલહ કરાવી દેવાનો હુકમ આપવામાં આવ્યો. અમીર મુઆવિયહ رضی اللہ عنہ તથા અલીયે મુર્તઝા رضی اللہ عنہની જંગ આ ત્રીજા પ્રકારમાં સામેલ છે, બલ્કે તમારો આ ઈલ્ઝામ ખુદ અલીયે મુર્તઝા પર પડે છે, કેમ કે જેવી રીતે અમીર મુઆવિયહ رضی اللہ عنہના હાથે અલીયે મુર્તઝાના સાથી મો'મિન શહીદ થયા, એવી જ રીતે અલીયે મુર્તઝા رضی اللہ عنہના હાથે અમીર મુઆવિયહ અને હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاના સાથી હઝરત તલ્હા તથા ઝુબેર વગેરે શહીદ થયા. (અલ્લાહ સમજ આપે)

**વાંધો–૪** : અમીર મુઆવિયહ رضی اللہ عنہના દિલમાં અહલે બયતનો કીનો હતો, તેમણે અહલે બયતને સતાવ્યા. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, જેણે અલીને સતાવ્યા તેણે મને સતાવ્યો. તેમજ અમીર મુઆવિયહ رضی اللہ عنہએ અહલે બયતથી જંગ કરી જ્યારે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું હતું કે જેણે તેમની સાથે જંગ કરી તેણે મારી સાથે જંગ કરી, અને હુઝૂર صلی اللہ علیہ وسلم સાથે જંગ કરે તે મો'મિન નથી.

**જવાબ** : એના પણ બે જવાબ છે, એક ઈલ્ઝામી બીજો તેહક઼ીક઼ી. ઈલ્ઝામી જવાબ : તો એ છે કે આ સવાલના હેઠળ મઆઝલ્લાહ ! ખુદ હઝરત અલી પણ સામેલ થઈ જાય છે. કેમ કે વિરોધી કહી શકે છે કે હઝરત અલી رضی اللہ عنہના દિલમાં હઝરત આઈશા, તલ્હા, ઝુબેર, મુહમ્મદ ઈબ્ને તલ્હા જેવા મુક઼દ્દસ સહાબીઓનો કીનો હતો અને હુઝૂરે તમામ સહાબાના વિશે ફર્માવ્યું કે فَمَنْ اَبْغَضَهُمْ فَبِبُغْضِيْ اَبْغَضُهُمْ ''જેણે સહાબીઓથી કીનો રાખ્યો તેણે મારાથી કીનો રાખ્યો. તેમજ આ આક્ષેપ હઝરત આઈશા સિદ્દીક઼ા તથા તલ્હા, ઝુબેર વગેરે પર પણ લાગુ થશે, સારાંશ કે એક અમીર મુઆવિયહ رضی اللہ عنہની અદાવતના પરિણામે સર્વ સહાબા તથા અહલે બયતની ગુલામીથી હાથ ધોવા પડશે.

**તેહક઼ીક઼ી જવાબ** : એ છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمના અહલે બયતે અત્હારના

વિરોધની ત્રણ સ્થિતિઓ છે : એક તો તેમનાથી એટલા માટે જલવું કે એ હુઝૂર ﷺનાં અહલે બયત છે, એ કુફ્ર છે કે એમાં પર્દા હેઠળ હુઝૂર ﷺથી જલવું છે. બીજી સ્થિતિ એ કે કોઈ દુનિયવી કારણે નારાજી, તો એમાં જો નફસાનિયત સામે છે તો ફિસ્ક છે, નહીં તો નહીં : ઘણીવાર અલીયે મુર્તઝા તથા ફાતિમા ઝહરામાં ખાનગી મામલાઓમાં ટેમ્પરરી નારાજી થઈ જતી હતી. ઉષ્માનગની رضی اللہ عنہની શહાદતના દિવસે હઝરત અલી رضی اللہ عنہએ ઈમામ હસન رضی اللہ عنہના ચહેરા મુબારક પર તમાચો માર્યો કે તમે હિફાઝતમાં સુસ્તી કેમ કરી ?! એકવાર હઝરત અબ્બાસ رضی اللہ عنہ અને હઝરત અલી رضی اللہ عنہમાં સખત રંજિશ થઈ ગઈ જે હઝરત ઉમર رضی اللہ عنہએ દૂર કરી. (મુસ્લિમ શરીફ) હઝરત અબ્બાસ رضی اللہ عنہએ હઝરત અલી رضی اللہ عنہના માટે ઘણા સખત શબ્દો વાપર્યા. આવી ચીજો આપસમાં દિવસ રાત થતી રહે છે, એ ફિસ્ક઼ કે ગુનોહ પણ નથી.

ત્રીજી સ્થિતિ કોઈ ગલત ફહમીની બિના પર અહલે બયતથી નાઈત્તેફાક઼ી થઈ જવી એ જ ફિસ્ક઼ છે ન ગુનોહ, કેવળ એક ગલતફહમી છે. એ હઝરાતની આ સર્વ જંગો આ ત્રીજા પ્રકારની છે, એમના સીના કીનાથી પાક હતા જેને અમે ખૂબ જ વિગતવાર પ્રથમ વિભાગમાં વર્ણવી ચૂક્યા. લડતા પણ હતા અને એકબીજાની તારીફ તથા પ્રશંસા પણ કરતા હતા, એકબીજાને તોહફા તથા હાદિયા પણ આપતા હતા.

**હિકાયત** : ઈસ્તીઆબમાં છે કે જંગે જુમલ પછી હઝરત અલી رضی اللہ عنہ મુહમ્મદ ઈબ્ને તલ્હા رضی اللہ عنہની લાશ પાસેથી પસાર થયા જેઓ હઝરત આઈશા رضی اللہ عنہاની સાથે હતા, તેમને અલીયે મુર્તઝા رضی اللہ عنہના એક સિપાહી અમ્ર ઈબ્ને જરમૂઝે કત્લ કર્યા હતા. તેમની લાશ જોઈને અલીયે મુર્તઝા رضی اللہ عنہ રડવા લાગ્યા અને اِنَّا لِلّٰہِ وَاِنَّاۤ اِلَیْہِ رٰجِعُوْنَ પઢી અને ફર્માવ્યું, કે એમને કોણે કત્લ કર્યા ? અમ્ર ઈબ્ને જરમૂઝ ઈનામ પામવાની લાલચમાં સામે આવ્યો અને ગર્વભેર કહ્યું કે મેં કત્લ કર્યા ! અને ક઼ત્લની સર્વ સ્થિતિ વર્ણવી. હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું કે હું

ગવાહી આપુ છું કે તું દોઝખી છે ! મેં હુઝૂર ﷺને ફર્માવતાં સાંભળ્યું છે કે મુહમ્મદ ઈબ્ને તલ્હાનો કાતિલ દોઝખી છે. અમ્ર ઈબ્ને જરમૂઝ ગુસ્સામાં ભરાઈ ગયો અને બોલ્યો કે હે અલી ! તમારો શું એતબાર ! જો તમારી સાથે લડુ તો દોઝખી અને તમારા તરફથી લડુ તો દોઝખી ! આવું કહીને તેણે એ જ ખંજર વડે જેનાથી મુહમ્મદ ઈબ્ને તલ્હાને શહીદ કર્યા હતા તે પોતાના પેટમાં ખોસીને આત્મહત્યા કરી લીધી એટલે કાફિર થઈને આપઘાત કર્યો. *(કિતાબુન્નાહિયા, પેજ–૮)*

**જરૂરી નોંધ** : યાદ રાખશો કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ અહલે બયતે અત્હાર અથવા અલીયે મુર્તઝા رضی اللہ عنہના દુશ્મન ન હતા બલ્કે તેમના વિરૂધ્ધમાં હતા. દુશ્મનની અને વિરૂધ્ધમાં જમીન અસ્માનનો ફરક છે. દુશ્મન તો પોતાની સામેવાળાની જાન અથવા માલ અથવા આબરૂ અથવા દીનનો મુદ્દલે દુશ્મન હોય છે કે તે એ ચીજોને ફના કરવા ચાહે છે, પણ વિરોધી તે છે કે કોઈ બાબતમાં મંતવ્યમાં વિરોધ કરી બેસે, ભલે તે મતભેદ લડાઈ ઝઘડા સુધી પહોંચી જાય, પણ તેનો પાયો તે જ મંતવ્યનો મતભેદ છે. દિવસ રાત, બાપ બેટા, પતિ પત્ની, ભાઈ ભાઈ મંતવ્યમાં મતભેદને કારણે લડતા ઝઘડતા રહે છે, સુલ્તાન ગાઝી મુહયુદ્દીન તથા ઔરંગઝેબ આલમગીરી رحمۃ اللہ علیہની પોતાના ભાઈઓ ખાસ કરીને દારા શિકવા સાથે ઘણી લડાઈ જંગો રહી પણ તેમ છતાં તેમના દુશ્મન ન હતા, ભાઈ હતા.

એ જ સુલ્તાન ઔરંગઝેબે મંતવ્યના મતભેદના કારણે પોતાના પિતા શાહજહાંને નજરકેદ કરી આપ્યા પણ તેમ છતાં આપસમાં દુશ્મન ન હતા, બાપ બેટા હતા. કુર્આને કરીમે પણ મતભેદ તથા દુશ્મનીમાં ફરક દર્શાવ્યો. લડવા ઝઘડવાવાળા મુસલમાનો વિશે ઈર્શાદ થયો : اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ فَاَصْلِحُوْا بَيْنَ اَخَوَيْكُمْ "સર્વ મુસલમાન આપસમાં ભાઈ છે, તો સુલહ કરાવો તમારા ભાઈઓ સાથે." *(સૂ. અહઝાબ, ૪૯/૧૦)*

જાની અથવા ઈમાની દુશ્મનોના બારામાં ફર્માવ્યું :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنَّ مِنْ اَزْوَاجِكُمْ وَ اَوْلَادِكُمْ عَدُوًّا لَّكُمْ فَاحْذَرُوْهُمْ

"હે ઈમાનવાળાઓ ! તમારી અમુક પત્નીઓ તથા અમુક ઔલાદો તમારી દુશ્મન છે, તો તમે એમનાથી બચો." *(સૂ. તગાબૂન, ૬૪/૧૪)*

જુઓ ત્યાં લડાઈ ઝઘડા છતાં અજનબી મુસલમાનોને ભાઈ બતાવ્યા અને અહીં દીની વિરોધી ઔલાદ તથા પત્નીઓને દુશ્મન ઠરાવીને તેમનાથી પરહેઝનો હુકમ આપ્યો. ફરક કરવો ખૂબ જરૂરી છે.

યૂસુફ علیہ السلامના ભાઈઓએ તેમના પર અતિશય જુલ્મો કર્યા પણ તેના છતાં યાકૂબ علیہ السلامએ અથવા કુર્આને કરીમે તેમને યૂસુફ علیہ السلامના દુશ્મનોની સફમાં ઉભા નથી કર્યા. એ હઝરાત યૂસુફ علیہ السلامની જાન તથા ઈમાનના દુશ્મન ન હતા બલ્કે યાકૂબ علیہ السلامના એ તરીક઼ાના વિરોધી હતા કે તે યૂસુફ علیہ السلامથી મહોબ્બત કરતા હતા અને અમારાથી ઓછી. તેનું પરિણામ એ આવ્યું કે કુર્આને કરીમે એ જ વિરોધી ભાઈઓને હિદાયતના આસ્માનના તારા ફર્માવ્યા. જેમ કે ઈર્શાદ થયો :–

يٰۤاَبَتِ اِنِّیْ رَاَیْتُ اَحَدَ عَشَرَ كَوْكَبًا وَّ الشَّمْسَ وَ الْقَمَرَ رَاَیْتُهُمْ لِیْ سٰجِدِیْنَ۝

"હે અબ્બા જાન ! મેં અગીયાર તારા અને ચાંદ તથા સૂરજને મારા માટે સિજદો કરતા જોયા." *(સૂ. યૂસુફ, ૧૨/૪)*

જુઓ, યુસુફ علیہ السلامના ભાઈઓ આ અતિશય જુલ્મો કરવા છતાં તારાઓના સ્વરૂપમાં દેખાડવામાં આવ્યા, એટલે કે હાદી તથા મહદી. હુઝૂર ﷺ ફર્માવે છે કે, "મારા સહાબા તારાઓની જેમ છે જેની પયરવી કરશો હિદાયત પામશો. " એ જ રીતે અમીર મુઆવિયહ رضی اللہ عنہ આ પ્રમાણેના વિરોધી છતાં સહાબીએ રસૂલ અને હિદાયતના આસ્માનના તારા છે, તેમજ યાકૂબ علیہ السلامએ આ ફિરાક઼ે યૂસુફી (યૂસુફ علیہ السلامના વિરહ)ના જમાનામાં એ યૂસુફ علیہ السلامના ભાઈઓને આપનાવ્યા, યૂસુફ علیہ السلامના દુશ્મન ન જાણયા, નહીં તો તેમને કુફ્રનો ફત્વો આપતા અને પોતાના ઘરથી બહાર કાઢી મૂકતા. કેમ કે નબીની દુશ્મની કુફ્ર છે અને કાફિર સાથે મેલજોલ હરામ છે. યૂસુફ علیہ السلامએ પણ તેમને પોતાના દુશ્મન નથી ઠરાવ્યા, બલ્કે પ્રથમ વાર જ્યારે એ હઝરાત અનાજ લેવા

ગયા તો તેમનુ સન્માન કર્યું અને ઈજ્જત સાથે મહેમાન બનાવ્યા. કહો ! નબીનો દુશ્મન તો કાફિર હોય છે પછી એની મહેમાન નવાઝી કેવી ?!

પછી જ્યારે યૂસુફ علیہ السلام થી માફી માગી તો આ શબ્દો કહ્યા :–

قَالُوْا تَاللّٰهِ لَقَدْ اٰثَرَكَ اللّٰهُ عَلَيْنَا وَاِنْ كُنَّا لَخٰطِـِٕيْنَ ''બોલ્યા, ખુદાની કસમ ! અલ્લાહે આપને અમારા પર બુઝુર્ગી આપી અને અમે ખતા કરનારા હતા.'' *(સૂ. યૂસુફ, ૧૨/૯૨)*

એમાં એ હઝરાતે પોતાના કુફ્ર વગેરેનો ઈકરાર ન કર્યો બલ્કે પોતાને કેવળ ખતાકાર કહ્યા. યૂસુફ علیہ السلام એ તેમને તૌબાનો હુકમ ન આપ્યો બલ્કે કેવળ આવું ફર્માવ્યું : لَا تَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ ؕ يَغْفِرُ اللّٰهُ لَكُمْ ''આજે તમારા પર કાંઈ મલામત (ભલુબુરુ કહેવું) નથી, અલ્લાહ તમને માફ કરે.

જો કુફ્ર હોત તો તેમને ફરીથી મુસલમાન કરવામાં આવત, નિકાહ દોહરાવવામાં આવતા. હઝરત સારા ઈબ્રાહીમ علیہ السلام નાં પત્નીએ હાજરા અને તેમના ફરઝંદ હઝરત ઈસ્માઈલ علیہ السلام ને દાણા પાણી વિના સાયા વિનાના જંગલમાં રખાવી દીધા પણ આ વિરોધના જોશથી જનાબ સારાને ન કાફિર ઠરાવ્યાં ન ફાસિક્, કેમ કે એ સૌ મતભેદના કારણે થયું બલ્કે તે અંબિયા બની ઈસ્માઈલનાં વાલિદા મોહતરમા છે. એ જ મામલો અહીં થયો કે જે બુઝુર્ગોએ હઝરત અલી رضی اللہ عنہ ની મુખાલફત પર શર્મિંદગી કરી, જેમ કે હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا તેમની સાથે હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہ એ એ વર્તાવ કર્યો જે પ્યારો પ્યારાની સાથે કરે છે. જે તેમનો વિરોધ કરતાં કરતાં શહીદ થયા જેમ કે હઝરત મુહમ્મદ ઈબ્ને તલ્હા, ઝુબેર, તલ્હા, તેમના જન્નતી હોવાની અલીયે મુર્તઝા رضی اللہ عنہ એ ખબર આપી અને જે આખર સુધી આપની સાથે લડતા રહ્યા, જેમ કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ વગેરેને ફર્માવ્યું કે અમારા ભાઈ છે, અમારાથી બાગી થઈ ગયા. તેમના માલ ન લૂટયા, તેમને કેદ ન કર્યા તેમના પર દુશ્મનોના હુકમો લાગુ ન કર્યા.

## ★ અમીર મુઆવિયહ رضی اللہ عنہના વિરોધનું કારણ ★

એ પણ જાણવું જોઈએ કે છેવટે અમીર મુઆવિયહ رضی اللہ عنہને હઝરત અલી رضی اللہ عنہથી શું મતભેદ થયો અને શા માટે થયો ? હઝરત ઉષ્માન ઈબ્ને અફફાન رضی اللہ عنہના ઘરનો મિસરીઓએ ઘેરાવ કર્યો. ત્રણ દિવસ અથવા વધુ સુધી પાણી પણ પહોંચવા ન દીધું અને પછી ઘરમાં દાખલ થઈને મુહમ્મદ ઈબ્ને અબૂબક્ર સિદ્દીક્ અને તેર અન્ય માણસોએ તેમને ખૂબ જ બેદર્દીની સાથે શહીદ કર્યા. આપની શહાદત પછી અમીરુલ મો'મિનીન અલી رضی اللہ عنہ મુહાજિરો તથા અન્સારની એકમતીવાળી રાયથી ખલીફા બરહક્ક્ નિયુક્ત થયા. પણ પણ કેટલાક કારણોસર ઉષ્માન ગની رضی اللہ عنہના કાતિલોથી કેસાસ (ખૂનના બદલો) ન લઈ શકાયો. આ ખબર શામમાં અમીર મુઆવિયહ સુધી પહોંચી. તેમણે પયગામ મોકલ્યો કે ખલીફતુલ મુસ્લિમીનને ખાસ મદીના શરીફમાં શહીદ કરી દેવામાં આવવું એ ઘણો જ મહત્વનો મામલો છે, જેથી મહેરબાની કરીને સૌ પ્રથમ કાતિલો પર કેસાસ લાગુ કરવામાં આવે. પરંતુ કેટલીક મજબૂરીઓના કારણે કેસાસ ન લઈ શકાયો. આ તરફ અમીર મુઆવિયહના દિલો દિમાગમાં એ વાત બેસાડવામાં આવી કે અલીયે મુર્તઝા رضی اللہ عنہ મઆઝલ્લાહ ! જાણી જોઈને કેસાસ લેવામાં ઉણપ વર્તી રહ્યા છે. અને આ ક્ત્લમાં નઊઝુબિલ્લાહ મિન્હૂ એમનો હાથ છે, બલ્કે ખુદ એમના કાતિલોને પોલીસ અથવા ફોજમાં ભરતી કરી લેવામાં આવ્યા છે. સારાંશ કે વચ્ચેના કેટલાક ફસાદીઓએ અમીર મુઆવિયહના દિલમાં એ વાત બેસાડી દીધી કે અલીયે મુર્તઝા જાણી જોઈને કેસાસ લાગુ કરવામાં આંખ આડા કાન કરી રહ્યા છે. અમીર મુઆવિયહ رضی اللہ عنہની તરફથી સતત કેસાસ લાગુ કરવાની માગણી થતી રહી. હજી સુધી ન આપની ખિલાફતનો ઈન્કાર હતો ન પોતાની હુકૂમત અલગ કરવાનો ખયાલ હતો, કેવળ ઉષ્માન ગની رضی اللہ عنہના ખૂનના કેસાસની માગણી હતી.

છેવટે નોબત ત્યાં સુધી પહોંચી કે અમીર મુઆવિયહના દિલમાં એ વાત ઘર કરી ગઈ કે અલીયે મુર્તઝા ખિલાફતના લાયક નથી, અને તે

ખિલાફતની જિમ્મેદારીઓને પૂરી રીતે અદા નથી કરી શકતા, કેમ કે આટલા મોટા મહત્વના ખૂનનો કેસાસ ન લઈ શકાયો તો અન્ય વ્યવસ્થાને લગતી બાબતો શું અદા થઈ શકશે ?! મતભેદનો મૂળ પાયો આ હતો. બાકીના સર્વ મતભેદો આ જડની શાખો હતી. અન્ય સર્વ હઝરાતનું વિરોધનું કારણ પણ આ જ ઉષ્માનગની رضی اللہ عنہનું કત્લ હતું. હવે સહાબાએ કિરામનાં ત્રણ ગૃપો પડી ગયાં : એક તે જેઓ નિષ્પક્ષ રહ્યા, કોઈ બાજુ જંગમાં શરીક ન થયા. જેમ કે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, અબ્દુલ્લાહ ઈબ્ને સલામ...વગેરે. અમુક તે જેઓ હઝરત અલી رضی اللہ عنہના વિરોધમાં રહ્યા જેમ કે હઝરત આઈશા, હઝરત તલ્હા, હઝરત ઝુબેર, હઝરત મુહમ્મદ ઈબ્ને તલ્હા, અમીર મુઆવિયહ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ. અમુક તે જેઓ હઝરત અલી رضی اللہ عنہના મદદગાર બન્યા, જેમ કે હઝરત અલી رضی اللہ عنہના સર્વ હક્ક પરસ્ત સાથી. رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ

વિચાર તો કરો કે હઝરત આઈશા رضی اللہ عنہا હઝરત અલી رضی اللہ عنہની વિરૂધ્ધમાં અને હઝરત આઈશાના સગા ભાઈ હઝરત અબ્દુર્રહમાન હઝરત અલીની ફોજમાં સિપાહી હતા. ખુદ હઝરત અલીના ભાઈ અકીલ એ જંગના જમાનામાં નિષ્પક્ષ રહ્યા અને હઝરત અલી رضی اللہ عنہની ઈજાઝતથી અમીર મુઆવિયહ رضی اللہ عنہના ઘરે મહેમાન બનીને રહ્યા, જેના હવાલા અગાઉ વર્ણન થઈ ચૂક્યા.

**વાંધો–૫** : અમીર મુઆવિયહ رضی اللہ عنہને હઝરત ઉષ્માન رضی اللہ عنہના કેસાસની માગણીનો શું હક્ક હતો ? ખૂનનો બદલો દરેક શખ્સ તો નથી માગતો, ફક્ત કત્લ થનારાના વાલી (વારસો)ને જ હક્ક છે.

**જવાબ** : ઉષ્માન ગની رضی اللہ عنہ ખલીફતુલ મુસ્લિમીન હતા. અને ખલીફા સામાન્ય પ્રજાનો વાલી હોય છે. ઈસ્લામી બાદશાહના ખૂનના કેસાસની માગણી દરેક મુસલમાન કરી શકે છે, નહીં તો પછી કોઈ બાદશાહની જાન બલ્કે કોઈ હાકિમનું ખૂન પણ મેહફૂઝ ન હશે. અને

અમીર મુઆવિયહ رضی اللہ عنہ તો હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના વંશિક લેહાઝથી પણ વલી (વારસ) હતા, કેમ કે આપ હઝરત ઉષ્માન رضی اللہ عنہના નિકટના સગા હતા. એટલા માટે કે ઉમૈયા ઈબ્ને અબ્દુ શમ્સમાં ઉષ્માન ગની رضی اللہ عنہ અને અમીર મુઆવિયહ رضی اللہ عنہ મળે છે. અમીર મુઆવિયહ رضی اللہ عنہનું નસબનામુ (પેઢીનામુ) અમે વર્ણવી ચૂક્યા છીએ. ઉષ્માન ગની رضی اللہ عنہનો વંશવેલો આ પ્રમાણે છે :

ઉષ્માન ઈબ્ને અફફાન, ઈબ્ને અબિલ આસ, ઈબ્ને ઉમૈયા, ઈબ્ને અબ્દે શમ્સ, ઈબ્ને અબ્દે મુનાફ, તો હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ હઝરત ઉષ્માન رضی اللہ عنہથી ઉમૈયામાં મળી જાય છે.

તેમજ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ અલીયે મુર્તઝા رضی اللہ عنہથી ફર્માવ્યું કે, અમીરુલ મો'મિનીન رضی اللہ عنہને ઉષ્માનના ક઼ેસાસની માગણીનો હક્ક઼ છે કેમ કે તે એમના વલી છે. અને આયત પઢી અને ફર્માવ્યું કે જો આપે ક઼સાસ ન લીધો તો સર્વ મુલ્કના અમીર મુઆવિયહ رضی اللہ عنہ માલિક થઈ જશે.

وَ مَنْ قُتِلَ مَظْلُوْمًا فَقَدْ جَعَلْنَا لِوَلِيِّهٖ سُلْطٰنًا فَلَا يُسْرِفْ فِّي الْقَتْلِ ؕ اِنَّهٗ كَانَ مَنْصُوْرًا ﴿۳۳﴾

''અને જે નાહક્ક઼ માર્યો જાય તો બેશક઼ ! અમે તેમના વારસને કાબૂ આપ્યો છે તો તે ક઼ત્લમાં હદથી ન વધે. જરૂર એની મદદ થશે.''

*(સૂ. બની ઈસ્માઈલ, ૧૭/૩૩)*

જુઓ, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની આ માગણીની હિમાયત કરી અને આયતથી દલીલ કરી. *(કિતાબ તાત્હીરુલ જિનાન, પેજ–૧૧૧)*

**વાંધો–૬** : અમીર મુઆવિયહ رضی اللہ عنہએ ત્રણ કુસૂર કર્યા : **એક** એ કે ખલીફાની પસંદગી આમ રાયથી થવી જોઈએ પણ તેમણે ખુદ તેમને ખલીફા બનાવી દીધા. **બીજુ** એ કે પોતાના પુત્રને જાનશીન કરવો એ ઈસ્લામી ક઼ાનૂનની વિરૂધ્ધ છે. **ત્રીજુ** ફાસિક઼ તથા ફાજિર કમીના પુત્રના હાથમાં હુકૂમતની બાગડોર આપી દેવી જુર્મ છે. કર્બલાના સર્વ જુલ્મોની

જિમ્મેદારી અમીર મુઆવિયહ પર છે જ્યારે ફાસિક઼ તથા ફાજિરને નમાઝનો ઈમામ નથી બનાવી શકતા તો તેને મુસલમાનોનો ઈમામ બનાવવો કઈ રીતે દુરૂસ્ત થઈ શકે છે ?

**જરૂરી નોંધ** : આશ્ચર્ય છે કે આ વાંધો તે શીઆઓ પણ કરે છે જેમની નજીક ખિલાફતે ઈલાહી મૂરૂષી (વારસાગત) જાયદાદની જેમ કેવળ અલીયે મુર્તઝા رضی اللہ عنہના ખાનદાનના બાર વ્યક્તિઓમાં વારસા રૂપે સીમિત છે, અને મજાની વાત એ કે આ વારસાગત પર ન કોઈ કુર્આની આયત ગવાહ છે ન કોઈ હદીષ. કેવળ પોતાની અંગત રાય છે. જ્યારે તેમની અંગત રાયથી ખિલાફતે ઈલાહિયા વારસાગત જાયદાદ બની શકે છે, તો અમીર મુઆવિયહ رضی اللہ عنہ પણ પોતાનો વલી અહદ (અનુગમી) પોતાના પુત્રને કરી શકે છે.

**જવાબ** : આ ત્રણેવ વાંધાઓ કરોળીયાના જાળાની જેમ કમજોર છે. પહેલા ખલીફાનું પોતાની જિંદગીમાં બીજાને ખલીફા કરવું દુરુસ્ત છે. ખિલાફતના કેટલાક તરીક઼ા છે : (૧) આમ રાયથી ખલીફા બને છે, જેમ કે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની ખિલાફત. (૨) પ્રથમ ખલીફાની પસંદગીથી, જેમ કે ઉમર ફારૂક઼ رضی اللہ عنہની ખિલાફત કે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ ખુદ હયાત શરીફમાં આપને ખલીફા બનાવીને ગયા. (૩) ખાસ અહલે હલ્લો અક઼દ (પેચીદા મસ્અલા હલ કરનારા)ની પસંદગીથી. જેમ કે ઉષ્માન ગની તથા મુર્તઝવી ખિલાફત. જો અમીર મુઆવિયહ رضی اللہ عنہ આ પસંદગીના કારણે કુસૂરવાર છે તો અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ પર પણ એ જ વાંધો થશે.

પોતાના પુત્રને પોતાનો જાનશીન કરવો કોઈ આયત તથા હદીષની રૂએ મના નથી. જો મના છે તો તે આયત અથવા હદીષ પેશ કરો. આજે સામાન્યપણે સૂફીઓ, મશાઈખ, સુલ્તાનો પોતાની ઔલાદને ગાદી નશીન પોતાના જાનશીન બનાવી જાય છે, તો શું એ મશાઈખ તથા સૂફીઓને ફાસિક઼ તથા ફાજિર કહેશો ? સારાંશ કે પોતાની ઔલાદને પોતાના જાનશીન બનાવવા એ કોઈ આયત તથા હદીષની રૂએ જુર્મ નથી. એનાથી

પહેલાં ઈમામ હસન હઝરત અલી رضی اللہ عنہના ખલીફા બની ચૂક્યા હતા. બેટાનુ ખલીફા બનવું હઝરત હસન رضی اللہ عنہથી શરૂ થયું.

હઝરત મૂસા علیہ السلامએ દુઆ કરી કે, મૌલા ! મારા ભાઈ હારૂનને મારો વઝીર બનાવી આપ.

وَ اجْعَلْ لِّیْ وَزِیْرًا مِّنْ اَهْلِیْ ﴿۲۹﴾ هٰرُوْنَ اَخِی ﴿۳۰﴾ اشْدُدْ بِهٖۤ اَزْرِیْ ﴿۳۱﴾ وَ اَشْرِكْهُ فِیْۤ اَمْرِیْ ﴿۳۲﴾

"અને મારા માટે મારાં ઘરવાળાઓમાંથી એક વઝીર કરી આપ, એટલે મારા ભાઈ હારૂનને કે એનાથી મારી કમર મજબૂત કર, અને તેમને મારા કામમાં શરીક કરી આપ." *(સૂ. તાહા, ૨૦/૨૯ થી ૩૨)*

આપની આ દુઆ કબૂલ કરવામાં આવી. રબે આપના પર નારાજી ન ફર્માવી કે તમે પોતાનાંઓ માટે કોશિશ કરે કરો છો ?!

ઝકરિયા علیہ السلامએ રબ્બુલ આલમીનથી ફરઝંદ માગ્યો અને દુઆ કરી કે તે મારો પુત્ર મારો જાનશીન બને. એ દુઆ કબૂલ થઈ. રબ ફર્માવે છે : فَهَبْ لِي مِن لَّدُنْكَ وَلِيًّا يَرِثُنِي وَيَرِثُ مِنْ اٰلِ يَعْقُوبَ "તો મને તારા તરફથી એક વારસ આપ જે મારો અને આલે યાકૂબનો વારસ બને." *(સૂ. મરયમ, ૧૯/૬)*

સારાંશ કે પોતાના પુત્ર, પોતાના ભાઈ, પોતાના સગાં સંબંધીને પોતાના નાયબ કરવા એ ન હરામ છે ન મકરૂહ છે, બલ્કે એની કોશિશ કરવી, એની દુઆ કરવી અંબિયાથી સાબિત છે.

ક્યાંય સાબિત નથી થતુ કે અમીર મુઆવિયહ رضی اللہ عنہની હયાતમાં યઝીદ ફાસિક઼ તથા ફાજિર હતો અને અમીર મુઆવિયહ رضی اللہ عنہએ તેને ફાસિક તથા ફાજિર જાણવા છતાં પોતાનો જાનશીન બનાવ્યો. યઝીદનું ફિસ્ક઼ો ફુજૂર અમીર મુઆવિયહ رضی اللہ عنہના બાદ જાહેર થયું. ભાવિનુ ફિસ્ક઼ વર્તમાનમાં ફાસિક઼ બનાવશે નહીં.

જુઓ, રબ તઆલાએ શૈતાનને તેનુ કુફ્ર જાહેર થયા બાદ જન્નત તથા ફરિશ્તાઓની જમાઅતથી કાઢયો, તેના પહેલાં તેને દરેક જગાએ રહેવાની ઈજાઝત આપવામાં આવી, તેની અઝમત હુર્મત કરવામાં આવી.

જ્યારે શૈતાનને કુફ્ર તથા દુશ્મની જાહેર થતા પહેલાં કાફિર ઠરાવવામાં ન આવ્યો તો યઝીદ ફિસ્કો ફુજૂર જાહેર થતા પહેલાં કેવી રીતે ફાસિક તથા ફાજિરના વર્ગમાં આવી શકે છે ? અને અમીર મુઆવિયહ કેવી રીતે આ આક્ષેપ હેઠળ આવી શકે છે ?

અને જો કોઈ રિવાયત એવી મળી પણ જાય જેનાથી જાણવા મળે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہએ યઝીદના ફિસ્કો ફુજૂરથી માહિતગાર હોવા છતાં તેને પોતાનો ખલીફા નિયુક્ત કર્યો તો તે રિવાયત જૂઠી છે અને રાવી શીઆ છે, અથવા કોઈ સહાબીઓનો દુશ્મન છે. **જે રિવાયત અમીર મુઆવિયહ رضی اللہ عنہ અથવા કોઈ સહાબીનો ફિસ્ક઼ સાબિત કરે તે મરદૂદ છે, કેમ કે કુર્આનની વિરૂધ્ધ છે. સર્વ સહાબીઓ કુર્આની હુકમ મુજબ મુત્તક઼ી છે.**

આ સર્વ ચર્ચા એ સ્થિતિમાં છે કે આપણે અમીર મુઆવિયહ رضی اللہ عنہના યઝીદને ખલીફા બનાવવાનુ માની લઈએ, નહીં તો હક઼ીક઼ત એ છે કે ઐતિહાસિક રિવાયતોથી કેવળ એટલુ સાબિત થાય છે કે અમીર મુઆવિયહએ યઝીદના માટે લોકોથી બયઅત લેવાની કોશિશ કરી. ખબર નહીં આ રિવાયત પણ ક્યાં સુધી દુરુસ્ત છે. જો યઝીદ પહેલેથી જ બાકાયદા ખલીફા બની ચૂક્યો હોત તો અમીર મુઆવિયહની વફાત પછી પોતાની બયઅત લેવાની કોશિશ શા માટે કરતો ?! અને વળી બયઅતનો પ્રશ્ન હવે શા માટે પેદા થતો ?! જેથી આ વાંધો મુદ્દલે જ ગલત છે.

**જરૂરી નોંધ** : અમીર મુઆવિયહ رضی اللہ عنہ અને ઈમામ હસન رضی اللہ عنہની સુલહના મોકા પર અમીર મુઆવિયહ رضی اللہ عنہએ ઈમામ હસન رضی اللہ عنہની ખિદમતમાં સાદો કાગળ મોકલી આપ્યો હતો કે આપ જે શર્ત ચાહો લખી લો મને મંજૂર છે. *(કિતાબુસ્સિયર, સવાઈક઼ે મુહર્રિક઼ા, કિતાબુન્નાહિયા)* સુલહની શરતોમાંથી એક શર્ત એ પણ હતી કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ પછી ઈમામ હસન رضی اللہ عنہ ખલીફા બનશે જેને અમીર મુઆવિયહ رضی اللہ عنہએ કબૂલ કરી લીધી હતી. *(કિતાબુન્નાહિયા, સવાઈક઼)*

બુખારી શરીફમાં હસન બસરી رضی اللہ عنہની રિવાયતથી છે કે ઈમામ હસન અસંખ્ય લશ્કર લઈને અમીર મુઆવિયહ رضی اللہ عنہના મુકાબલામાં આવ્યા. અમીર મુઆવિયહ رضی اللہ عنہએ અમ્ર ઈબ્ને આસને કહ્યું કે, આ બંને લશ્કરોમાંથી જે પણ જેને કત્લ કરે મુસલમાન જ શહીદ થશે, તેમનાં બીવી બચ્ચાં આપણે જ સંભાળવાં પડશે, જેથી સુલહની કોઈ સ્થિતિ જુઓ કે સુલહ થઈ જાય. જેથી અમીર મુઆવિયહ رضی اللہ عنہએ અબ્દુર્રહમાન ઈબ્ને સમુરહ તથા અબ્દુર્રહમાન ઈને આમિર કુર્શીને સુલહના માટે મોકલ્યા. તેમને પોતાના આમ મુખ્તાર કરી આપ્યા. ઈમામ હસને જે પણ શર્ત પેશ કરી તેના વિશે એ બંનેવ બુઝુર્ગોએ કહ્યું કે અમને મંજૂર છે. છેવટે સુલહ થઈ ગઈ. આ સુલહ માહે રબીઉલ અવ્વલ હિ.સ. ૪૧માં થઈ. આ સુલહ બાદ ઈમામ હસનના સાથીઓમાંથી એક સાથીએ ઈમામ હસને કહ્યું કે હું મુસલમાનોને ઝલીલ કરનાર નથી બલ્કે તેમની ઈજ્જત તથા જાનો માલ મેહફૂઝ કરનારો છું. મેં મારા પિતા અલીયે મુર્તઝા رضی اللہ عنہને ફર્માવતાં સાંભળ્યું કે અમીર મુઆવિયહ رضی اللہ عنہની અમારતને બુરી ન સમજો, કેમ કે મારા બાદ અમીર મુઆવિયહ رضی اللہ عنہ મુસ્તકિલ અમીર થઈ જશે અને અમીર મુઆવિયહ બાદ એવા ફિત્ના થશે કે તમે માથાંઓને ભાલાઓ પર જોશો. (કિતાબુલન્નાહિયા) પછી આપ કૂફાથી મદીના મુનવ્વરા તશરીફ લઈ ગયા અને ત્યાં જ આખરી દમ સુધી મુકીમ રહ્યા. (સવાઈક) એનાથી હઝરત અલી رضی اللہ عنہના ઈલ્મનો કમાલ જાણવા મળ્યો કે જે કાંઈ આપે ફર્માવ્યું તે થઈને રહ્યું.

આ રિવાયતોથી જાણવા મળ્યું કે જો અમીર મુઆવિયહ رضی اللہ عنہની વફાતના સમયે ઈમામ હસન જીવતા હોત તો તે જ મુસ્તકિલ ખલીફા બનત. વળી જો અમીર મુઆવિયહ رضی اللہ عنہને યઝીદને જ ખલીફા બનાવવાનો હેતુ હતો તો એ શર્ત કદાપિ કબૂલ ન કરતા. અને જો અમીર મુઆવિયહ رضی اللہ عنہ અહલે બયતના દુશ્મન હોત તો ઈમામ હસનની ખિલાફત પર પોતાના બાદ કદી રાજી ન થાત. અલ્લામા અબૂ ઈસ્હાક પોતાની કિતાબ નૂરુલ અયન ફી મસ્હદિલ હસ્નૈનમાં મુબાદિયાતે

શહાદતમાં લખ્યું કે અમીર મુઆવિયહએ ઈમામ હસનને મદીનાના હાકિમ નિયુક્ત કર્યા, પછી આપને તમામ શાહી ખજાનાના મોહતમિમ તથા માલિક બનાવી દીધા. બલ્કે કેટલાક અરસા બાદ અમીર મુઆવિયહ رضی اللہ عنہ મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા અને આપને પોતાની સાથે દમિશ્ક લઈ ગયા સર્વ ઔલાદ સાથે અને ત્યાં આપને જ સલ્તનતના આમ મુખ્તાર બનાવ્યા.

એ જ કિતાબ નૂરુલ અયન ફી મશહદિલ હસ્નૈનમાં અમીર મુઆવિયહ رضی اللہ عنہની વસિયતો ખૂબ જ વિગતવાર વર્ણવી જેમાંથી અમુકનો તર્જુમો અમે રજૂ કરીએ છીએ :–

જ્યારે અમીર મુઆવિયહ رضی اللہ عنہની વફાતનો સમય નજીક આવ્યો તો યઝીદે પૂછયું કે, અબ્બા જાન ! આપના બાદ ખલીફા કોણ થશે ? તો આપે કહ્યું કે ખલીફા તો તું જ બનીશ, પણ હું જે કહું છું તે ધ્યાનથી સાંભળ ! કોઈ કામ ઈમામ હુસૈનના મશ્વરા વગર ન કરતો (એટલે તે તારા વઝીરે આ'ઝમ છે) તેમને ખવડાવ્યા વિના ન ખાતો, તેમેન પીવડાવ્યા વગર ન પીતો, સૌ પ્રથમ એમના પર ખર્ચ કરજે પછી કોઈ બીજા પર કરજે. પ્રથમ એમને પહેરાવજે પછી ખુદ પહેરજે. હું તને ઈમામ હુસૈન, તેમના ઘરવાળાઓ, તેમના કુટુંબ કબીલા બલ્કે સર્વ બની હાશિમના માટે સારા વર્તાવની વસિયત કરું છું.

હે બેટા ! ખિલાફતમાં આપણો હક્ક઼ નથી, તે ઈમામ હુસૈન, તેમના પિતા તેમના અહલે બયતનો હક્ક઼ છે, તું થોડા દિવસ ખલીફા રહેજે પછી ઈમામ હુસૈન જ્યારે પૂરા કમાલ પર પહોંચી જાય તો પછી તે જ ખલીફા થશે અથવા જેને તે ચાહે કે જેથી ખિલાફત એના સ્થાન પહોંચી જાય. અમે સૌ ઈમામ હુસૈન તથા એમના નાનાના ગુલામ છીએ, તેમને નારાજ ન કરતો, નહીં તો તારા પર અલ્લાહ વ રસૂલ નારાજ થશે, અને પછી તારી શફાઅત કોણ કરશે ?!

આ વસિયતનામુ ખૂબ જ લાંબુ છે. હવે વિચાર કરો કે આ ઈતિહાસ શું બતાવી રહ્યો છે.

**વાંધો–૭** : અમીર મુઆવિયહ رضی اللہ عنہએ ઈમામ હસનને ઝહેર અપાવ્યું જેનાથી આપની શહાદત થઈ. આ કામ પણ યઝીદની ખિલાફતના માટે કર્યું.

**જવાબ** : જી હા ! તમને વહીના ઝરીયાથી આ ગયબનો ઈલ્મ થઈ ગયો હશે ?! તે પણ ચૌદસો વરસ પછી ! અથવા તમે ગયબના આલમથી જોઈ રહ્યા હશે ! ખુદ એ જમાનામાં તો ઈમામ હુસૈન رضی اللہ عنہને પણ ઝહેર આપનારનો પતો ન લાગી શક્યો જેથી આપ કોઈને સજા ન આપી શકયા. બલ્કે જ્યારે ઈમામ હુસૈન رضی اللہ عنہએ ઈમામ હસનને પૂછયું તો ઈમામ હસને જવાબ આપ્યો કે, "જેના સંબંધે મારો ખયાલ છે તેણે જો મને ઝહેર આપ્યું છે તો અલ્લાહ તેને સજા આપશે, અને જો તે નથી તો તમે શા માટે કોઈ બેકુસૂરને સજા આપો." "હવે કહો ! તમને કયો ઈલ્હામ થઈ ગયો ?! આનુ જ નામ બદગુમાની છે જે સખત જુર્મ છે. રબ ફર્માવે છે : اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ (બેશક ! કોઈ ગુમાન ગુનાહ થઈ જાય છે. સૂ. હુજુરાત, ૪૯/૧૨) મુસલમાન પર બદગુમાની ગુનોહ છે તો પછી સહાબીએ રસૂલ પર બદગુમાની બદતરીન ગુનોહ છે.

**વાંધો–૮** : અમીર મુઆવિયહ رضی اللہ عنہ હઝરત અલી رضی اللہ عنہને ગાળો આપતા પણ હતા અને લોકો પાસે ગાળો અપાવતા પણ હતા. જેથી મુસ્લિમ શરીફમાં હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہથી રિવાયત છે કે મારાથી અમીર મુઆવિયહ رضی اللہ عنہ એકવાર કહ્યું : اما منعک ان تسب ابا تراب "તમે અલીને ગાળ કેમ નથી આપતા ?" હઝરત સઅદે કહ્યું કે મેં હુઝૂર صلی اللہ علیہ وسلمથી હઝરત અલી رضی اللہ عنہના વિશે ત્રણ વાતો સાંભળી છે જેથી કદી તેમને ગાળ આપીશ નહીં : **એક** એ કે હુઝૂરે અલીને ફર્માવ્યું, તમે મારા માટે એવા છો જેમ કે હઝરત મૂસા علیہ السلامના માટે હઝરત હારૂન. **બીજુ** એ કે હુઝૂરે ખૈબરના દિવસે ફર્માવ્યું કે હું એને ઝંડો આપીશ જે અલ્લાહ વ રસૂલને પ્યારો છે અને અલ્લાહ વ રસૂલ તેને પ્યારા છે. **ત્રીજુ** એ કે જ્યારે મુબાહિલાની આયત ઉતરી તો હુઝૂર صلی اللہ علیہ وسلم અલી, ફાતિમા, હસન તથા હુસૈનને પોતાની સાથે લઈ ગયા.

અને જાહેર છે કે અહલે બયતને ગાળો આપવી પણ ફિસ્ક઼ છે અને ગાળો અપાવવી પણ ફિસ્ક઼ છે, જેથી અમીર મુઆવિયહ ફાસિક઼ છે.

**જવાબ** : તમે હદીષને સહીહ રીતે સમજી નથી. અરબી ભાષામાં سَبْ કેવળ ગાળને નથી કહેતા બલ્કે બુરા કહેવાને પણ سَبْ કહે છે. રબ ફર્માવે છે : وَلَا تَسُبُّوا الَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ فَيَسُبُّوا اللّٰهَ عَدْوًا بِغَيْرِ عِلْمٍ ''તમે તેમને બુરા ન કહો જેમની આ મુશ્રિકો ખુદા સિવાય પૂજા કરે છે, નહીં તો તેઓ ખુદાને બેઈલ્મ બુરો કહેશે.'' *(સૂ. અન્આમ, ૬/૧૦૮)*

અહીં سَبْ નો અર્થ ગાળો નથી, કેમ કે સહાબાએ કિરામ ફુહશ (બિભત્સ) ગાળો આપતા ન હતા, ઘણા જ સંસ્કારી બુઝુર્ગો હતા. અહીં سَبْ નો અર્થ બુરા કહેવું છે. સરકાર ﷺ ફર્માવે છે : فَأَيُّ مُسْلِمٍ لَعَنْتُهُ أَوْ سَبَّتُهُ فَاجْعَلْ لَهٗ زَكٰوةً وَرَحْمَةً ''તો જે મુસલમાનને હું લઅનત કરું અથવા બુરો કહું તો તેના માટે પાકી અને રહમત બનાવી દે.''

અહીં سَبْનો અર્થ ગાળ આપવું નથી, કેમ કે આક઼ાએ દો જહાં ﷺની ઝબાન મુબારક પર કદી ગાળ ન આવી, ન આવી શકતી હતી. અમીર મુઆવિયહ رضی اللہ عنہએ હઝરત સઅદને સૈયદના અલી رضی اللہ عنہને ગાળ આપવાનો હુકમ નથી આપ્યો, બલ્કે કારણ પૂછયું કે તમે અલીયે મુર્તઝા رضی اللہ عنہની કોઈ ગલતી કે ખતા કેમ વર્ણન નથી કરતા. અને હેતુ એ હતો કે હઝરત સઅદ رضی اللہ عنہના ફઝાઈલ વર્ણન કરે અને હઝરત અલીને બુરા કહેનારા લોકો સાંભળે અને ભવિષ્યમાં એ બુરુ કહેવાથી દૂર રહે. એટલા માટે હઝરત સઅદે જ્યારે હઝરત અલીના ફઝાઈલ વર્ણવ્યા તો અમીર મુઆવિયહ رضی اللہ عنہ ખામોશ રહ્યા. જો બુરા કહેવડાવવાનો હેતુ હોત તો કાંઈક અયબો સાચા જૂઠા બનાવીને જાતે વર્ણવી આપત, પણ એવું નથી કર્યું. સહાબાએ કિરામની સાથે સારુ ગુમાન કરવું જોઈએ અને આ પ્રકારની રિવાયતોમાં તાવીલ કરવી જોઈએ. જો આયતો તથા હદીષોના જાહેરી અર્થો દરેક જગાએ કરવામાં આવે તો હજારો વાંધાઓ ખુદ અલ્લાહ તઆલા પર અને સર્વ પયગંબરો પર એવા લાગુ થશે કે

મુસલમાનોના ઈમાનનો ખાત્મો થઈ જશે. એની તેહકીક઼ અમારી કિતાબ ''કહરે કિબ્રિયા બર મુન્કિરીને ઈસ્મતે અંબિયા''માં જુઓ.

**વાંધો–૯** : અમીર મુઆવિયહ رضی اللہ عنہને હુઝૂર صلی اللہ علیہ وسلمએ બદદુઆ આપી. જેમ કે મુસ્લિમ શરીફમાં અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે એકવાર મને હુઝૂર صلی اللہ علیہ وسلمએ હુકમ આપ્યો કે મુઆવિયહ رضی اللہ عنہને બોલાવો. હું બોલાવવા ગયો તો તે ખાણુ ખાય રહ્યા હતા. મેં આવીને એ અર્ઝ કરી આપ્યું. ફરી હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે મુઆવિયહને બોલાવો. જ્યારે હું ગયો તો તે ખાણુ જ ખાય રહ્યા હતા. મેં અર્ઝ કરી, હુઝૂર ! તે ખાણુ ખાય રહ્યા છે. તો ફર્માવ્યું : لا اشبع اللہ بطنہٗ اللّٰہُ તેમનું પેટ ન ભરાય ! અને હુઝૂરની દુઆ પણ કબૂલ છે. અને બદદુઆ પણ. અમીર મુઆવિયહ رضی اللہ عنہને હુઝૂર صلی اللہ علیہ وسلمની બદદુઆ લાગી.

**જવાબ** : વાંધો ઉઠાવનારે આ હદીષને સમજવામાં લગતી કરી. કમ સે કમ એ જ સમજી લીધુ હોત કે જે મુજસ્સમ અખ્લાક઼વાળા صلی اللہ علیہ وسلم ગાળો આપનારાઓ, પથ્થર મારનારાઓને પણ બદદુઆ નથી આપતા, તે મહબૂબ રહમતુલલ્લિઆલમીન صلی اللہ علیہ وسلم આ મોકા પર અમીર મુઆવિયહને વિના કુસૂરે શા માટે બદદુઆ આપતા ? ખાણુ મોડે સુધી ખાવું ન શરઈ જુર્મ છે ન કાનૂની. વળી સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ અમીર મુઆવિયહ رضی اللہ عنہને એવું કહ્યું પણ નથી કે આપને સરકાર صلی اللہ علیہ وسلم બોલાવી રહ્યા છે, કેવળ જોઈને ચૂપચાપ પરત આવ્યા અને હુઝૂર صلی اللہ علیہ وسلمને સ્થિતિ વર્ણવી આપી. તો અમીર મુઆવિયહ رضی اللہ عنہનો ન કુસૂર ન ખતા, અને હુઝૂર આ બદદુઆ આપે એ અશક્ય છે. આટલુ વિચારી લેવાથી જ વાંધો ઉઠાવવાની હિંમત ન થાત.

હવે તમારા વાંધાનો જવાબ સાંભળો ! અરબના મુહાવરામાં આવા પ્રકારના શબ્દો પ્યાર મહોબ્બતમાં પણ બોલવામાં આવે છે, એનાથી બદદુઆનો હેતુ નથી હોતો. રબ્બે કરીમ ફર્માવે છે :–

اِنَّا عَرَضْنَا الْاَمَانَةَ عَلَى السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَ الْجِبَالِ فَاَبَيْنَ اَنْ يَّحْمِلْنَهَا وَ اَشْفَقْنَ مِنْهَا وَ حَمَلَهَا الْاِنْسَانُ ؕ اِنَّهٗ كَانَ ظَلُوْمًا جَهُوْلًا ۟

"અમે અમાનતને ઉઠાવવાથી ઈન્કાર કરી આપ્યો અને એનાથી ડરી ગયા. અને એને માણસે ઉઠાવી લીધી. બેશક ! ઈન્સાન જાલિમ તથા જાહિલ છે. *(સૂ. અહઝાબ, ૩૩/૭૨)*

કહો ! માણસે અલ્લાહની અમાનતનો તે બોજ ઉઠાવ્યો જેને આસ્માન તથા જમીન અને પહાડ ન ઉઠાવી શક્યા અને રબે ઈન્સાનને જાલિમ તથા જાહિલનો ખિતાબ આપ્યો. જાણવા મળ્યું કે અહીં આ શબ્દો ગઝબના માટે નથી બલ્કે કરમના માટે કહેવામાં આવ્યા છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ અબૂ ઝરને એક સવાલના જવાબમાં ઈર્શાદ ફર્માવ્યો : علی رغم انف ابی ذرٍ "અબૂ ઝરની ખાક ખાક આલૂદ થઈ જાય !" કોઈને સરકાર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : ثکلتک امک "તને મારી મા રડે !" કોઈને કહ્યું : قاتله الله "એને ખુદા ગારત કરે !" પોતાની એક પત્ની સાહેબાના વિશે જ્યારે હજમાં ખબર પડી કે તેમને માસિક આવી ગયું છે, તેણી તવાફે વિદાઅ નથી કરી શકતાં. તો ફર્માવ્યું, عقریٰ حلقیٰ સુંડી બાંધ ! વગેરે. આ સર્વ પ્રસંગોએ પ્રેમને પ્રદર્શિત કરવું છે ન કે બદ દુઆ. જેમ કે આપણી ઉર્દૂમાં પણ બાળકોને પ્યારમાં કહી દેવામાં આવે છે : "અરે પાગલ ! અરે ! મરી જા ! અય ! તને મૌતને આપી દઉં !" પંજાબમાં બાળકોને પ્યારથી કહેવાય છે : "હે દુબ જાનિયે ! અમ ઓડ પડ જાનિયે"એ જ પ્રમાણે છે.

અને જો માની પણ લેવામાં આવે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ અમીર મુઆવિયહ رضی اللہ عنہને બદદુઆ જ આપી તો પણ એ બદ દુઆ અમીર મુઆવિયહને દુઆ બનીને લાગી. એ જ દુઆનું પરિણામ એ આવ્યું કે અલ્લાહ તઆલાએ અમીર મુઆવિયહ رضی اللہ عنہને એટલા ભર્યા એટલો માલ આપ્યો કે તેમણે સેંકડોનાં પેટ ભરી આપ્યાં. એક એક શખ્સને વાત વાત પર લાખો રૂપિયાનાં ઈનામો આપ્યાં. કેમ કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ પોતાના રબથી અહદ લઈ લીધો હતો કે, મૌલા ! જો હું કોઈ મુસલમાનને વિના કારણે લઅનત કે બદદુઆ કરું તો તેને રહમત, અજ્ર અને પાકીનો ઝરીયો બનાવી દેજે. આ હદીષ મુસ્લિમ શરીફમાં હઝરત આઈશા સિદીક઼ા, અબૂ

હુરૈરહ رضی اللہ عنہથી કિતાબુદ્ દઅવાતમાં છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે હે મૌલા ! જે કોઈને બુરુ કહી દઉં તો કયામતમાં તેના માટે એ બદદુઆને કુર્બનો ઝરીયો બનાવ.

**વાંધો-૧૦** : અમીર મુઆવિયહ رضی اللہ عنہ અને યઝીદમાં શું ફરક છે, જે યઝીદે કર્યું તે અમીર મુઆવિયહ رضی اللہ عنہએ કર્યુ. ઘર એક, ખાનદાન એક, કામ એક. તે એ કે પણ અહલે બયતને સતાવ્યા અને અમીર મુઆવિયહે પણ. તમે યઝીદને મરદૂદ અને પલીદ કહો છો અને અમીર મુઆવિયહને "રદિયલ્લાહુ અન્હૂ" કહો છો ! ક્યાં તો યઝીદની પણ તાઝીમ કરો અથવા અમીર મુઆવિયહનો પણ વિરોધ કરો.

**જવાબ** : આ ફરક તો ઈમામુશ્શોહદા, શહીદે કર્બલા ઈમામ હુસૈન رضی اللہ عنہને પૂછો કે એ જનાબે અમીર મુઆવિયહના હાથમાં હાથ આપ્યો અને ઈમામ હસન رضی اللہ عنہની સુલહ પર કોઈ વાંધો ન કર્યો. પરંતું યઝીદના મુકાબલામાં માથુ આપી દીધું, હાથ ન આપ્યો. જ્યારે કે અમીર મુઆવિયહના મુકાબલાના મોકા પર ખૂબ મોટુ મહાન લશ્કર આપની સાથે હતું. આટલી મજબૂરીઓ છતાં એ મરદૂદથી સુલહ ન કરી. આ જ ફરકને અમે માનનારા છીએ. અને જો અમને જ પૂછવું છે તો સાંભળો !

એ બંનેમાં ફરક એ છે કે યઝીદ પલીદ કેવળ પોતાની હુકૂમત અને તખ્તો તાજની ખાતર, નફસની ઈચ્છાઓના ખાતર અહલે બયતે અત્હારના મુકાબલામાં આવ્યો. શરઈ કાનૂનના લેહાઝથી એને ખલીફા બનાવવો જાઈઝ ન હતો, કેમ કે ફાસિક તથા ફાજિર હતો. અને અમીર મુઆવિયહ رضی اللہ عنہનો એ વિરોધ એક શરઈ મસ્અલાના સંબંધે ગલતફહમીના કારણે હતો. અને આપ શરઈ હૈસિયતથી મુસલમાનોના અમીર બની શકતા હતા, કેમ કે તે સહાબીયે રસૂલ, મુત્તકી, આદિલ, ષિકહ હતા. યઝીદના મુકાબલામાં ઈમામને શરઈ મજબૂરી હતી, અહીં ન હતી. જેથી ફરક જાહેર છે.

જેમ કે યૂસુફ علیہ السلامના ભાઈઓ અને કાબિલે કે એ બંનેવે પોતાના

ભાઈને સતાવ્યા, પિતાને દુઃખ પહોંચાડયું પણ યુસૂફ علیہ السلامના ભાઈઓએ યાકૂબ علیہ السلامનો કુર્બ (નઝદીકી) હાંસલ કરવા માટે કે જ્યારે યૂસુફ علیہ السلام અહીં નહીં રહેશે તો પછી આપ અનાયાસે અમારી સાથે મહોબ્બત કરશે અને કાબિલે નફસાની ખ્વાહિશના હેઠળ અક્લીમા છોકરી હાંસલ કરવા માટે. કામ લગભગ એક સરખાં હતાં, પણ નિય્યત તથા ઈરાદામાં ફરક હોવાના કારણે યૂસુફ علیہ السلامના ભાઈઓ મહબૂબ રહ્યા અને કાબિલ મરદૂદ કર્યો. (શેઅર)

گر فرق مراتب نہ کنی زندیقی

**વાંધો–૧૧** : અમે અમીર મુઆવિયહ رضی اللہ عنہને રસૂલના સહાબી નથી માનતા, કેમ કે સહાબીમાં શર્ત એ છે કે તે આખરી દમ સુધી ઈમાન પર કાયમ રહે. અમીર મુઆવિયહ رضی اللہ عنہ મુર્તદ થઈ ગયા હતા. (નઊઝુબિલ્લાહ !) કેમ કે અહલે બયતની તૌહીન તથા અદાવત કુફ્ર છે. જેથી અમીર મુઆવિયહ સહાબી નથી, નહીં તો એમના પર સહાબાએ કિરામના ફઝાઈલની આયતો તથા હદીષો ફીટ થઈ શકતી હતી. અને ન તેમને મુત્તકી, આદિલ ષિકહ વગેરે કહેવામાં આવી શકે છે, કેમ કે આ સર્વ સિફતો (ખૂબીઓ) સહાબિયત પર મૌકૂફ છે.

**જવાબ** : અમીર મુઆવિયહ رضی اللہ عنہના ઈમાનના ઈન્કારથી તમે પોતાના ઈમાનથી હાથ ધોઈ બેઠા ! કેમ કે હવે સવાલ એ થશે કે શરીઅતમાં મુર્તદનો હુકમ કત્લ છે, જો મુર્તદને શક્તિ હાંસલ છે તો તેનો હુકમ જંગ છે, ત્યાં સુધી કે ક્યાં તો તે માર્યો જાય અથવા ઈસ્લામ લઈ આવે. મુર્તદનો માલ માલે ગનીમત થશે. મુર્તદના કેદી લોંડી ગુલામ બનાવવામાં આવશે. મુર્તદથી જિઝિયો લેવામાં નહીં આવે, મુર્તદ સાથે સુલહ નથી થઈ શકતી, મુર્તદના હાથ પર બયઅત નથી થઈ શકતી.

મુસૈલમા કઝ્ઝાબ મુર્તદે હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં અર્ઝ કર્યું હતું કે જો તમે તમારા બાદ મને ખલીફા બનાવી આપો તો હું નબુવ્વતનો દાવો છોડી આપું. સરકાર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો કે જો તું મારાથી આ લીલી

મિસ્વાક પણ માગે તો હું તને ન આપું તો ખિલાફત કેવી ?! સૈયદના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ ઝકાતના મુન્કિરો પર વિના સંકોચે લશ્કર મોકલ્યું. જ્યારે તેઓએ લડયા ઝઘડયા વિના તૌબા કરી લીધી ત્યારે છોડયા. વળી એ જ ખલીફતુલ મુસ્લિમીન અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ મુસૈલમા કઝ્ઝાબ મુર્તદ પર હુમ્લો કર્યો. ઘણી ઘમસાણની લડાઈ થઈ. ઘણા મુસલમાન શહીદ થયા, અને છેવટે મુસૈલમા જહન્નમમાં પહોંચ્યો. મુસૈલમાનો માલ માલે ગનીમતમાં વહેંચાયો અને તેના કેદી લોંડી ગુલામ બનાવવામાં આવ્યા. જેમ કે ખૌલા બિન્તે જઅફર હનફિયા જે એ જ જંગમાં ગિરફતાર થઈને આવ્યાં જેમના પેટથી મુહમ્મદ ઈબ્ને હનફિયા પેદા થયા. અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ એ મુર્તદો સાથે સુલહ કરવાનો વિચાર પણ ન કર્યો. કુર્આને કરીમે એ જ જંગે સિદ્દીક઼ીની પેશનગોઈ આ રીતે કરી હતી :–

قُلْ لِّلْمُخَلَّفِيْنَ مِنَ الْاَعْرَابِ سَتُدْعَوْنَ اِلٰى قَوْمٍ اُولِىْ بَاْسٍ شَدِيْدٍ تُقَاتِلُوْنَهُمْ اَوْ يُسْلِمُوْنَ ۚ فَاِنْ تُطِيْعُوْا يُؤْتِكُمُ اللّٰهُ اَجْرًا حَسَنًا ۚ وَاِنْ تَتَوَلَّوْا كَمَا تَوَلَّيْتُمْ مِّنْ قَبْلُ يُعَذِّبْكُمْ عَذَابًا اَلِيْمًا ﴿۱۶﴾

"ફર્માવી દો પાછળ રહેવાવાળા ગામડાવાસીઓને કે નજીકમાં જ તમો સખત જંગજૂ (લડાકુ) કૌમની તરફ બોલાવવામાં આવશો કે એમની સાથે જંગ કરો, ક્યાં તો તેઓ ઈસ્લામ લઈ આવે. પછી જો તમે આજ્ઞાપાલન કર્યું તો તમને અલ્લાહ સારો સવાબ આપશે અને જો તમે આ જ પ્રમાણે મુખ ફેરવ્યું જેવું આથી પહેલાં કર્યું હતું તો તમને દર્દનાક અઝાબ આપશે." *(સૂ. ફતહ, ૪૮/૧૬)*

આ આયતથી ત્રણ મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે સિદ્દીક઼ી ખિલાફત બરહક્ક઼ છે. અને ખિલાફતના દૌરમાં એ મુર્તદો સાથે એ જંગ બરહક્ક઼ છે. **બીજુ** એ કે મુર્તદથી જિઝિયો લેવો, સુલહ કરવી વગેરે અશક્ય છે, કેવળ જંગ કે ઈસ્લામ. **ત્રીજુ** એ કે અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની ઈતાઅત (આજ્ઞાપાલન) ફર્ઝ છે, અને તેનાથી વિમુખ થવું અઝાબે ઈલાહીનો સબબ છે.

યાદ રાખશો કે આ આયત ફતહે મક્કા પછી નાઝિલ થઈ, જ્યારે કે ખૈબર પણ ફતહ થઈ ચૂક્યો હતો. આ આયતના નુઝૂલ પછી હુઝૂર ﷺએ કેવળ જંગે હુનૈન કરી પણ તેમાં વિરોધીઓને શિર્કતની દાવત નથી આપી, જેથી આ આયતથી જંગે યમામા જ મુરાદ છે જે સિદ્દીકે અકબર رضی اللہ عنہના જમાનામાં ઉપસ્થિત થઈ, અને તે લોકો મુર્તદો હતા, એટલા માટે હુકમ થયો : تُقَاتِلُوْنَهُمْ اَوْ يُسْلِمُوْنَ "એમની સાથે ત્યાં સુધી જંગ કરો કે તેઓ ફરીથી ઈસ્લામ કબૂલ કરી લે." (સૂ. ફતહ, ૪૮/૧૬) ન સુલહનું વર્ણન ન જિઝિયાનું. સારાંશ મુર્તદો માટેનો હુકમ કેવળ જંગ અથવા ઈસ્લામ સ્વીકાર છે.

અમીર મુઆવિયહ رضی اللہ عنہના મુકાબલામાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ જંગ કરી પણ તેમના માલ પર કબજો ન કર્યો, તેમને કેદી ન બનાવ્યા, બલ્કે હુકમ આપ્યો હતો કે અમીર મુઆવિયહનો કોઈ સિપાહી ભાગી જાય તો તેનો પીછો ન કરો, તેમના માલ પર કબજો ન કરવો, તેમના સિપાહીઓને ગુલામ કે કેદી ન બનાવવા, તેમની સાથે ખારજીઓ કે કાફિરો જેવો વહેવાર ન કરવો. ઈમામ હસન رحمۃ اللہ علیہએ પછી એના પર સુલહ કરી કે ખિલાફતથી તદ્દન અલગ થઈ ગયા અને તમામ ઈસ્લામી મુલ્કોના અમીર મુઆવિયહ رضی اللہ عنہ એકલા ખલીફા બની ગયા. ઈમામ હસન رضی اللہ عنہ, ઈમામ હુસૈન رضی اللہ عنہ, તમામ અહલે બયતે અત્હાર, અઝવાજે મુતહ્હરાતે અમીર મુઆવિયહ رضی اللہ عنہની બયઅત કબૂલ કરી લીધી.

કહો ! શું આ હઝરાતને કુર્આનના આ હુકમનો ઈન્કાર હતો ? શું એ બુઝુર્ગોની સમક્ષ નબી કરીમ ﷺનો મામલો મુસૈલમા કઝ્ઝાબથી અને સિદ્દીકે અકબર رضی اللہ عنہનો વર્તાવ મુસૈલમાવાળાઓથી મૌજૂદ ન હતો ? બતાવો ! પછી કુર્આનના ઈન્કાર અને હુઝૂર ﷺની મુખાલફતનું પરિણામ શું હોય છે ? જાણવા મળ્યું કે **જંગે સિફ્ફીન વગેરે બગાવતની જંગ હતી, ઈર્તેદાદ (દીનથી ફરી જવાની)ની જંગ ન હતી.** જરા

હોશમાં આવો ! અમીર મુઆવિયહ رضی اللہ عنہની દુશ્મનીમાં અહલે બયતથી દુશ્મની ન કરો ! પોતાનું ઈમાન સંભાળો !

**વાંધો–૧૨** : અમુક મુહદ્દિષોએ કહ્યું કે હદીષમાં અમીર મુઆવિયહ رضی اللہ عنہની કોઈ ફઝીલત સાબિત નથી. જેમ કે અલ્લામા મજદ શીરાઝીએ અને શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વીએ તેની સ્પષ્ટતા કરી છે. ઈમામ બુખારીએ અન્ય સહાબીઓ વિશે ફર્માવ્યું, મનાકિ઼બે ફલાણા અથવા ફઝલે ફલાં, પણ અમીર મુઆવિયહ رضی اللہ عنہના વિશે ફર્માવ્યું : ઝિક્રે મુઆવિયહ. જાણવા મળ્યું કે અમીર મુઆવિયહ رضی اللہ عنہની કોઈ ફઝીલત સાબિત નથી !

**જવાબ** : અમે પ્રથમ પ્રકરણમાં અમીર મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલની હદીષો તિર્મિઝી શરીફ, મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ વગેરે વિશ્વસનીય હદીષની કિતાબોથી વર્ણવી ચૂક્યા છીએ. શક્ય છે શયખ મજદ અથવા શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہને આ રિવાયતો ન મળી હોય. **કોઈ મુહદ્દિષનું હદીષથી બેખબર રહેવાથી એ લાઝિમ નથી થતુ કે હદીષ મૌજૂદ જ ન હોય.**

ઈમામ બુખારીએ સૈયદના ઓસામા બિન ઝૈદ, અબ્દુલ્લાહ ઈબ્ને સલામ, જુબેર ઈબ્ને મુત્ઈમ વગેરે મહાન શાનવાળા સહાબાના મનાકિ઼બ (ખૂબીઓ)નાં પ્રકરણો રચ્યાં તો એ જ ફર્માવ્યું, બાબે ઝિક્રે ફલાં. આ વાક્ય રચનાની વિવિધતા છે કે ક્યાંક "ફઝાઈલ" દર્શાવી આપ્યું તો ક્યાંક "ઝિક્ર" ફર્માવી આપ્યું. તેમજ "ઝિક્ર"થી મુરાદ "ભલાઈ સાથે વર્ણન" છે. ઝિક્ર બિલ્ખૈર પણ ફઝીલત જ હોય છે !

**વાંધો–૧૩** : હદીષે પાકમાં ઈર્શાદ છે કે, "અમ્મારને બાગી જમાઅત ક઼ત્લ કરી દેશે. અમ્માર તેમને જન્નતની તરફ બોલાવતા હશે પણ તે જમાઅત અમ્મારને દોઝખની તરફ બોલાવશે. આ જંગે સિફ્ફીનમાં હઝરત અમ્માર, અલીયે મુર્તઝા رضی اللہ عنہની સાથે હતા અને અમીર મુઆવિયહ رضی اللہ عنہના લશ્કરના હાથે શહીદ થયા. જાણવા મળ્યું કે હઝરત અલી અને તેમના હમરાહી જન્નતી છે અને અમીર મુઆવિયહ

અને તેમના સાથી દોઝખી.

**જવાબ** : ખરેખર અમીર મુઆવિયહ અને તેમના તમામ સાથી હઝરત અલી رضي الله عنهના મુક઼ાબલામાં બાગી (વિરોધ કરનારા) હતા. હઝરત અલી رضي الله عنه ઈમામે બરહક્ક઼, ખલીફએ મુત્લક઼ હતા. હઝરત અલી رضي الله عنه ઈમામે બરહક્ક઼, ખલીફએ મુત્લક઼ હતા. દરેક સુન્નીનો એ જ અક઼ીદો છે. જે શખ્સ ગલતીમાં પડીને ઈમામે બરહક્ક઼નો મુક઼ાબલો કરે તે બાગી છે. ઈન્શા અલ્લાહ ! એની માફી થઈ જશે પરંતું જે ઈમામે બરહક્ક઼ની હક્કાનિયત જાણતા હોય છતાં ઈમામે બરહક્ક઼ના મુક઼ાબલામાં આવી જાય અથવા મુક઼ાબલો કરનારાઓ સાથે મળી જાય તે ''ખારજી'' છે અને ખારજી દોઝખી છે. હઝરત અમ્માર رضي الله عنهને હઝરત અલી رضي الله عنهની હક્ક઼ાનિયત પર યક઼ીન હતું. હવે જો તે આ યક઼ીન હોવા છતાં અમીર મુઆવિયહ સાથે હોત તો તે બાગી ન હોતા બલ્કે ''ખારજી'' હોતા, અને ખારજી જહન્નમી છે. નહીં તો બતાવો કે હઝરત તલ્હા, હઝરત ઝુબૈર, મુહમ્મદ ઈબ્ને તલ્હા જેઓ સર્વ મુબશ્શિરીન (બશારત પામેલાઓ)માં સામેલ છે તેઓ યક઼ીનન ! જન્નતી છે, પણ તે હઝરાત પણ અમીરુલ મોમિનીન અલી رضي الله عنهના મુકાબલામાં રહ્યા અને શહીદ થયા.

જો હનફી, હનફી હોવા છતાં ઈમામની પાછળ સૂરએ ફાતિહા પઢે તો તેની નમાઝ દોહરાવવાના પાત્ર છે, અને જો શાફઈ એવું જ કરે તો તેની નમાઝ દુરુસ્ત છે. ફરક એ છે કે હનફીએ સૂરએ ફાતિહા પઢી તેને નાજાઈઝ સમજતાં જેથી મુજરિમ છે. શાફઈએ સૂરએ ફાતિહા પઢી તેને વાજિબ સમજીને જેથી તેની નમાઝ દુરુસ્ત થઈ. સર્વ ઈજતેહાદી મસાઈલનો આ જ હુકમ છે. જેમ કે જંગલમાં કિબ્લાની દિશા માલૂમ ન હોય તે ચિંતન વિચારણા કરીને પોતાની રાય પર અમલ કરીને નમાઝ પઢે, તેની નમાઝ દુરુસ્ત છે, ભલે કિબ્લાથી અલગ દિશામાં પઢી હોય. પરંતું જે પોતાની રાયની વિરુધ્ધ નમાઝ પઢે તેની નમાઝ ફાસિદ છે ભલે સહીહ ક઼િબ્લાની તરફ જ પઢી હોય.

**વાંધો-૧૪** : એકવાર અમીર મુઆવિયહ رضی اللہ عنہ પોતાના ખભા પર યઝીદ મરદૂદને લઈને જઈ રહ્યા હતા તો સરકાર ﷺએ ફર્માવ્યું કે જહન્નમી પર જહન્નમી જઈ રહ્યો છે. જાણવા મળ્યું કે યઝીદ પણ દોઝખી છે અને મુઆવિયહ પણ. (નઊઝુબિલ્લાહ !)

**જવાબ** : માશા અલ્લાહ ! આ છે આપનું ઈતિહાસ સંબંધી જ્ઞાન અને આ છે ઐતિહાસિક જ્ઞાનનો હાલ ! જનાબ ! યઝીદ પલીદની પેદાઈશ ખિલાફતે ઉષ્માનીમાં થઈ ! જુઓ જામેઅ ઈબ્ને અષીર અને કિતાબુન્નાહિયા વગેરે. હુઝૂર ﷺના જમાના શરીફમાં યઝીદ અમીર મુઆવિયહ رضی اللہ عنہના ખભા પર શું આલમે અરવાહમાંથી કૂદીને આવી ગયો ?! (لاحول ولا قوة)

**લતીફા** : આમ લોકો કહે છે કે નબી કરીમ ﷺએ મરવાન ઈબ્ને હકમને મદીનાથી તાઈફ નીકળી જવાનો હુકમ આપ્યો અને ઉષ્માન ગની رضی اللہ عنہએ પોતાના ખિલાફતકાળમાં મરવાનને મદીના શરીફ પરત આવવાની ઈજાઝત આપી દીધી. જેથી ઉષ્માન ગની رضی اللہ عنہએ હુઝૂર ﷺની વિરૂધ્ધ કર્યું.

આ ભોલા માણસોને એ પણ ખબર નથી કે મરવાન હુઝૂર ﷺની વફાતના સમયે ચાર વરસ અમુક મહીનાનો હતો. કેમ કે તેની પેદાશ ગઝવએ ખંદકના વરસે થઈ. પછી એને કાઢી નાખવાનો શો અર્થ ?! તેના બાપ હકમને તડીપાર કરવામાં આવ્યો હતો અને તે એની સાથે ગયો હતો, એટલે મરવાન સહાબી નથી. હકમે ઉષ્માનીકાળમાં એ જુર્મથી તૌબા કરી લીધી જેના કારણે તેને પરત આવવા દેવામાં આવ્યો. તૌબા પછી તો કાફિર પર પણ મો'મિનના અહકામ લાગુ થઈ જાય છે, સારાંશ કે અમુક લોકો અજબ તમાશો બતાવે છે !

**વાંધો-૧૫** : તિર્મિઝી શરીફમાં છે કે નબી ﷺ ત્રણ કબીલાઓને નાપસંદ કરતા હતા : ષકીફ, બની હુનૈફા, બની ઉમૈયા. અને અમીર મુઆવિયહ બની ઉમૈયામાંથી છે, તો એ પણ હુઝૂર ﷺને નાપસંદ થયા.

**જવાબ** : એના બે જવાબ છે : એક ઈલ્ઝામી બીજો તેહકીકી. ઈલ્ઝામી જવાબ તો એ છે કે ઉષ્માન ગની رضی اللہ عنہ અને ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ પણ "બની ઉમૈયા"માંથી છે, તો **જો મઆઝલ્લાહ ! બની ઉમૈયા કબીલાની દરેક દરેક વ્યક્તિ સરકાર ﷺને નાપસંદ હોય તો આ હઝરાતના સંબંધે શું કહેશો ?! કે હઝરત ઉષ્માન ગની હ જલીલુલ કદર, અઝીમુશ્શાન સહાબી અને બે સાહબઝાદીઓ હુઝૂર ﷺની આપના નિકાહમાં આવી. કોઈ શખ્સને કદી પયગંબરની બે સાહબઝાદીઓ નિકાહમાં મયસ્સર ન થઈ, એટલા માટે આપને "ઝુન્નૂરૈન" (બે નૂરવાળા) કહેવામાં આવે છે અને ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ જલીલુલ કદર તાબઈનમાંથી છે, જેની અઝમત પર ઈસ્લામી જગત એકમત છે.**

તેહકીકી જવાબ એ છે કે કોઈ કબીલા અથવા કોઈ શહેરના નાપસંદ હોવાનો મતલબ એ નથી થતો કે એની દરેક વ્યક્તિ દરેક માણસ નાપસંદીદા છે. અને કોઈ શહેર અથવા કબીલાના મહબૂબ હોવાનો અર્થ એ નથી થતો કે તેની દરેક વ્યક્તિ દરેક માણસ મહબૂબ છે. હુઝૂર ﷺને મક્કા મુકર્રમા પ્યારુ હતું તો એ મતલબ નથી કે અબૂ જહલ, અબૂ લહબ વગેરે મક્કાના કાફિરો પણ હુઝૂરને પ્યારા હતા. અથવા હુઝૂરને મદીના મુનવ્વરા મહબૂબ હતું, એનો એ મતલબ નથી કે મદીનાના સર્વ મુનાફિક અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય વગેરે પણ મહબૂબ હતા. એ જ પ્રમાણે નબી ﷺને નજદનો ઈલાકો નાપસંદ હતો કે એના માટે દુઆ ન કરી, તો એ મતલબ નથી કે નજ્દના ઈલાકાના મુખ્લિસ મોમિન પણ નાપસંદ હતા.

કેમ કે એ ત્રણેવ કબીલાઓમાં અમુક ઘણા ફસાદીઓ પેદા થયા તેમના કારણે એ કબીલાને નાપસંદીદગીનું લેબલ લાગ્યું. જેમ કે બની ષકીફમાં મુખ્તાર ઈબ્ને ઓબૈદ તથા હજ્જાજ ઈબ્ને યૂસુફ જેવા જાલિમ થયા. કબીલા બની હુનૈફમાં મુસૈલમા કઝ્ઝાબ અને તેના અનુયાયી મુર્તદો થયા. બની ઉમૈયામાં યઝીદ પલીદ અને અબ્દુલ્લાહ ઈબ્ને ઝિયાદ જેવા ફાસિક, ફાજિર, જાલિમ, મરદૂદ થયા. કેમ કે આ લોકો બારગાહે

રિસાલતના નાપસંદ તથા મરદૂદ હતા અને એ કૃબીલાઓમાં હતા, એટલા માટે એ કૃબીલાઓને નાપસંદ કર્યા. એનું સમર્થન આ હદીષથી થાય છે જે તિર્મિઝી શરીફમાં એ જ જગાએ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી નકલ કરી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે કૃબીલા ષકીફમાં એક જૂઠો એક મોહલિક (પ્રાણઘાતક) થશે. જેથી જૂઠો તો મુખ્તાર ઈબ્ને અબી ઓબૈદા થયો અને મોહલિક જાલિમ હજ્જાજ ઈબ્ને યૂસુફ થયો.

આજે આપણા એક ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہના કારણે અજમેરને અજમેર શરીફ કહીએ છીએ અને અમુક બેવફાઓના કારણે કૂફાને બુરી નિગાહથી જોઈએ છીએ એનો એ મતલબ નથી કે અજમેર શરીફના હિંદુ પણ અશરફ હોય અને કૂફાના ઈબ્રાહીમ علیہ السلام અથવા નૂહ علیہ السلام, અથવા હઝરત અલી મુર્તઝા પર મહેણાની ઝબાન લાંબી કરવામાં આવે. સારાંશ કે આ વાંધો ખૂબ જ બેકાર અને બેહૂદો છે.

**વાંધો–૧૬** : હદીષ શરીફમાં છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે મારા બાદ ખિલાફત ત્રીસ વરસ સુધી રહેશે પછી બાદશાહી થશે. *(તિર્મિઝી, અહમદ, અબૂ દાઊદ)* આ ત્રીસ વરસ ઈમાન હસન પર પૂર્ણ થઈ ગયાં. જેમ કે સિદ્દીકે અકબર رضی اللہ عنہની ખિલાફત લગભગ બે વરસ, ઉમર ફારૂક رضی اللہ عنہની દસ વરસ, ઉષ્માન ગની رضی اللہ عنہની બાર વરસ, હઝરત અલી رضی اللہ عنہની લગભગ છ વરસ. બાકીનાં છ વરસો ઈમામ હસને પૂર્ણ કર્યા. એનાથી જાણવા મળ્યું કે અમીર મુઆવિયહની ખિલાફત બર હક્ક નથી.

**જવાબ** : અમે પ્રસ્તાવનામાં વર્ણવી ચૂક્યા છીએ કે ખિલાફત કયારેક તો ખિલાફતે રાશિદાને કહે છે જે અલા મિન્હાજુન્નબુવ્વત હોય અને કયારેક મુત્લક્ સલ્તનત અને હુકૂમતને કહે છે, એ જ ખલીફાનો હાલ પણ છે. આ હદીષમાં ખિલાફતથી મુરાદ ખિલાફતે રાશિદા છે. આપણે સૌ અહલે સુન્નતનો એ જ અક્ીદો છે કે ખિલાફતે રાશિદાની મુદ્દત ત્રીસ વરસ હતી જે હઝરત ઈમામ હસન પર પૂર્ણ થઈ ગઈ, પછી અમીર મુઆવિયહ ઈસ્લામના પ્રથમ સુલ્તાન બન્યા, અને કયામત સુધી સર્વ ઈસ્લામી

સુલ્તાનો સુલ્તાન જ થશે, કોઈ ખલીફા રાશિદા ન થશે. અને બીજા અર્થમાં આ ઈસ્લામી સુલ્તાન ખલીફા છે, જેમ કે હદીષે પાકમાં ઈર્શાદ થયો કે બાર ખલીફા સુધી ઈસ્લામ અઝીઝ રહેશે. તમારો આ વાંધો ત્યારે થઈ શકે છે જ્યારે અમે અમીર મુઆવિયહ رضی اللہ عنہને ખુલફાએ રાશિદીનમાં ગણતા હોતા. જેથી આ વાંધો અમારા પર લાગુ ન થશે.

**વાંધો-૧૭ :** હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું હતું કે જ્યારે તમે મુઆવિયહને મારા મિમ્બર પર જુઓ તો તેમને કત્લ કરી દો. આ હદીષને ઈમામ ઝહબીએ નકલ કરી અને સહીહ બતાવી. એનાથી જાણવા મળ્યું કે અમીર મુઆવિયહ એ ગરદનઝની (કત્લ કરવા)ને લાયક છે.

**જવાબ :** આનો જવાબ એ સિવાય શું આપવામાં આવે છે : لَعۡنَتُ اللّٰهِ عَلَى الۡكَاذِبِيۡنَ કોઈ જૂઠાએ હુઝૂર صلی اللہ علیہ وسلم પર બોહતાન બાંધ્યું અને ઈમામ ઝહબી પર જૂઠો આરોપ લગાડયો. સરકાર صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે, **"મારા પર જાણી બુઝીને જૂઠ બાંધે તે પોતાનું ઠેકાણુ દોઝખમાં બનાવે."** ખુદાનો ખૌફ હોવો જોઈએ. ઈમામ ઝહબીએ રદીયો આપવા માટે આ હદીષ પોતાની તારીખમાં નક્લ કરી અને ત્યાં સાથોસાથ જ ફર્માવી આપ્યું કે આ મૌઝૂઅ (મનઘડત) એટલે ઘડી કાઢેલી છે, એની કોઈ અસ્લ નથી.

વિચારવાની વાત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمને એવું ફર્માવવાની શું જરૂરત હતી, ખુદ જ પોતાના જમાનામાં કત્લ કરાવી આપ્યો હોત. વળી સર્વ સહાબા તથા તાબઈ તથા અહલે બયતે આ હદીષ સાંભળી પણ અમલ કોઈએ ન કર્યો ! બલ્કે ઈમામ હુસૈન رضی اللہ عنہએ અમીર મુઆવિયહના હક્કમાં ખિલાફત ત્યજી દઈને તેમના માટે મિમ્બરે રસૂલને બિલ્કુલ ખાલી કરી આપ્યું. અને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ અમીર મુઆવિયહ رضی اللہ عنہના ઈલ્મ તથા અમલની પ્રશંસાઓ કરી. તેમને "મુજતહિદ ફિકીન" ઠરાવ્યા. તેમને કોઈને આ હદીષ ન પહોંચી અને ૧૪૦૦ વરસ પછી તમને પહોંચી ગઈ !

## ★ ઉપસંહાર (Conclusion) ★

આખરમાં અમે આપણા સુન્ની ભાઈઓની ખિદમતમાં અમુક હિદાયતો અર્ઝ કરીએ છીએ, જો તેમનો ખયાલ રાખવામાં આવ્યો તો ઈન્શાઅલ્લાહુ તઆલા ! ઈમાનની દૌલત મેહફૂઝ રહેશે. આ જમાનામાં ઘણો જ ખુશનસીબ તે છે જે દુનિયાથી ઈમાન સલામત લઈ જાય.

**પહેલી હિદાયત** : ઈમાનના માટે અહલે બયતે અત્હારની મહોબ્બત અને સહાબાએ કેબારની ઈતાઅત (આજ્ઞાપાલન) એટલાં જ જરૂરી છે જેવી રીતે પક્ષીના માટે બે પાંખો અથવા ગાદીના માટે બે પૈંડા. જો એ બેમાંથી એકથી મેહરૂમ રહ્યો તો ઈમાનથી હાથ ધોઈ બેઠો. નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, "મારા સર્વ સહાબા તારાઓ છે, જેની પણ પયરવી કરશો હિદાયત પામશો." અને મહબૂબ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, "મારા અહલે બયત નૂહની કશ્તીની જેમ છે, જે એમાં સવાર થયો નજાત પામી ગયો. અને જે એનાથી અગલ રહ્યો તે ડૂબી ગયો." જેવી રીતે સમુદ્રમાં સફર કરવાવાળા જહાઝની પણ જરૂરત છે અને ધ્રુવ જેવા તારા વગેરેની પણ જરૂરત છે. એ જ પ્રમાણે **આખેરતના મુસાફિરને અહલે બયતની કશ્તી અને સહાબા તારાઓ બંનેની જરૂરત છે.** ઈન્શા અલ્લાહ ! અહલે સુન્નતનો બેડો પાર છે કે એ અહલે બયતની કશ્તી પર સવાર છે અને સહાબાના તાબેદાર છે.

رَبَّنَا ارْزُقْنَا الْخَاتِمَةَ عَلٰى سُنَّتِ نَبِيِّكَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ.

**બીજી હિદાયત** : અહલે બયતની મહોબ્બત અને સહાબાએ કિરામની ઈતાઅતનો એ અર્થ છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمના સર્વ અહલે બયતની મહોબ્બત કરે અને સર્વ સહાબાએ કિરામથી અક઼ીદત રાખે. યાદ રાખશો કે આ બે મુક઼દ્દસ જમાઅતોમાંથી એકની દુશ્મની પર્દા હેઠળ સૌથી દુશ્મની છે જેમ કે સર્વ પયગંબરો પર ઈમાન લાવવું ફર્ઝ છે, એકનો ઈન્કાર જાણે સૌનો ઈન્કાર છે. મોમિન થવા માટે સૌને માનવા જરૂરી છે, એવી જ રીતે ઈમાનના માટે હુઝૂર صلی اللہ علیہ وسلمના સર્વ સહાબા તથા અહલે બયત પર કુર્બાન

થવું લાઝિમ છે. જો કોઈ કહે કે અહલે બયતે અત્હારમાં હુઝૂરની ચાર સાહબઝાદીઓમાંથી કેવળ એક સાહબઝાદી ફાતિમા ઝહ્‌રાને માનુ છું, તથા પાક બીવીઓમાંથી કેવળ એક બીવી હઝરત ખદીજતુલ કુબરાને માનુ છું. ત્રણ જમાઈઓમાંથી કેવળ એક જમાઈ હઝરત અલી رضی اللہ عنہને માનુ છું, એક લાખ ચોવીસ હજાર સહાબામાંથી કેવળ પાંચ છ સહાબીઓને માનુ છું, બાકીનાની બુરાઈઓ કરે તે અસલમાં હુઝૂરને નથી માનતો, બલ્કે એ યાદી બનાવવાવાળાને માને છે જેણે આ લિસ્ટ પોતાની રાયથી બનાવી. કોઈ બાર ઈમામો પર ઈમાન લાવ્યો, કોઈ છ ઈમામો પર, કોઈ કેવળ ત્રણ પર. આ ગણત્રી અને સંખ્યા કેવી ? જે મોમિને ઈમાનની સાથે એ જમાલે જહાંઆરાની એક વાર ઝિયારત કરી લીધી તે અમારી આંખોનો ચારો છે, દિલનો સહારો છે.

અહલે સુન્નતનો અક઼ીદો એ છે કે સહાબાએ કેબાર, અહલે બયતે અત્હારની શાનનું તો શું પૂછવું ?! મદીના પાકની ધૂળ ઝખ્મી દિલનું મલમ, બેચેન દિલનું ચૈન છે. આપણા માટે જેવી રીતે હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہاના ક઼દમોની ખાક શરીફ આંખોનો સુરમો છે. જેવી રીતે અબૂ બક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ તાજુલ ઉલમા અવ્વલ ખુલફા છે એવી જ રીતે હઝરત અલી મુર્તઝા ખાતમુલ ખુલફા ક઼ાસિમે વિલાયતે અવલિયા છે. હુઝૂર صلی اللہ علیہ وسلمની સાચી મહોબ્બતનો અર્થ એ છે કે જે ચીજને એ ઝાતે કરીમથી નિસ્બત હોય એનાથી આપણને મહોબ્બત અને આશિકી હોય. મજનૂને લયલાની ગલીનો કૂતરો પ્યારો, મોમિનને જનાબે મુસ્તફા صلی اللہ علیہ وسلمના મદીનાના કાંટા પ્યારા. મોમિનને યાદી તથા લિસ્ટનું શું કામ ?!

**ત્રીજી હિદાયત** : સહાબાએ કિરામથી ઈસ્લામ પહેલાં જે કાંઈ થયુ, ઈસ્લામ બાદ જે ખતાઓ થઈ અને રબ તઆલાએ એમની માફીનું એલાન કરી આપ્યું, તેની હવે ચર્ચા કરવી તૌહીનની નિય્યતે એ **ઈમાનની વિરૂધ્ધ** છે. હઝરત અબૂ સુફયાને નબી કરીમ صلی اللہ علیہ وسلمની સાથે ઈમાન લાવ્યા પહેલાં ઘણી જંગો કરી. હઝરત વહશીએ ઈમાન પહેલાં હઝરત હમ્ઝાને શહીદ કર્યા, હિંદ એ અબૂ સુફયાનનાં પત્નીએ હઝરત અમીરે હમ્ઝા رضی اللہ عنہની

લાશ મુબારકની બેહુર્મતી કરી, બાદમાં એ લોકો મોમિન થઈ ગયાં. ખુદ નબી કરીમ ﷺએ એ બુઝુર્ગોને માફી આપી દીધી અને તેમને ઈજ્જત તથા માલ અતા કર્યા, તો આપણે કલેજુ ફાડનારા કોણ ?! **શું આપણા દિલમાં હુઝૂર ﷺ કરતાં અધિક તેમનું દર્દ છે ?!**

જેવી રીતે કે અંબિયાએ કિરામથી લગઝિશ થઈ, યૂસુફ علیہ السلامના ભાઈઓથી ખતાઓ થઈ. પરંતું તેમની માફીનું એલાન કુર્આન તથા હદીષમાં થઈ ગયું. હઝરત ઝુલૈખાથી બુરો ઈરાદો બહાર પડયો પછી તેમની તૌબાનું એલાન પણ થઈ ગયું. **હવે આપણને એ હક્ક નથી કે એ મુક઼દ્દસ બુઝુર્ગોની ખતાઓ તૌહીન રૂપે વર્ણવીને આપણુ ઈમાન ખરાબ કરીએ.** આપણી નજર એ ખતાઓ પર ન હોવી જોઈએ, બલ્કે એ નિસ્બતો પર હોવી જોઈએ. આપણે એ ન જોઈએ કે યૂસુફ علیہ السلامના ભાઈઓ અથવા ઝુલેખાએ શું કર્યું ? અબૂ સુફયાન, વહશી તથા અમીર મુઆવિયહ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن એ શું કર્યું ? આપણી નજર એના પર હોવી જોઈએ કે યૂસુફ علیہ السلامના ભાઈઓ નબી ઝાદા તથા નબીના ભાઈ છે. ઝુલેખા પયગંબરનાં પત્ની છે. અબૂ સુફયાન અને વહશી સૈયદુલ અંબિયા ﷺના સહાબી ઉમ્મતનો સર્વ ઔલિયા તથા સર્વ ઉલમાથી બેહતર છે, સર્વ ઉમ્મતના સરદાર છે.

**ચોથી હિદાયત :** બેહતર એ છે કે આપણે સહાબાએ કિરામની આપસની નારાજીઓ અને ઝઘડાઓનો ઉલ્લેખ જ ન કરીએ, અને જો કરવાની જરૂર પડે તો સર્વનો ઉલ્લેખ ખૈરની સાથે કરીએ કેમ કે એ સૌની ખૈરિયતની ગવાહી કુર્આને કરીમે આપી છે. **આપણે ખુદા તઆલા અને તેના રસૂલ ﷺ કરતાં અધિક જાણકાર નથી.** રબે સર્વ વાતો જાણતા હોવા છતાં તેમના ઈમાનદાર હોવાની તેમના જન્નતી હોવાની ગવાહીઓ આપી.

જો આપણા પિતા અને કાકામાં નારાજી કે લડાઈ થઈ જાય તો આપણી સઆદતમંદી એ છે કે એ બંનેનું માન સાચવીએ, તેઓ આપસમાં ફરી મળી જશે પરંતું આપણે બેઅદબી કરીને બંને બાજુથી માર્યા જઈશું.

અમીર મુઆવિયહ તથા હઝરત અલીયે મુર્તઝા બંને ભાઈ ભાઈની જેમ જન્નતમાં હશે. આપણે એમાંથી કોઈને બુરા કહીને શા માટે મોં કાળુ કરીએ ?! ઈમાનનો આખરી ફેંસલો એ છે કે હઝરત અલી મુર્તઝાની ડિગ્રી, અમીર મુઆવિયહની માફી, એના પર સર્વ એહલે સુન્નતની એકમતી છે.

**પાંચમી હિદાયત** : દરેક મુસલમાન પર લાઝિમ છે કે કયામત સુધી સાદાતે કિરામનો અદબ તથા એહતેરામ કરે અને એવુ સમજે કે એ હઝરાત અમારા એ પયગંબરની ઔલાદ છે જેમના થકી આપણને કલમો મળ્યો, ઈમાન મળ્યુ, કુર્આન મળ્યું, બલ્કે એવું કહો કે એમનાથી આપણને રહમાન મળ્યો. આપણે કદાપિ એમના હક્કથી મુક્ત નથી થઈ શકતા. આ મુક઼દસ તથા શરીફ નસબમાં ઘણી બધી વિશિષ્ટતાઓ છે. એ સૈયદુલ અંબિયાની ઔલાદ છે અને રબ તઆલા નેક બાપદાદાઓના તુફૈલ કરમ ફર્માવે છે. રબે ફર્માવ્યું : وَكَانَ اَبُوْهُمَا صَالِحًا "એ બે બાળકોનો બાપ નેક હતો." *(સૂ. કહફ, ૧૮/૯૨)*

એ હઝરાત માટે ઝકાત તથા વાજિબ સદક઼ા હરામ છે, કેમ કે એ લોકોના હાથોનો મેલ છે સર્વ ક઼ૌમો ગુમરાહ થઈ શકે છે પણ સર્વ સૈયદ કદી ગુમરાહ નથી થઈ શકતા, કેમ કે એ હઝરાત ઈબ્રાહીમ علیہ السلامની ઔલાદ છે અને ઈબ્રાહીમ علیہ السلامએ પોતાની ઔલાદના માટે આ દુઆ કરી હતી : وَمِنْ ذُرِّيَّتِنَآ اُمَّةً مُّسْلِمَةً لَّكَ "અને અમારી ઔલાદમાં ઈતાઅત શિઆર (ફર્માંબરદારીવાળી) જમાઅત રાખ." *(સૂ. બક઼રહ, ૨/૧૨૮)*

ઈમામ મેહદી સૈયદ જ હશે જેમની પાછળ હઝરત ઈસા علیہ السلام પણ નમાઝ પઢશે અને જે દુનિયાને અદ્લો ઈન્સાફથી ભરી આપશે. એ સાદાત પર આપણે દરેક નમાઝમાં દુરૂદ પઢીએ છીએ :–

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰى آلِ مُحَمَّدٍ સવાઈક઼ે મુહર્રિકામાં ફર્માવ્યું કે જાહેર ખિલાફત ભલે અહલે બયતે અત્હારથી મુન્તક઼િલ થઈ ગઈ પણ બાતિની ખિલાફત સૈયદ જ થશે. સૈયદ હઝરાત હબ્લિલ્લાહિલ મતીન છે,

જેવું કે ઈમામ જઅફર સાદિકે ફર્માવ્યું. સારાંશ કે સાદાતે કિરામનો અદબ તથા એહતેરામ ઈમાનનો પ્રથમ રુકન છે ત્યાં સુધી કે **જો સૈયદથી કોઈ ગુનોહ થઈ જાય તો આપણે એ ગુનાહને બુરો સમજીએ, સૈયદને બુરો ન સમજીએ.** જો ઈસ્લામી હાકિમની પાસે કોઈ સૈયદ એવા જુર્મમાં પડીને આવે જેનાથી શરઈ સજા કાયમ કરવાનુ લાઝિમ છે તો સમયનો હાકિમ એવું સમજીને શરઈ હદ (સજા) તેના પર લાગુ કરે કે શાહઝાદાના પગોમાં કીચડ લાગી ગયું છે, તેને હું સાફ કરી રહ્યો છું. સારાંશ કે સાદાતે કિરામનો અત્યંત અદબ કરવો જોઈએ.

اَللّٰھُمَّ رَبَّنَا ارْزُقْنَا حُبَّ آلِ رَسُوْلِكَ صَلَّى اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ

અમે સાદાતે કિરામના તૈયબ તથા તાહિર નસબ શરીફના ફઝાઈલમાં પૂરી કિતાબ લખી છે જેનું નામ છે : "અલ કલામુલ મક઼બૂલ ફી શરાફતિ નસબુર્રસૂલ" એનો અભ્યાસ કરો.

**છઠ્ઠી હિદાયત** : યાદ રાખશો કે સાદાતે કિરામના દાદાનું ખાનદાન અહલે બયતે અત્હારથી ગલતી છે એટલે ઈમામ હસન رضی اللہ عنہ અને હઝરત અલી رضی اللہ عنہથી, અને તેમની નાનાનું ખાનદાન અબૂ બક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ સુધી પહોંચે છે કેમ કે ઈમામ જઅફર સાદિક رضی اللہ عنہનાં વાલિદા હઝરત ફરદા બિન્તે ક઼ાસિમ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને અબૂ બક્ર સિદ્દીક઼ છે. (જુઓ સવાઈક઼ે મુહર્રિક઼ા, પેજ–૧૨૦) એટલા માટે કોઈએ ઈમામ જઅફર સાદિક઼ને પૂછયું કે આપ અબૂ બક્ર સિદ્દીક઼ رضی اللہ عنہને શું કહો છો ? તો ફર્માવતા લાગ્યા કે, હે સાલિમ ! કોઈ પોતાની નાનીઓ કે નાનાઓને પણ બુરા કહી શકે છે ?! અબૂ બક્ર મારા નાના છે, જે એમની સાથે કીનો રાખે અલ્લાહ તેને નબી ﷺની શફાઅત નસબ ન કરે. (જુઓ સવાઈક઼ે મુહર્રિક઼ા, પેજ–૩૨) આ લેહાઝથી સર્વ મુસલમાનોએ સાદાતે કિરામ દાદાના ખાનદાન તથા નાનાના ખાનદાનનો અદબ કરવો જોઈએ.

ઈમામ જઅફર સાદિક઼ رضی اللہ عنہનો વંશવેલો પિતા તરફથી આ પ્રમાણે છે : ઈમામ જઅફર ઈબ્ને ઈમામ મુહમ્મદ બાક઼િર ઈબ્ને ઈમામ ઝયનુલ

આબિદીન ઈબ્ને ઈમામ હુસૈન ઈબ્ને અલીયે મુર્તઝા رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ.

અને આપનો વંશવેલો મા તરફથી આ પ્રમાણે છે : ઈમામ જઅફર સાદિક઼ ઈબ્ને ફરદા બિન્તે ક઼ાસિમ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને અબૂ બક્ર સિદીક઼ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ. તો આપ હઝરત અલીના ચોથા પૌત્ર અને હઝરત અબૂ બક્રના ચોથા નવાસા છે. આ વાત સારી રીતે યાદ રાખવી જોઈએ.

**સાતમી હિદાયત** : અમુક હઝરાત બેખબરીમાં કહી આપે છે કે, "અમે હુઝૂરની આલ છીએ, તમે લોકો હુઝૂરની ઉમ્મત છો. તમારે નેક અમલ કરવા જોઈએ, અમારે જરૂરત નથી." આ ઘણી જ બુરી વાત છે. પ્રથમ તો એનો મતલબ એ નીકળે છે કે અમે હુઝૂરની ઉમ્મત નથી, એ પોતાના કુફ્રનો ઈક઼રાર છે, અને કુફ્રનો ઈક઼રાર પણ કુફ્ર છે. દરેક મો'મિન હુઝૂરનો "ઉમ્મતે ઈજાબત" છે અને દરેક મખ્લૂક હુઝૂરની "ઉમ્મતે દાવત" છે. ઉમ્મત ન હોવાનો અર્થ એ છે કે હું મુસલમાન નથી ! તમામ સહાબા, તમામ અઝવાજ, અવલાદ બલ્કે ખુદ હુઝૂર صلی اللہ علیہ وسلمનાં વાલિદૈન કરીમૈન હુઝૂરની ઉમ્મત છે, અને સૌના માટે હુઝૂરના ઉમ્મતી હોવું ફખ્ર છે.

તેમજ કોઈ શખ્સ મૌતથી પહેલાં અમલો કરવાથી અપવાદ નથી થઈ શકતો. ખુદ આક઼ાએ દો જહાં صلی اللہ علیہ وسلم આમાલ કરતા હતા, અને ખુદ હઝરત અલી તથા ફાતિમા ઝહ્રા, હઝરાતે હસ્નૈન નેક અમલોના સખ્તીથી પાબંદ હતા. સરકાર صلی اللہ علیہ وسلمએ હઝરત ફાતિમા ઝહ્રાને ફર્માવ્યું હતું કે, "હે ફાતિમા ! એવું ન બને કે લોકો ક઼યામતમાં અમલો લઈને આવે અને તમે કેવળ નસબ." હઝરત હુસૈને શહાદતના સમય સુધી નમાઝ પઢી, ત્યાં સુધી કે સજદામાં માથુ આપ્યું. હવે એમનાથી વધીને કોણ છે જેને અમલોની જરૂરત ન રહી ?!

બલ્કે હુઝૂર صلی اللہ علیہ وسلمની ઔલાદે વધારે નેક અમલો કરવા જોઈએ જેથી એમનો અમલ એમના બાપદાદાઓની જિંદગી શરીફનો નમૂનો બને.

જોનારા કહે કે જેમની ઔલાદ આવી પાકબાઝ છે તેઓ ખુદ કેવા હશે ?! યાદ રાખશો કે રેલગાડીનો મુસાફર ચાહે ફર્સ્ટ કલાસનો હોય કે થર્ડનો. એંજીનની તરફ અને રેલ્વે લાઈન પર રહેવાની સૌને જરૂરત છે, બલ્કે ફર્સ્ટ કલાસનો મુસાફર અધિક ભાડુ અદા કરે છે, તે એવું નથી કરી શકતો કે હું ફર્સ્ટનો મુસાફર છું ન રેલ્વે લાઈનનો મોહતાજ છું ન મારે એંજીનની જરૂરત છે ન હું ભાડુ અદા કરીશ. હુઝૂર ﷺ ઈસ્લામને ચલાવનારા છે અને ઈસ્લામ લાઈન છે અને અમલો જાણે કે ભાડુ છે.

**આઠમી હિદાયત** : અહલે બયતની મહોબ્બત બે પ્રકારની છે : સાચી અને જૂઠી, સાચી મહોબ્બત નજાતનો ઝરીયો છે, જૂઠી મહોબ્બત બર્બાદીની પૂર્વભૂમિકા છે. ઈસાઈઓએ ઈસા علیہ السلام સાથે અને યહૂદીઓએ ઉઝૈર علیہ السلام સાથે જૂઠી મહોબ્બત કરી કે ઈસાઈઓએ કહ્યું, ઈસા علیہ السلام ખુદાના પુત્ર છે, અમારે અમલોની જરૂરત નથી, હઝરત ઈસા علیہ السلامનું સૂળી પર ચઢી જવું અમારા સૌના ગુનાહોનો કફ્ફારો થઈ ચૂક્યો. યહૂદીઓએ ઉઝૈર علیہ السلامને રબના બેટા માન્યા. એ પણ મહોબ્બતના જોશમાં જ હતું. બતાવો ! આ ગલત મહોબ્બતથી તેઓ મો'મિન થયા ? કદાપિ નહીં !

અહલે બયતની સાચી મહોબ્બત એ છે કે દિલ તેમના પર ફિદા હોય, એમના અનુસરણમાં તેમના અમલો કરવાની કોશિશ હોય. નમાઝની સખત પાબંદી કરવામાં આવે. સબર તથા શુક્રનો દામન કદી પણ ન છોડે. તેમના નક્શે કદમને પોતાના માટે રહબર બનાવે. આશૂરાના દિવસે રાતે નવાફિલ પઢે, દિવસે રોઝા રાખે. એ દિવસે સદકા ખૈરાત કરે, તિલાવતે કુર્આનમાં દિવસ પસાર કરે. કાફિરો સાથે જેહાદ માટે તૈયાર રહે, અપાત્રને કદી વોટ ન આપે કે હઝરત હુસૈન رضی اللہ عنہએ યઝીદને પોતાનો વોટ ન આપ્યો, માથુ આપી દીધું. શૈતાની તાકતો સામે કદી ન ઝુકે, ઈસ્લામી કાનૂનને તૂટતો જુએ તો જાન આપી દે પણ ઈસ્લામની શાનમાં ફરક ન આવવા દે. મુસીબતમાં ગભરાય ન જાય. સારાંશ તેમના જેવી જિંદગી ગુજારવાની કોશિશ કરે અહલે બયતે અત્હારની આ સાચી

મહોબ્બત છે, ચાહે ઝબાનથી એ મહોબ્બતનું એલાન ન થાય. અલ્લાહ એવી મહોબ્બત નસીબ કરે.

પણ જ્યારે નમાઝનો ઝિક્ર નથી, ઈસ્લામી સૂરત નથી, મુસલમાન જેવો લિબાસ નથી, ઈસ્લામી અખ્લાક નથી, કેવળ આશૂરાના દિવસે છાતી કે માથુ પીટી લેવું, ઘોડા કાઢી લેવા, માતમ કરી લેવું, સાંકળોથી સીનો ઝખ્મી કરી લેવો, અને સમજે કે વરસભરના ગુનાહોનો કફ્ફારો થઈ ગયો ! જન્નતની ટિકિટ મળી ગઈ ! દોસ્તો ! આ સાચી અહલે બયતની મહોબ્બત નથી. આ તો યઝીદીઓની નક્લ છે.

ઈમામ હુસૈન رضی اللہ عنہના હાથમાં સાંકળ ન હતી તલ્વાર હતી. તેમણે પોતાનો સીનો નથી ફૂટયો યઝીદીઓનાં સર કચડયાં હતાં. તેમની જીભ પર હાય વોય ન હતી બલ્કે કુર્આન હતું. તેમણે આશૂરાના દિવસે નમાઝ છોડી ન હતી, ખાવા પીવા છોડયું હતું....

**લતીફા** : કોઈએ હઝરત અમીરે મિલ્લત કુત્બે વક્ત સૈયદ જમાઅત અલી શાહ સાહબ رحمۃ اللہ علیہની ખિદમતમાં અર્ઝ કરી કે અમુક લોકો અમારે ત્યાં ઈમામ હુસૈન رضی اللہ عنہનો બનાવટી જનાઝો બનાવીને છાતી કૂટે છે. તો આપ ફર્માવવા લાગ્યા કે જો એ બુધ્ધિમાનો યઝીદનો જનાઝો બનાવતા તો તેના પર ચાર જૂતીઓ અમે પણ મારી આવતા. પછી ફર્માવ્યું કે એમના કરતાં હિંદુ પણ બુધ્ધિમાન રહ્યા કે તેઓ દશેરાના દિવસે દુશ્મન એટલે રાવણનું તાબૂત બનાવીને તેને ગોળીનું નિશાન બનાવે છે, રામચંદ્રનો જનાઝો નથી બનાવતા.

તેમજ કોઈએ હઝરત અમીરે મિલ્લત رحمۃ اللہ علیہને પૂછયું કે હુઝૂર ! સૈયદ દોઝખમાં જઈ શકે છે કે નહીં ? ફર્માવ્યું, રબ તો નથી ચાહતો કે સૈયદ દોઝખમાં જાય, જો એમાંથી કોઈ પોતે જ દોઝખમાં છલાંગ લગાવે તો તેની મરજી.

**નવમી હિદાયત** : સહાબિયત એ દરજો છે જેને કોઈ ગૈર સહાબી નથી પહોંચી શકતો, જેની દલીલો વર્ણન થઈ ચૂકી. પછી જે ખુશનસીબ

લોકો સહાબી પણ હોય અને હુઝૂરના અહલે બયત પણ, તેઓ તો નૂરેન અલા નૂર છે. જેમ કે હુઝૂર ﷺની પાકબીવીઓ અને સર્વ સાહબઝાદીઓ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ પરંતું એ હઝરાત જેઓ સહાબી તો છે પણ અહલે બયત નથી, જેમ કે ત્રણેવ ખલીફા અથવા આમ મુહાજિરો તથા અન્સાર એ બુઝુર્ગો કરતાં વધારે દરજાવાળા થશે જેઓ અહલે બયત તો છે પણ સહાબી નથી. જેમ કે હુઝૂર ﷺના તે સાહબઝાદાઓ જેઓ હોશ સંભાળતા પહેલાં વફાત પામી ગયા. કેમ કે સહાબિયત ઘણી આ'લા નેઅમત છે. એટલા માટે અર્ઝ કરવામાં આવ્યું કે આજકાલ અમુક લોકો કહે છે કે અહલે બયત તો સહાબી નથી અને કોઈ સહાબી અહલે બયત નથી. તેઓ એવું સમજેલા છે કે સહાબી ગૈરોને કહેવામાં આવે છે, જે હુઝૂરનાં પોતાના છે તેઓ સહાબા નથી.

પછી કહે છે કે અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ સર્વ સહાબામાં અફઝલ છે, અને સહાબાથી એમની એ જ મુરાદ હોય છે જે અમે ઉપર વર્ણવી ચૂક્યા, પણ એ ગલત છે. અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ નબીઓ બાદ સર્વ માનવોમાં અફઝલ છે. જુઓ નબી કરીમ ﷺએ વફાત શરીફમાં અબૂ બક્ર સિદ્દીક઼ رضی اللہ عنہને પોતાના મુસલ્લા પર ઉભા કર્યા અને સર્વ મુસલમાનોના ઈમામ બનાવ્યા અને એ આકસ્મિક ન હતું બલ્કે ફર્માવ્યું કે, ''જે કોમમાં અબૂબક્ર છે એમાં કોઈ અન્યને ઈમામ બનવાનો હક્ક઼ નથી.'' અને જાહેર છે કે કૌમમાં ઈમામ તેને બનાવવામાં આવે છે જે સૌથી ઈલ્મો ફઝ્‌લમાં અધિક હોય. રબે પણ અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہને અબુલ ફઝ્‌લ એટલે સૌથી અફઝલ ફર્માવ્યા કે ફર્માવ્યું : وَلَا يَأْتَلِ اُولُوا الْفَضْلِ مِنْكُمْ وَالسَّعَةِ (અને કસમ ન ખાય તે જે તમારામાં ફઝીલતવાળા અને ગુંજાઈશવાળા છે. સૂ. નૂર ૨૪/૨૨) યાદ રાખશો કે ''ફઝ્‌લ'' પછી ''મિન્કુમ'' વર્ણન થયેલ છે. પરંતું ''સખ્તહ'' (વિશાળતા) પછી ''મિન્કુમ'' નથી. જાણવા મળ્યું કે **સિદ્દીકે઼ અકબર ફઝીલતમાં સર્વ સહાબા તથા અહલે બયત કરતાં અધિક છે,** પણ માલદારીમાં નહીં. (સર્વાંશે)

એ પણ યાદ રાખશો કે આ "કુલ્લી" ફઝીલતનું વર્ણન છે. "જુઝવી" (શાખાકીય) ફઝીલતમાં અમુક અહલે બયતે અત્હાર સિદ્દીકે અકબર કરતાં અફઝલ છે, જેમ કે લખ્તે જિગર હોવામાં, નૂરે નજર હોવામાં, જુઝવે બદન (શરીરનો ભાગ) હોવાની જે અઝમત હઝરત ખાતૂને જન્નતને હાંસલ છે તે સિદ્દીકે અકબરને નથી. એનું દષ્ટાંત એ રીતે સમજો કે નબી કરીમ ﷺ સર્વ અંબિયાથી મુત્લકન અને કુલ્લી તૌર પર અફઝલ છે, પરંતું અમુક અંબિયાએ કિરામમાં જુઝવી વિશિષ્ટતા અલગથી મૌજૂદ છે. જેમ કે હઝરત આદમ علیہ السلامનું મસ્જૂદે મલાઈકા હોવું અથવા હઝરત ઈસા علیہ السلامનું વગર પિતાએ પેદા થવું.

**દસમી હિદાયત** : હુઝૂર ﷺની તમામ અઝવાજે મુહહ્રાત (પાક બીવીઓ)માં હઝરત આઈશા સિદ્દીકા અને બીબી ખદીજતુલ કુબરા અફઝલ તથા આ'લા છે. બીબી આઈશા સિદ્દીકા رضی اللہ عنہاમાં ઘણી વિશિષ્ટતાઓ છે. આપ જ હુઝૂર ﷺને કુંવારા મળ્યાં. આપ જ સર્વ અઝવાજ કરતાં અધિક ઈલ્મવાળાં છે કે ઘણી બધી હદીષો આપનાથી રિવાયત પામેલી છે, અને કુર્આને હકીમની અજોડ સમજ ધરાવતાં હતાં. આપનાં બિસ્તરમાં હુઝૂર પર વહી આવતી હતી. આપને રૂહુલ અમીન સલામ અર્ઝ કરતા હતા. આપને કેટલાક લોકોએ તોહમત લગાડી તો રબે આપની ઈસ્મત (સચરિત્રતા)ની ગવાહી કુર્આનમાં આપી. એટલે બીબી મરયમને તોહમત લગાડી તો ઈસા علیہ السلام ગવાહ રહ્યા, યૂસુફ علیہ السلامને તોહમત લગાડી તો એક દૂધ પીતુ બાળક ગવાહ થયું, મહબૂબાએ મહબૂબને તોહમત લગાડી તો ખુદ રબ તઆલા ગવાહ. આપના જ સીના શરીફ પર હુઝૂરની વફાત થઈ અને આપના જ હુજરામાં હુઝૂર કયામત સુધી જલ્વાગર છે.

બીબી ખદીજતુલ કુબરા رضی اللہ عنہاને નબી કરીમ ﷺ કુંવારા મળ્યા. હુઝૂર ﷺએ આપની મૌજૂદગીમાં કોઈ અન્ય નિકાહ નથી કર્યા. આપે જ હુઝૂર ﷺના કપરાકાળમાં ખૂબ જ વફાદારીપૂર્વક સાથ આપ્યો. આપના જ માલથી અલ્લાહે હુઝૂર ﷺને ગની કર્યા.

وَوَجَدَكَ عَآئِلًا فَاَغْنٰى(અને તમને હાજમંદ પામ્યા પછી ગની કરી આપ્યા. સૂ. દુહા, ૯૩/૮) આપ જ હુઝૂર ﷺની સર્વ ઔલાદની મા છે, કે ઈબ્રાહીમ رضی اللہ عنہ સિવાય સર્વ ઔલાદ આપથી છે. આપ જ હુઝૂર ﷺની નસલની અસલ અને સર્વ સાદાતે કિરાનાં દાદી સાહિબા છે. હું શું અને મારું મોં શું ! કે આ સરકારના મર્તબા વર્ણવી શકું. તેમની કબ્રે અન્વરના રજકણો મુસલમાનોના દિલનો કિબ્લો અને જાનનો કાબા છે.

સર્વ ઔલાદે પાકમાં હઝરત ખાતૂને જન્નત ફાતિમા ઝહ્રા ઘણા જ અફઝલ તથા આ'લા છે. આપ સૈયદુલ અંબિયા ﷺનાં લાડલી, સૈયદુલ અવલિયા શેરે ખુદાની બાનુ એટલે ઘરનો ઉજાસ છે, અને સયદુશ્શોહદાની મા, હુઝૂર ﷺના વંશવેલાનું મૂળ છે.

હુઝૂર ﷺના વાલિદૈન કરીમૈન તૈયેબૈન તાહિરૈન હુઝૂર ﷺની નબુવ્વતના ઝહૂરથી પહેલાં વફાત પામી ગયાં. તે હઝરાત પોતાની જિંદગીમાં બેગુનાહ મોમિન અને અલ્લાહનાં મકૂબૂલ હતાં જેમને રબે પોતાના હબીબ ﷺના નૂરની અમાનતના માટે પસંદ કર્યા. પછી નબી કરીમ ﷺએ તેમને બીજીવાર ઝિંદા કરીને પોતાના દીદારના શરફથી મુશર્રફ કર્યાં. તેમને પોતાનો કલમો પઢાવીને પોતાની ઉમ્મતમાં દાખલ કર્યાં. (શામી) હવે તે હઝરાત સહાબીયે રસૂલ છે.

કેટલીક બેઠકોમાં આ થોડાક પેજીસ લખી કાઢયાં. અલ્લાહ તઆલા આ શાહીથી મારી સિયાહકારી દૂર કરે અને મારા આમાલનામાની કાળાશને ધોઈ આપે, મને કયામતની રૂ સિયાહીથી બચાવે.

મારો મકસદ કેવળ એ છે કે એક સહાબીયે રસૂલની ઝાત શરીફથી ટોણા મહેણાઓ દૂર કરું. હુઝૂર સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું કે જે કોઈ મુસલમાનની તેની પીઠ પાછળ ઈજ્જત બચાવે તો અલ્લાહ તેને કયામતની ઝિલ્લતથી બચાવશે. તો જો કોઈ હુઝૂરના એક સહાબીની ઈજ્જતથી ટોણા મહેણા દૂર કરે તો હુઝૂર ﷺના આ વાયદા હેઠળ ઉમ્મીદ છે કે રબ તેને ઝિલ્લત તથા ખ્વારીથી દીન તથા દુનિયામાં બચાવશે.

ફ઼કીરની આ હક઼ીર તેહરીર (લખાણ) જેને પસંદ આવે તે કબૂલ કરે અને મને દુઆએ ખૈરથી યાદ કરે, અને જેને પસંદ ન આવે તે મને બુરો કહે, જનાબ અમીર મુઆવિયહ رضی اللہ عنہને બુરા કહેવાથી દૂર રહે, તો પણ મારી મહેનત ઠેકાણે લાગી.

## ★ આખરી હિસ્સો ★

આ રિસાલો (કિતાબ) લખી ચૂક્યા બાદ મારા અઝીઝતરીન શાર્ગિદે રશીદ અલ્હાજ સૈયદ મહમૂદ શાહ સાહબ ગુજરાતી સલ્લમહૂએ મને રાય આપી કે હું આ રિસાલામાં કુત્બે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી قدس سرہ અને અને હઝરત મહબૂબે સુબ્હાની ગૌષુષ્ષક઼લૈન મુહીયુદ્દીન અબ્દુલ ક઼ાદિર જીલાની قدس سرہના ઈર્શાદાતે ગિરામી (મુબારક આદેશો) જે એ બુઝુર્ગોએ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ તથા સહાબાએ કિરામના સબંધે દર્શાવ્યા છે તેને જરૂરથી અહીં નકલ કરી આપું જેની બરકતની સાથોસાથ દલીલોમાં મજબૂતી પણ હાંસલ થાય. મને એ અઝીઝની રાય ખૂબ જ પસંદ આવી. હું અતિશય ફખ્ર સાથે એ મહબૂબાને બારગાહે ઈલાહીના આદેશો નકલ કરવાની સદનસીબી હાંસલ કરું છું, વાંચકો ધ્યાનપૂર્વક વાંચે અને ઈમાન તાજુ કરે અને વિચારે કે એ બુઝુર્ગોની અક઼ીદત સહાબાએ કિરામ અને હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના સંબંધે કેવી હતી.

કુત્બે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની હઝરત શયખ અહમદ ફારૂકી સરહિંદી رضی اللہ عنہ જે ઉમ્મતના અકાબિર અવલિયામાં છે, તેમના મકતૂબાત શરીફ મોમિનોની આંખોનું નૂર દિલનું સુરૂર છે. એ મકતૂબાત શરીફ, જિલ્દ અવ્વલ, મકતૂબ પંજા વ ચહારૂમ પેજ ૮૬ જે શયખ ફરીદ સાહબને લખવામાં આવ્યા જેમાં બદ મઝહબની સોહબતથી બચવાની તાકીદ કરવામાં આવી તેમાં ફર્માવે છે :–

ફારસીનો અનુવાદ : **"સર્વ બિદઅતી ફિર્ક઼ાઓમાં બદતરીન ફિર્કો તે છે જે હુઝૂર صلی اللہ علیہ وسلمના સહાબાથી અદાવત (કીનો) રાખે છે.**

અલ્લાહ તઆલાએ એ ફિર્કાને કાફિર કહ્યો છે કે કુર્આનમાં ફર્માવ્યું : لِيَغِيظَ بِهِمُ الْكُفَّارَ (કાફિરોનાં દિલ જલે. સૂ. ફતહ, ૪૮/૨૯) કુર્આન તથા શરીઅતની તબ્લીગ સહાબાએ કરી. જો ખુદ સહાબા જ દોષિત હોય તો કુર્આન તથા સર્વ શરીઅતમાં મહેણા ટોણા લાઝિમ થશે.''

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رضی اللہ عنہ એ જ મકતૂબાત શરીફમાં થોડેક આગળ જણાવે છે : ''જે ઝઘડાઓ તથા લડાઈઓ સહાબાએ કિરામમાં થઈ તે નફસાની ખ્વાહિશની બિના પર ન હતી, કેમ કે સહાબાના નફ્સો હુઝૂરની સોહબતની બરકતથી પાક થઈ ચૂક્યાં હતાં અને સતાવવાથી આઝાદ.''

હું કેવળ એટલુ જાણુ છું કે એ જંગોમાં અલીયે મુર્તઝા હક્ક઼ પર હતા અને તેમના વિરોધી ખતા પર, પરંતું એ ખતાએ ઈજતેહાદી છે જે ફિસ્ક઼ની હદ સુધી નથી પહોંચાડતી, બલ્કે અહીં મલામતની (ભલુબુરુ કહેવાની) પણ ગુંજાઈશ નથી, કેમ કે ખતાકાર મુજતહિદને પણ સવાબનો એક દરજો મળી જાય છે.

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની એ જ મકતૂબાત શરીફ, જિલ્દ દોમ, મકતૂબાત સી શશુમ, પેજ–૭૬માં જે ખ્વાજા મુહમ્મદ નક઼ી સાહબને ''હક઼ીકતે મઝહબે અહલે સુન્નત''ના બારામાં લખી ગયા, એમાં ફર્માવે છે :

''જ્યારે કે સહાબાએ કિરામ અમુક ઈજતેહાદી ચીજોમાં ખુદ નબી કરીમ صلی اللہ علیہ وسلمની રાયની પણ વિરૂધ્ધ કરતા હતા અને હુઝૂરની રાયની વિરૂધ્ધ રાય આપતા હતા, અને તેમનો આ મતભેદ ન બુરો હતો ન મલામતને (ભલુબુરુ કહેવાને) પાત્ર, અને એમના વિરૂધ્ધ કોઈ વહી ન આવી. તો હઝરત અલીની વિરૂધ્ધ ઈજતેહાદી બાબોમાં કુફ્ર કેવી રીતે થઈ ગઈ ?! અને અલીના વિરોધીઓ પર તઅન તથા મલામત શાથી છે ? હઝરત અલીથી જંગ કરનારા મુસલમાનોની મોટી જમાઅત તથા જલીલુલ ક઼દર સહાબા છે. તેમનામાંથી અમુક તે છે જેમના જન્નતી હોવાની બશારત આવી ચૂકી છે, તેમને કાફિર કહેવા કે મલામત કરવી આસાન નથી. ઘણી

જ સખત વાત એમના મોંથી નીકળે છે.'' હઝરત મુજદ્દિદ અલ્ફેષાની قدس سرہ આ લાંબા મકતૂબ શરીફમાં થોડેક આગળ આદેશ કરે છે તેને ધ્યાનથી જુઓ :

''સહીહ બુખારી જે કુર્આન પછી ઘણી જ સહીહ કિતાબ છે અને શીઆ પણ એને સ્વીકારે છે. એટલે શીઆઓના મોટા આલિમ નયનતીને સાંભળ્યા કે કહેતા હતા, કુર્આન બાદ બુખારી સર્વ કિતાબોમાં સહીહતર કિતાબ છે. એમાં પણ હઝરત અલીના વિરોધીઓથી રિવાયતો મૌજૂદ છે અને ઈમામ બુખારીએ હઝરત અલીના ફેવર કે અન ફેવરના કારણે હદીષને રાજેહ કે મરજૂહ નથી દર્શાવી. ઈમામ બુખારી જેવી રીતે હઝરત અલીથી રિવાયત કરે છે એવી જ રીતે અમીર મુઆવિયહથી કરે છે. જો અમીર મુઆવિયહમાં મહેણા ટોણા (ટીકા)નો મામૂલી અંશ હોત તો ઈમામ બુખારી તેમનાથી કદાપિ રિવાયત ન કરતા, અને ન લખતા.

## ★ જરૂરી નોંધ ★

હઝરત મુજદ્દિદ સાહબ قدس سرہ એ જ મકતૂબ શરીફમાં પોતાનો એક અજીબ બનાવ વર્ણવે છે કે મારો તરીકો હતો કે હુઝૂર ﷺની ઔલાદ શરીફ તથા હઝરત અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની ફાતિહા માટે ખાણુ પકાવતો હતો. એકવાર મેં ખ્વાબમાં સરકાર ﷺની ઝિયારત કરી. જોયું કે હું સલામ અર્ઝ કરી રહ્યો છું પણ જવાબ નથી મળતો અને હુઝૂર મારી તરફ ધ્યાન નથી કરતા. કેટલાક વાર પછી મને ઈર્શાદ ફર્માવ્યો કે, ''અમે આઈશાના ઘરનુ ખાવા ખાઈએ છીએ. જે મને ખાવા મોકલે તે આઈશાના ઘરે મોકલે.'' હું સમજી ગયો કે હું ફાતિહામાં હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا નું નામ લેતો નથી. ત્યારબાદથી હું સર્વ પાક બીવીઓ ખાસ કરીને હઝરત સિદ્દીકા رضی اللہ عنہا ને ફાતિહામાં શરીક કરી લઉં છું. તમામ પાક બીવી હુઝૂર ﷺનાં સાચા અહલે બયત છે. *(પેજ–૭૪)*

હઝર મુજદ્દિદ અલ્ફેષાની قدس سرہ ના આ મુબારક ઈર્શાદોથી સારી રીતે જાણવા મળ્યું કે હઝરત મુજદ્દિદનો અકીદો અમીર મુઆવિયહ رضی اللہ عنہ

તથા અઝવાજે પાક તથા સર્વ સહાબાએ કિરામના સંબંધે શું છે. હવે જે મુસલમાનના દિલમાં હઝરત મુજદ્દિદ સાહબની મહોબ્બત હશે તે અમીર મુઆવિયહ رضی اللہ عنہની શાનમાં અદના સરખી ગુસ્તાખી નથી કરી શકતો. જો કરશે તો હઝરત મુજદ્દિદ સાહબની જમાઅતથી ખારિજ થશે.

## ★ હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہના આદેશો ★

કુત્બે રબ્બાની મહબૂબે સુબ્હાની શયખ મુહીયુદ્દીન અબ્દુલ કાદિર જીલાની બગદાદી قدس سرہએ પોતાની મુબારક કિતાબ ''ગુન્યતુત્તાલિબીન''ના પેજ–૧૭૧ પર ''અહલે સુન્નત''ના અક઼ીદાઓના બયાનમાં એક વિભાગ રચ્યો :

فَصَلَّ وَيَعْقِدُ أَهْلُ السُّنَةِ أَنَّ أُمَّةَ مُحَمَّدٍ خَيْرُ الْأُمَمِ وَأَفْضَلَهُمْ أَهْلُ الْقَرْنِ الَّذِيْنَ شَاهَدُهُ.

''અહલે સુન્નતનો એ અક઼ીદો છે કે તમામ ઉમ્મતોમાં બેહતર હુઝૂરની ઉમ્મત છે અને એ **સૌ ઉમ્મતમાં એ જમાનાવાળા બેહતર છે જેમણે હુઝૂરને જોયા.**

આ વિભાગ ખિલાફતના વિશે ઈર્શાદ ફર્માવતાં ફર્માવે છે :

ثُمَّ وَلِي مَعَاوِيَةُ تِسْعَ عَشَرَ سَنَةً وَكَانَ قَبْلَ ذَالِكَ وَلَّاهُ عُمَرُ الْإِمَارَةَ عَلَى أَهْلِ الشَّامِ عَشْرِيْنَ سَنَةً۔

''પછી ખિલાફતના અમીર મુઆવિયહ رضی اللہ عنہ રહ્યા ઓગણીસ વરસો સુધી, અને એનાથી પહેલાં તેમને ઉમર رضی اللہ عنہ એ શામના હાકિમ રાખ્યા હતા વીસ વરસો સુધી.''

હુઝૂર ગૌષ પાક એ જ ''ગુન્યતુત્તાલિબીન''ના પેજ ૧૫૭માં અમીર મુઆવિયહ તથા અલીયે મુર્તઝાની જંગના વિશે દર્શાવે છે ! ''અને પરંતું હઝરત અલી رضی اللہ عنہની હઝરત તલ્હા, ઝુબેર તથા આઈશા સિદ્દીક઼ા અને અમીર મુઆવિયહ સાથે જંગના વિશે ઈમામ અહમદે સ્પષ્ટતા કરી છે કે એમાં અને સહાબાની સર્વ જંગોમાં બહષ કરવાથી દૂર રહેવું જોઈએ,

કેમ કે અલ્લાહ તઆલા તેમની સર્વ કદુરતો (મેલાપણા)ને કયામતમાં દૂર કરી આપશે, જેવું કે તેણે ખુદ ફર્માવ્યું છે કે અમે જન્નતીઓના સીનાથી કીના કાઢી નાખીશું અને એટલા માટે કે અલીયે મુર્તઝા એ સહાબા સાથે જંગ કરવામાં હક્ક પર હતા અને જે કોઈ તેમની ઈતાઅત (ફર્માંબદારી) કરવાથી ખારિજ થયો અને તેમના મુકાબલામાં જંગમાં પડયો એનાથી જંગ જાઈઝ હોતી, અને જે બુઝુર્ગોએ અલીયે મુર્તઝાથી જંગ કરી, જેમ કે હઝરત તલ્હા, ઝુબેર, અમીર મુઆવિયહ તેમણે હઝરત ઉષ્માનના ખૂનના બદલાની માગણી કરી જે ખલીફાએ બરહક્ક અને મઝલૂમ થઈને શહીદ કરી દેવામાં આવ્યા, અને ઉષ્માનના કાતિલો હઝરત અલીની ફોજમાં સામેલ હતા જેથી એમનામાંથી દરેક સહીહ તાવીલની તરફ ગયા.''

હુઝૂર ગૌષુષ્ષકલૈન સરકારે બગદાદ قدس سرہٗ એ જ કિતાબ ''ગુન્યતુત્તાલિબીન''ના પેજ–૧૭૬માં અમીર મુઆવિયહ رضی اللہ عنہની અમારત તથા ખિલાફતના વિશે આ પ્રમાણે ઈર્શાદ ફર્માવે છે :

''અને રહી અમીર મુઆવિયહ ઈબ્ને અબૂ સુફયાન رضی اللہ عنہની ખિલાફત, તો તે એ વખતથી દુરુસ્ત થઈ જ્યારે કે હઝરત અલી رضی اللہ عنہની વફાત થઈ ગઈ અને ઈમામ હસન رضی اللہ عنہએ પોતાને ખિલાફતથી અલગ કરી લીધા અને અમીર મુઆવિયહ رضی اللہ عنہને સુપરત કરી આપી, એક મસ્લેહતની બિના પર જે ઈમામ હસન رضی اللہ عنہએ જોઈ અને આપને મસ્લેહત સર્વથા એ જ નજર આવી મુસલમાનોના ખૂન બચાવવા માટે.''

હુઝૂર ગૌષપાક સરકારે બગદાદ જીલાની رضی اللہ عنہ એ જ ''ગુન્યતુત્તાલિબીન''ના પેજ ૧૭૮માં અહલે સુન્નતનો અકીદો આ પ્રમાણે ફર્માવે છે :–

''સર્વ અહલે સુન્નત એના પર એકમાત છે કે, ''સહાબાએ કિરામની જંગોમાં બહષથી દૂર રહેવામાં આવે અને તેમને બુરા કહેવાથી બચાવવામાં આવે.'' તેમના ફઝાઈલ તથા તેમની ખૂબીઓ જાહેર કરવામાં આવે, અને એ બુઝુર્ગોનો મામલો રબને સુપરત કરી દેવામાં આવે. જેવી

એ મતભેદો જે હઝરત અલી رضی اللہ عنہ અને હઝરત આઈશા, મુઆવિયહ, તલ્હા, ઝુબેર رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَમાં ઉપસ્થિત થયા જેમનું વર્ણન અમે પહેલાં કરી ચૂક્યા છીએ, અને દરેક અઝમતવાળાને તેની અઝમતનો હક્ક઼ આપવામાં આવે, કેમ કે રબ તઆલા મોમિનોની શાનમાં ઈર્શાદ ફર્માવે છે કે જે મુસલમાન એ સહાબાઓ પછી આવે તેઓ એવું કહે છે કે, હે રબ ! અમને બખ્શી આપ."

હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہના આદેશોને સાંભળીને કોઈ સાચો મો'મિન અને કોઈ બુઝુર્ગોને માનવાવાળો અમીર મુઆવિયહ رضی اللہ عنہ પર મહેણા ટોણાની જીભ લાંબી કરીને પોતાનું ઈમાન બર્બાદ કરશે નહીં.

હુઝૂરે ગૌષે આ'ઝમ رضی اللہ عنہનો આ બનાવ તો મશહૂર જ છે જેને આમ ઉલમા વાઅઝ કરનારા બયાન કરતા રહે છે કે કોઈએ હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہથી અમીર મુઆવિયહના વિશે પૂછયું તો આપે ફર્માવ્યું કે અમીર મુઆવિયહ رضی اللہ عنہની તો મહાન શાન છે ! તે હુઝૂરના સાળા, હુઝૂરના કાતિબે વહી અને જલીલુલ ક઼દર સહાબી છે. હઝરત વહશી رضی اللہ عنہ ઈસ્લામ લાવીને કેવળ એક નજર હુઝૂર પુરનૂર صلی اللہ علیہ وسلمને જોઈ શક્યા, પછી સરકારી હુકમથી એવા ગોશાનશીન થયા કે હુઝૂરના વિસાલ બાદ જ બહાર નીકળ્યા. કોઈ વલી મહબૂબિયતમાં હઝરત વહશી સુધી નથી પહોંચી શકતી, કેમ કે તે સહાબીએ રસૂલ છે, અને સહાબી સર્વ જહાનના અવલિયાથી આ'લા હોય છે.

## ★ ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ★

તરીક઼તના ઈમામે આ'ઝમ એટલે ગૌષે આ'ઝમ رضی اللہ عنہના આદેશો તો સાંભળી ચૂક્યા, હવે શરીઅતના ઈમામે આ'ઝમ અબૂ હનીફ નોઅમાન બિન ષાબિત رضی اللہ عنہના મુબારક આદેશો પણ સાંભળો ! તે પોતાની કિતાબ "ફિક઼હે અકબર"માં સહાબાએ કિરામ વિશે "અહલે સુન્નતનો અક઼ીદો" પેજ–૮૫ ઉપર આ પ્રમાણે વર્ણવે છે :

فَتَوَلَّاهُمْ جَمِيعًا وَلَا تَذْكُرُ الصَّحَابَةَ الأَبِخَيْرٍ.

"અમે અહલે સુન્નત સર્વ સહાબીઓથી મહોબ્બત કરીને છીએ અને તેમને ભલાઈની સાથે જ યાદ કરીએ છીએ." એની શરહમાં મૌલાના અલી ક઼ારી શરહે ફિક઼્હે અકબરમાં આ પ્રમાણે ફર્માવે છે :–

وَإِنْ صَدَرَ مِنْ بَعْضِهِمْ بَعْضُ مَا صَدَرَ فِي صُورَةِ شَرٍ فَاَنَّذَكَانَ عَنْ اِجْتِهَادٍ وَلَمْ يَكُنْ عَلٰى وَجْهِ فَسَادٍ.

"જો કે અમુક સહાબીઓ થકી એ ચીજો બહાર પડી જે જાહેરી રીતે બુરી સ્થિતિમાં છે, પરંતુ તે સૌ ઈજતેહાદથી હતી, ફસાદથી ન હતી."

બતાવો ! હવે કોણ "હનફી" છે જે પોતાને હનફી કહેવા છતાં અમીર મુઆવિયહ رضی اللہ عنہ પર મહેણા ટોણાની જીભ ખોલે, અને પોતાના ઈમામનો વિરોધ કરે ?!

## ★ હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ ★

સરતાજે અવલિયા, સનદે અસ્ફિયા, ઝીનતે પંજાબ હઝરત અલી હિજવૈરી દાતા ગંજબખ્શ લાહોરી قدس سرہٗ પોતાની કિતાબ "કશ્ફુલ મહજૂબ" બાબુ ઝિક્રે ઉમ્મ અહલે બયતમાં પેજ–૫૮ પર હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہનો એક બનાવ આ પ્રમાણે વર્ણન કરે છે. સાંભળો અને પતો લગાવો કે દાતા સાહબની હઝરત મુઆવિયહ رضی اللہ عنہના સંબંધે શું અક઼ીદત તથા નિયાઝમંદી છે.

"એક દિવસ એક માણસ ઈમામ હુસૈન رضی اللہ عنہની પાસે આવ્યો અને બોલ્યો કે, હે રસૂલ صلی اللہ علیہ وسلمના ફરઝંદ ! હું ગરીબ બીવી બચ્ચાંવાળો છું. આજે રાતની રોટી ચાહું છું. આપે ફર્માવ્યું કે થોભો ! અમારી રોજી રસ્તામાં છે એને પહોંચી જવા દો. વધુ અરસો ગુજર્યો ન હતો એવામાં અમીર મુઆવિયહ رضی اللہ عنہની પાસેથી આપની ખિદમતમાં પાંચ થેલીઓ પહોંચી, દરેકમાં હજાર હજાર અશરફીઓ હતી અને લાવનારાઓને પયગામ આપ્યો કે મુઆવિયહ મઅઝેરત કરે છે અને કહે છે કે આ મામૂલી નઝરાણુ તમારી મામૂલી જરૂરતોમાં ખર્ચ કરી આપો, એના પછી

એનાથી ઘણુ વધારે હાજર કરવામાં આવશે. હુસૈન رضی اللہ عنہએ એ ફકીરની તરફ ઈશારો કર્યો અને પાંચેવ થેલીઓ તેને બખ્શી આપી.

દાતા સાહબ قدس سرہ એ આ બનાવમાં અમુક વાતો બતાવી : ઈમામ હુસૈન رضی اللہ عنہનો ગયબની જાણકારીનો હાલ જાણવું કે ભવિષ્યની ખબર આપી દીધી. અમીર મુઆવિયહ رضی اللہ عنہની અહલે બયતે અત્હારથી નિયાઝમંદી કે ઈમામ હુસૈન رضی اللہ عنہની ખિદમતમાં ભારે નઝરાણુ પેશ કરીને ફર્માવ્યા કરતા હતા, પોતાના ખજાનાનાં મુખ અહલે બયતે અત્હારના માટે ખોલી આપ્યાં હતા. (યાદ રાખશો કે કે અતિશય તૈયબ તથા તાહિર હલાલ ચીજ અલ્લાહની રાહમાં ખૈરાત કરવામાં આવે છે.) ભાવિમાં વધુ નઝરાણુ પેશ કરવાનો વાયદો.

હવે કોણ અક઼ીદતમંદ છે કે જે દાતા સાહબ رحمۃ اللہ علیہને માનીને અમીર મુઆવિયહ رضی اللہ عنہના હક્ક઼માં બદગુમાની કરે.

## ★ મૌલાના જલાલુદ્દીન રૂમી رحمۃ اللہ علیہ ★

અમે આ કિતાબમાં હઝરત મૌલાના જલાલુદ્દીન રૂમી قدس سرہની મષ્નવી શરીફનો હવાલો પેશ કરી ચૂક્યા છીએ જેમાં તેમણે અમીર મુઆવિયહ رضی اللہ عنہને અમીરુલ મો'મિનીન رضی اللہ عنہ અને તમામ મુસલમાનોના મામા લખ્યાં છે. તેમજ તેમની કરામત મષ્નવીના ચૌદ પેજોમાં વર્ણન કરી કે તેમને ઈબ્લીસ લઈન જગાડવા માટે આવ્યો પછી આપના પકડી લેવા પર તે આપની પકડથી છૂટી ન શકયો અને ન આપને ધોકો આપી શકયો.

સારાંશ કે સર્વ અહલે સુન્નતના ઉલમાનો તથા ઉમ્મતના અવલિયાનો એકમતીએ અકીદો એ જ રહ્યો અને એ જ છે કે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ અને તમામ સહાબાએ કિરામનો દિલથી એહતેરામ કરે, તેમને સર્વ ઉમ્મતથી અફઝલ જાણે, જેથી એ જ સિરાતે મુસ્તક઼ીમ છે જે અવલિયા અલ્લાહનો રસ્તો છે, તે જ સીધો રસ્તો છે. એના પર રહેવાનો આપણને ખુદાવંદી હુકમ છે. રબ ફર્માવે છે :

وَكُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ "સાચાઓની સાથે રહો." (સૂ. તૌબા, ૯/૧૧૯) અને ફર્માવે છે : اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ "હે ખુદા ! અમને સીધા રસ્તાની હિદાયત આપ, એ લોકોનો રસ્તો જેના પણ તેં ઈનામ કર્યું. (સૂ. ફાતિહા, ૧/૫,૬) આ અવલિયા અલ્લાહ જ ઈનામવાળા બંદા છે, એ જ સાચા લોકો છે, એમનો જ રસ્તો સીધો રસ્તો છે.

**અમીર મુઆવિયહ رضی اللہ عنہને બુરા કહેનારા કોણ મળશે ? ક્યાં તો રાફઝી અથવા તે સુન્ની જેઓ રાફઝીની સોહબતમાં રહીને અથવા તેમની કિતાબો જોઈને પોતાના ઈમાનની દોલત બર્બાદ કરી ચૂક્યા.** રબ તઆલા દરેક મુસલમાનનું ઈમાન આ જમાનાની હવાઓથી મેહફૂઝ રાખે. وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ

**અહમદ યારખાં**

*ખતીબ જામેઅ ચોક, પાક. ગુજરાત, પંજાબ*

*૯–શાબાન હિ. ૧૩૭૫ જુમ્આ મુબારક.*

પેજ 05 નું ચાલુ..

*અહલે સુન્નત કા હૈ બેળા પાર અસ્હાબે હુઝૂર*
*નજમ હૈ, ઔર નાવ હૈ ઈતરત રસૂલુલ્લાહ ﷺ કી*

મારી તમામ સુન્ની ભાઈઓ બહેનોને વિનંતિ કે પ્રસ્તુત કિતાબને ઉપર ઉપર નજર ફેરવીને નહીં બલ્કે ધ્યાનપૂર્વક વાંચે અને પોતાનાં ઘરવાળાં, મિત્ર મંડળને પણ વંચાવે અને અહલે સુન્નત પર મજબૂતી ક઼ાયમ રહી પોતાની દુનિયા તથા આખેરતને કામયાબ બનાવવા કોશિશ કરે. અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં આપણને મઝહબે હક઼્ક઼ અહલે સુન્નત, મસ્લકે આ'લા હઝરત પર મજબૂતી સાથે અંતિમ શ્વાસ સુધી ક઼ાયમ રાખે.

آمِین بِجَاہِ النَّبِیِّ الْکَرِیْمِ عَلَیْہِ اَفْضَلُ الصَّلٰوۃِ وَ التَّسْلِیْم

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફ઼ા હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*(તા. ૧૮–ફેબ્રુઆરી–૨૦૨૫, મંગળવાર, હિ.સ. ૧૪૪૬, ૧૯–શાબાનુલ મુઅઝ્ઝમ)*

**એક નઝર ઈધર ભી !**

રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશે

# તાહિરુલ કાદરીના જૂઠા પ્રચારનો પર્દાફાશ !

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! તાહિરુલ કાદરીની ગુમરાહીઓ વિશે અગાઉ પણ તમો બરકાતે ખ્વાજા મંથલીના (નવે. ૨૦૧૧ થી એપ્રિલ–૨૦૧૨)ના અંકોમાં તેમજ અમારી પ્રકાશિત કિતાબ "તાહિરુલ કાદરી હકીકતના આઈનામાં" જોઈ ચૂક્યા છો. આજે ફરી એકવાર **તાહિરુલ કાદરીએ કેટ કેટલાં જૂઠો બોલીને એહલે સુન્નત વ જમાઅતમાં ગુમરાહીને ફેલાવવા તથા તેને હવા આપવા માટે** જે બયાન કરેલ છે તેને પ્રથમ દર્શાવીને અહલે સુન્નતના અસ્લાફ (પૂર્વજ ઉલમા બુઝુર્ગો)ની કિતાબોના આધારે તેના જૂઠોને ઉઘાડાં પાડીને તેને શક્ય તેટલી વિગતે સંપૂર્ણ હવાલાઓ સાથે રજૂ કરીએ છીએ. તાહિરુલ કાદરીનાં ડંફાશ મારતાં, જૂઠી કસમો સાથે ચેલેંજ કરતાં અમુક બયાનો સાંભળી કેટલાય નાદાન ભાઈઓ, તેની ગુમરાહીમાં ફસાઈ પડયા છે, કેટલાક ખાનકાહવાળા પણ શીઆઈયત તરફ વળી ગયા છે, તેઓ આ લેખ જરૂર વાંચે. અને અસલિયતને સમજી હક્કને સ્વીકારી પોતાની આખેરત સંવારી લે. અહલે હદીષ, વહાબી, દેવબંદી, શીઆ, રાફઝી વગેરે ફિર્કાઓના એહલે સુન્નત સાથેના મતભેદને પાયાનો (અકીદાનો) નહીં પણ ઉપર ઉપરનો દર્શાવી ચર્બ ઝબાનીથી ભોળી સુન્ની અવામ પર ઢોંસ જમાવવાનો પ્રયત્ન કરનાર, આ ગુમરાહી ફેલાવનાર તાહિરુલ કાદરીના હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશેના બયાનને પણ પ્રથમ વાંચો પછી તેમના જૂઠોનો પર્દાફાશ અમોએ અહલે સુન્નતના બુઝુર્ગોની કિતાબો થકી કરીને હક્કને ધોળા દિવસની જેમ સ્પષ્ટ કરેલ છે તેનો અભ્યાસ

કરો અને હજી તમારા દિલમાં આવા ગુમરાહ મોલ્વી માટે કાંઈ સ્થાન હોય તો તેનાથી દિલને પાક કરો અને અહલે સુન્નતના હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશે સાચા અકીદાને દિલમાં જગા આપો એમાં આપણા સૌની દુનિયા તથા આખેરતની ભલાઈ છે. પોતાની ગુમરાહીઓ વિશે જગ જાહેર થવા છતાં તૌબા ન કરનાર આ હઠીલા મોલ્વીનું બયાન સાંભળો ! :

## ★ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશે તાહિરુલ ફ઼ાદરીનું ગુમરાહીભર્યું બયાન ★

**તાહિરુલ ફ઼ાદરીનું જૂઠી ડંફાશોભર્યું બયાન :** "૧૪૦૦ સાલમેં હઝારોં કિતાબેં ભરી પળી હૈં. હર કિતાબને આંખે ખોલકર રખ દિયા હૈ. ફક્ત ક્યા હૈ કફ્ફે લિસાન (મૌન) હૈ ! જો ઝબાન દરાઝી કરતે હૈં વો અહલે સુન્નતમેં નહીં રહતે. વો ઈધર ચલે જાતે હૈં. જો ઉનકી (મુઆવિયહકી) મન્કૂબતકે ઝંડે ઉઠાતે હૈં, નારે લગાતે હૈં વો અહલે સુન્નતમેં નહીં રહતે, વો ખારજીયોં કી તરફ ચલે જાતે હૈં, **ખારજી હો જાતે હૈં.** યા રાફઝી બનો યા ખારજી બનો, યહ ભી ગલત વો ભી ગલત. અગર અહલે સુન્નત રહના હૈ તો હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہકા મન્સબ ફક્ત યહ હૈ કે નિસ્બતે સહાબિયતકી વજહસે કફ્ફે લિસાન હૈ. ચૂપ ! તઅનો તસ્નીઅ (મહેણાં ટોણાં) નહીં કર સકતે, લઅન તઅન નહીં કર સકતે, નિશાનએ તન્કીદ નહીં બના સકતે, કાફિર ઔર ફાસિક઼ નહીં કહ સકતે, યહાં ઈસસે મના કિયા. યહ હૈ અહલે સુન્નતકા અક઼ીદા ! ઈસસે બળ્હેંગે ઈસ તરફ તો રાફઝી બનેંગે, ઈધર બળ્હેંગે તો ખારજી બનેંગે. આપ ચુઝ કર લેં કયા બનતે હૈં. ૧૩૦૦ સાલ કા અહલે સુન્નત વ જમાઅતકા ઝખીરાએ ઈલ્મ મુત્તફક઼ા ! જિસ પર ઈખ્તેલાફ નહીં. મૈં જિમ્મેદારીસે કહતા હૂં કિતાબેં પળ્હેં, ખંગાલેં કુતુબકો, ઈલ્મકે સમંદરમેં ગોતાઝની કરેં આપ તો પતા ચલે. ૧૨-૧૩ સો સાલમેં ઉસૂલે દીન ઔર ઉસૂલે અક઼ાઈદકે ઔર ઉસૂલે ફિક઼્હકે કિસી એક આલિમ ફક઼ીહ ઔર ઈમામને ઉનકા દિફઅ નહીં કિયા. યહ અક઼ીદા કહાંસે નિકલ આયા ! લોગ ઝબાન બંદ કરાતે થે ૧૩૦૦ સાલ તક અઈમ્મા, ઔર આજ યહ અક઼ીદા

કહાંસે આયા કે આપ ઉન્કે નારે લગાએં, ઉનકે ઝંડે ઉઠાએં, ઔર મસ્જિદેં બજાએ મસ્જિદે અલી કે ઉનકે નામ પર રખ્ખેં ! ઉનકી શાનોં પર તરાનેં ઔર કસીદે ગાએં ! ઉનકે જલસે કરેં ઔર ઉનકે ઉર્સ મનાએં ઔર યવમે નિયાઝ મનાએં ! ખુદાકે લિયે મુઝે બતા દો ! ૧૩૦૦ સાલમેં યહ અક઼ીદા મૈને અપની ઝિંદગીમેં નહીં દેખા, ઔર વો ખિતાબ કર રહે હૈં પૂરા હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہકી શાનમેં ! ઐસે લોગોંકો શર્મ આની ચાહિયે ઔર ડૂબકે મર જાના ચાહિયે. યહ બુગ્ઝ રખનેવાલે હૈં અહલે બયતસે ! યહ હરગિઝ સુન્ની નહીં હૈં, દુશ્મનાને અહલે બયત હૈં યહ લોગ ! યહ ભેળીયે અહલે સુન્નતમેં ઘુસ ગયે હૈં. ઔર દન્દનાતે ફિરતે હૈં ઔર યહ અક઼ીદા સહીહાકો ભી બર્બાદ કરેંગે. મૈં મુતનબ્બેહ (સાવધાન) કર રહા હૂં. યહી વો લોગ હૈં જો હમ પર ફત્વે લગાતે હૈં ઔર મિન્હાજુલ કુર્આન કે ખિલાફ ૨૪ ઘન્ટા મુહિમગીરી કરતે હૈં. અભી હમારે ઉલમા જો ચુપ બૈઠતે હૈં. કિસ લિયે ચૂપ બૈઠતે હૈં ?! ઐસે લોગોંકે ગિરેબાન પકળેં ઔર જૂટે મારકર ઉનકો મસ્જિદોંસે બાહર નિકલ દેં !!........ (તાહિરુલ ક઼ાદરીનું બયાન ખત્મ થયું)

**નોંધ** : એવી સ્ટાઈલમાં ચેલેંજ સાથે ખૂબ જ ભારપૂર્વક કે સામાન્ય માણસ તો અંજાય જ જાય એવા ઠઠારા ને ભપકા સાથે કેવાં કેવાં જૂઠ તાહિરુલ ક઼ાદરી પાગલ જેમ બોલે જાય છે, તેનો પર્દાફાશ અહલે સુન્નતના મોઅ્તબર આલિમે દીનના માર્ગદર્શન પરથી અત્રે રજૂ કરીએ છીએ તેને જોઈ લો ! અને તાહિરુલ ક઼ાદરીની ગુમરાહીથી બચો.

## ★ ફઝાઈલ ન વર્ણવો એવું હજારો શું ઉમ્મતની એક કિતાબમાં પણ નથી !! ★

તાહિરુલ ક઼ાદરી કહે છે : ૧૪૦૦ સાલની કિતાબો ભરેલી પડી છે (કે હઝરત અમીર મુઆવિયહની શાનના બારામાં મૌન રહેવામાં આવે) **હું કહું છું ૧૪૦૦ વરસમાંની કોઈ એક વરસની એક મહીનાની એક કિતાબમાં પણ એનો (આ વાતનો) ઉલ્લેખ નથી, કોનો ? કે જે હઝરત મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલ વર્ણન કરે તે નાસબી (ખારજી**

**હઝરત અલી رضی اللہ عنہના દુશ્મન) છે.** કફ્ફે લિસાન'' (ચૂપ રહેવું) જે છે તે એ છે કે તેમની વિરૂધ્ધ બકબક ન કરવામાં આવે, ઝિકે ખૈર (સારા વર્ણન)નો તો હુકમ છે ! અને વળી ઉલ્ટુ એ કે **''જો ફઝાઈલ વર્ણન કરશો તો નાસબી (ખારજી) બની જશો !'' આવું કોઈ એક કિતાબમાં નથી.** છતાં આ નિર્લજ્જતાની સાથે કહે છે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલ વર્ણન કરશો તો નાસબી (ખારજી) બની જશો ! આટલી મહાન પોલ આ તાહિરુલ કાદરી ચલાવે છે ! અને પ્રોપેગન્ડા કરે છે કે ફઝાઈલ વર્ણન કરવાનું તો આ ઉમ્મતમાં હતું જ નહીં ! **જ્યારે કે ઉમ્મતની અંદર એક એક કિતાબ અને કિતાબમાં દસ દસ પ્રકરણો મુઆવિયહ رضی اللہ عنہની ફઝાઈલનાં મૌજૂદ છે.**

## ★ એક અતિ જરૂરી ઈમાની સ્પષ્ટતા ★

અમે અલલ એલાન કહીએ છીએ કે **જે હઝરત અલી رضی اللہ عنہના પ્રતિ બુગ્ઝ, અદાવતના કારણે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલ વર્ણન કરે, સુન્નીનો એની સાથે કોઈ જ સંબંધ નથી.** અને તેનો **આ અંદાઝ ગૈર શરઈ છે ઘણો જ અધિક ધુત્કારાયેલો છે, મરદૂદ છે.** સુન્ની જે હઝરત મુઆવિયહ رضی اللہ عنہનો ઉલ્લેખ કરે છે તે ન તો હઝરત અલી رضی اللہ عنہથી વધારવાના માટે કરે છે, ન તો મૌલા અલી رضی اللہ عنہની સાથે બરાબરી માટે કરે છે, ન મૌલા અલી رضی اللہ عنہની અફઝલિયત, અકમલિયત, અગ્રતા તથા અઝમતના ઈન્કાર માટે કરે છે, ન મૌલા અલી رضی اللہ عنہના બુગ્ઝના માટે કરે છે. સુન્ની કેમ કરે છે ? સુન્ની એટલા માટે કરે છે કે અલ્લાહે જ્યારે અઝલમાં પોતાના નબી صلی اللہ علیہ وسلمના સહાબા ચૂંટી કાઢયા હતા એમનામાં આ હસ્તી હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہને પણ રબે ચૂંટી કાઢયા હતા. જેમને રબે, સરકાર صلی اللہ علیہ وسلم માટે ચૂંટી કાઢયા અને જેમને સરકાર صلی اللہ علیہ وسلمએ પસંદ કર્યા, વહીના કાતિબ (લખનારા) બનાવ્યા. વળી એમનામાં મુસાહરતનો સંબંધ પણ છે કે એમની (હઝરત મુઆવિયહ رضی اللہ عنہની) બહેન હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا જે હુઝૂર صلی اللہ علیہ وسلمનાં પત્ની

સાહેબા છે, તે ખાલુલ મો'મિનીન (મો'મિનોના મામા) છે, તે કાતિબે વહી છે, તે મહાન મુસ્લિમ ફાતેહ (વિજેતા) છે, એના આધારે તેમનો ઉલ્લેખ કરવામાં આવે છે. **મૌલા અલી رضی اللہ عنہના મુક઼ાબલા (સરખામણી)ના માટે કદાપિ એમનો ઉલ્લેખ નથી કરવામાં આવતો.** હવે એમનો જ ઝિક્ર રોકવાના માટે નાસબી (ખારજી) હોવાનો ટોણો મારવામાં આવે છે ! કે ફઝાઈલે મુઆવિયહ رضی اللہ عنہ બયાન કરશો તો નાસબી (ખારજી) બની જશો. તાહિરે કહ્યું ''જે ફઝાઈલ વર્ણન કરે તો નાસબી (ખારજી) બની જાય છે'' **પણ આ વાત તદ્દન ગલત છે.** અમીરે મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલ તો આખી ઉમ્મત વર્ણન કરતી આવી છે.

## ★ ફઝાઈલમાં પ્રકરણો, ફઝાઈલ પર કિતાબો લખવામાં આવી ★

ફઝાઈલનું એવું નથી કે આજે હવે આ બયાન કરવાં શરૂ થયાં, બલ્કે એ દરેક દૌરની અંદર એવા રહ્યાં અને પછી જ્યાં પણ જરૂરત પડી ત્યાં આ ચીજને વર્ણવવામાં આવી. અહલે સુન્નતની અંદર એક ઉલઝન જોવા મળે છે. કેટલાય વરસોથી તાહિરુલ ક઼ાદરીની આ તક઼રીરના આધાર પર, વળી તેમણે એમાં ઘણો ગલત દાવો કર્યો છે. વળી તેમણે અમુક નામો રટી લીધેલાં છે જે પણ વિષય હોય એ અમુક અકાબિર (અહલે સુન્નતના અગ્રેસર બુઝુર્ગો ઉલમા)નાં નામો લઈ લે છે કે કોણ ચેક કરવાનું છે ! કે તેમણે આવું લખ્યું છે કે નથી લખ્યું ?! કસ્તલાનીએ લખ્યું, અસ્કલાનીએ લખ્યું, બુશૈરીએ લખ્યું, રૂમીએ લખ્યું, જામીએ લખ્યું, અ઼યનીએ લખ્યું. (આવું ઠોકી આપે છે !)

તો આપણે એ પણ જોઈશું કે તેમણે કેટલાં જૂઠો બોલેલ છે, કેટલા પ્રમાણમાં ખયાનત કરી છે અને એના પર જે અમે વર્ણવીશું અલ્લાહના ફઝ્લથી તેના મરતા દમ સુધી તાહિરુલ ક઼ાદરીને ચેલેંજ પણ છે કે જે અમે એની ગલતીઓ કાઢી છે તે કહે કે મેં નથી કરી અને અસલ કિતાબ આ છે. હમણા હું મુહદ્દિષોની કિતાબો બતાવીશ જેમણે બાબ (પ્રકરણ) લખ્યાં : બાબો ફઝાઈલે મુઆવિયહ, અથવા બાબો મનાકિ઼બે મુઆવિયહ رضی اللہ عنہ (મનાકિ઼બ = પ્રશંસા) તો એના મુતાબિક઼ તો આખી ઉમ્મતને નાસબી માનવી પડશે !

## ★ કફ્ફે લિસાન (મૌન રહેવું) એટલે શું ? ★

એ છે કે તેમની (હઝરત મુઆવિયહ رضی اللہ عنہની) વિરૂધ્ધ બકબક ન કરવામાં આવે, ઝિક્રે ખૈરનો તો હુકમ છે, અને કફ્ફે લિસાન એટલે મુશાજરાતની અંદર એટલુ કહી દો કે, "હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہ હક્ક઼ પર હતા અને હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ ખતા પર હતા." હવે એના પછી કફ્ફે લિસાન (ચૂપ રહેવાનું) છે કે આગળ કોઈ અન્ય શબ્દ ન બોલો. એટલે ટીકા ટીપ્પણ ન કરવામાં આવે, એના લેહાઝથી કફ્ફે લિસાન (મૌન રહેવું) છે. ન એ કે એમની ફઝીલત પણ ન વર્ણવો અથવા ફઝાઈલનો ઈન્કાર કરો. અને પછી વળી ઉલ્ટુ એ કે, **"ફઝાઈલ વર્ણવશો તો નાસબી બની જશો" એવું કોઈ એક કિતાબમાં પણ નથી.** જેના માટે હવાલો એક પણ નથી છતાં કેટલી નિર્લજ્જતાથી તાહિરુલ ક઼ાદરી કહે છે કે, "હજારો ઉલમાએ સ્પષ્ટતા કરી છે !" એના પર હું કેટલાક હવાલાઓ પેશ કરવા ચાહુ છું કે કોણે કોણે ફઝાઈલ (હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના) વર્ણવ્યા. આમ તો જો કે દરેક સદીના ગણીશું તો ખૂબ જ લાંબો મસ્અલો બની જશે જેથી અમો કેવળ પ્રકરણો વર્ણવીએ છીએ :

## ★ ઈમામ તિર્મિઝીની હદીષની કિતાબોમાં હઝરત મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલનું વર્ણન ★

આ મહાન ઈમામ ત્રીજી સદી હિજરીમાં થઈ ગયા (વફાત : હિ. ૨૭૯) આ છે એમની સુનને તિર્મિઝી, દરેક બંદો જાણે છે કે સિહાહ સિત્તામાં એનું કેટલુ ઊંચુ સ્થાન છે. સુનને તિર્મિઝીમાં કિતાબુલ મનાકિ઼બ છે, જે બૈરૂતમાં છપાઈ છે, જેની જિલ્દ (ભાગ) નં. ૪, પેજ નં. ૫૨૬ બાબ નં. ૪૮, બાબો મનાકિ઼બે મુઆવિયતબ્ને અબી સૂફયાન رضی اللہ عنہ. એના હેઠળ ઈમામ તિર્મિઝીએ ૩૮૪૨ હદીષ નંબર લખી, પછી ૩૮૪૩ નંબર હદીષ લખી. તો તિર્મિઝી જેવી કિતાબમાં આખુ ચેપ્ટર (પ્રકરણ, બાબ) છે. એટલે કે મુહદ્દિષો બાબ (પ્રકરણો) રચી રહ્યા છે અને ઉમ્મત સદીઓમાં લાખો કરોડો લોકો પઢતા પઢાવતા આવી રહ્યા છે. જયારે એની (તાહિરુલ

ક઼ાદરીની) નજીક જે મનાક઼િબ (પ્રશંસા) વર્ણવે તે નાસબી (ખારજી) છે. અને કહે છે કે આ લોકો ક્યાંથી આવી ગયા ?! ઉમ્મતે તો કદી એવું કર્યું ન હતું ! શું ઈમામ તિર્મિઝી ઉમ્મતમાં નથી ?! તેમની કિતાબ શું પૂરી ઉમ્મતની તર્જુમાન (પ્રતિનિધિત્વ કરનારી) નથી ?! નાદાન લોકો તાહિરુલ ક઼ાદરીની નિર્લજ્જતાપૂર્વકની જૂઠી ડંફાશ મારતી રજૂઆતથી અંજાય જઈને પરેશાન થઈ જાય છે ! પણ તેમની ડંફાશની અસલિયત આ છે તે જાણો.

એવી જ રીતે ઈમામ તિર્મિઝીની બીજી એક મોટી કિતાબ છે તેનું નામ છે "અલ જામિઉલ કબીર" તેની જિલ્દ (ભાગ) નં–૬ તેની અંદર પેજ નં. ૧૫૭ અને પ્રકરણ (બાબ) નં. ૪૭, હદીષ નં. ૩૮૪૨ અને ૩૮૪૩, પ્રકરણ (બાબ)નું નામ છે : બાબો મનાક઼િબે મુઆવિયતબ્ને અબી સુફયાન رضی اللہ عنہما

## ★ ઈમામ અહમદ ઈબ્ને હંબલની કિતાબમાં ફઝાઈલે મુઆવિયહ ★

એ જ પ્રમાણે હઝરતે ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ, એટલે આપ ચાર ઈમામોમાંથી છે, તેમની કિતાબ "ફઝાઈલે સહાબા" رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ તેની જિલ્દ (ભાગ) નં. ૨, પેજ નં. ૧૧૫૫. અહીં લખ્યું છે **"ફઝાઈલે મઆવિયતબ્ને અબી સુફયાન"** رضی اللہ عنہما પહેલાંના હવાલાઓમાં "મનાક઼િબ" શબ્દ હતો અહીં "ફઝાઈલ" છે. તો બતાવો ! શું ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ ઉમ્મતમાં નથી ?! **તો શું તાહિરુલ ક઼ાદરીના કહેવા પ્રમાણે ઈમામ અહમદ બિન હંબલ** رضی اللہ عنہ **નાસબી (ખારજી) થઈ ગયા ?!** બપોરનો સૂરજ ચમકી રહ્યો હોય છતાં કોઈ કહે કે ના ! હજી તો અંધારી રાત છે ! આ પ્રમાણે તાહિરે અહલે સુન્નતની સાથે (ધોકાનો) ધંધો અપનાવ્યો. હવે એના સિવાય હજારો કિતાબોમાં હદીષો મૌજૂદ છે, પ્રકરણ ભલે નથી પણ હદીષ તો પ્રકરણ વગર પણ હોય તો હદીષ તો હદીષ જ છે ! તો અહીં બાબ (પ્રકરણ) "બાબે ફઝાઈલે મઆવિયતબ્નિ અબી સુફયાન رضی اللہ عنہما, અને એ ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہએ રચ્યું.

**★ ઈમામ જૌઝક઼ાની رحمۃ اللہ علیہ થકી ફઝાઈલે મુઆવિયહ رضی اللہ عنہ ★**

એના પછી ઈમામ જૌઝક઼ાની رحمۃ اللہ علیہ જેમની કિતાબ છે : "કિતાબુસ્સહા વલ મસાઈલ વલ અબાતિલ વલ મનાક઼િબ." આ કિતાબ કે જેની અંદર તેમણે સહીહ હદીષો પણ લખી, મશહૂર પણ લખી અને જે લોકો બયાન કરે છે બાતિલ એનો પણ નિર્દેશ કર્યો અને જે મુન્કર છે તેનો પણ નિર્દેશ કર્યો. એમાં **એમણે ફઝાઈલે અમીર મુઆવિયહ પ્રકરણ રચ્યું** અને પછી એમાં ન કોઈ બાતિલ લખી ન મુન્કર લખી, ક્યાં તો સહીહ લખી અથવા મશહૂર લખી. એની અંદર પેજ નં. ૯૨ પ્રકરણ (બાબ)નું નામ છે, **બાબિ ફઝાઈલે તલ્હા વઝ્ઝુબૈર વ મુઆવિયત વ અમ્ર** رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن. આમાં પણ ફઝાઈલે મુઆવિયહ رضی اللہ عنہનું વર્ણન છે. આ કિતાબમાં તેમણે બાકી એટલે હઝરત તલ્હા, હઝરત ઝુબૈર, હઝરત અમ્રના ઉપરાંત હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના બારામાં આ પ્રકરણ (બાબ)માં **છ હદીષો** લખી. પહેલી જે લખી તે હદીષ નં ૧૮૦ છે. ત્યાર બાદ લખ્યું : હાઝા હદીષુન સહીહુન અખરજહુન મુસ્લિમુન સહીહ, કે આ હદીષ સહીહ છે અને ઈમામ મુસ્લિમે એને સહીહ હદીષોમાં વર્ણવી છે. જેમાં હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના કાતિબે વહી હોવાનું વર્ણન છે.

ત્યાર બાદ હદીષ નં. ૧૮૧ પછી કહ્યું, આ હદીષ સહીહ છે. પછી હદીષ નં ૧૮૨ તેના માટે કહ્યું, આ હદીષ હસન છે. પછી હદીષ નં. ૧૮૩, તેના બાદ લખ્યું, આ સહીહ હદીષ છે અને સહીહ બુખારીથી લેવામાં આવી છે. જેમાં છે : હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہએ એક વિત્ર પઢી એના લેહાઝથી.

ત્યારબાદ હદીષ નં. ૧૮૪ એના પર લખ્યું હાઝા હદીષુન મશહૂરુન (આ મશહૂર હદીષ છે) પછી હદીષ નં. ૧૮૫ એના બાદ કહ્યું, હાઝા હદીષુન ગરીબુન. પરંતું મૌઝૂ (બનાવટી) નથી લખ્યું, બાતિલ નથી લખ્યું, તો આ રીતે **આ પ્રકરણમાં તેમણે છ હદીષો "ફઝાઈલે મુઆવિયહ"** رضی اللہ عنہ **પર લખી** અને પછી હદીષની હૈસિયતને પણ વર્ણવી.

## ★ ઈમામ આઝુર્રીએ ફઝાઈલે મુઆવિયહમાં દસ પ્રકરણો રચ્યાં ! ★

હવે એક કિતાબ છે, જેનું નામ છે "કિતાબુશ્શરીઅહ" બીજી રીતે પઢો તો કિતાબે શરીઅત, એના લેખક છે ઈમામ અબૂ બકર મુહમ્મદ બિન હુસૈન આઝુર્રી (જેમનો વિસાલ–૩૬૦ હિજરીમાં થયો) એટલે આ પણ કોઈ આજકાલની કિતાબ નથી ! તમે આશ્ચર્યમાં પડી જશો કે આ કિતાબમાં હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہમાં જે કિતાબ લખી એટલે કિતાબમાં કિતાબ ! જેવી રીતે બુખારીમાં હોય છે, "કિતાબુસ્સલાત" એ પ્રમાણે. તો એની અંદર બાબ (પ્રકરણ) નહીં બલ્કે લખ્યું "કિતાબુ ફઝાઈલિ મુઆવિયતબ્ને અબી સુફયાન" رضی اللہ عنہما. તો જ્યારે કિતાબ હોય છે તો કિતાબની નીચે શું હોય છે ? બાબ (પ્રકરણ). આ કિતાબમાં ઈમામ આઝુર્રીએ **દસ (બાબ) પ્રકરણો હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલમાં લખ્યાં છે.** અને એ **દસ પ્રકરણોમાં એક બે નહીં ૫૯ (ઓગણ સાઈઠ) હદીષો** તેમણે લખી છે. આ ચોથી સદી હિજરીમાં લખાયેલી કિતાબ છે, **તો શું એ નાસબી (ખારજી) છે ?! એમની તો અહલે સુન્નતના ઈમામોમાં ગણના થાય છે !** વળી તેમની આ કિતાબ ઈલ્મે કલામ તથા અક઼ીદાઓના લેહાઝથી **ખૂબ જ મહાન કિતાબ** માનવામાં આવે છે. છતાં આટલી નિર્લજ્જતા આ શખ્સ (તાહિરુલ ક઼ાદરી) કરે છે ! કેમ કે પોતાની પાસે પૈસો છે અને દરેક જગાએ પ્રોપેગન્ડો થઈ જશે અને હક્ક઼ જે છે તે છુપાય જશે ! આ રીતે તેઓ પૂરી દુનિયામાં રિફ્ઝ (રાફઝિયત) ફેલાવી રહ્યા છે કે જે ફઝાઈલે મુઆવિયહ વર્ણન કરશે તો તે આવો છે તેવો છે. જ્યારે કે ઉમ્મતની અંદર કિતાબો અને કિતાબમાં દસ દસ પ્રકરણો મૌજૂદ છે ફઝાઈલે મુઆવિયહના બારામાં !

## ★ હુઝૂર صلی اللہ علیہ وسلمએ મુઆવિયહ رضی اللہ عنہને આપેલ દુઆઓ વિશે ★

**પ્રથમ પ્રકરણ** : હવે પ્રથમ પ્રકરણ જુઓ ! "બાબો ઝિક્રે

દુઆઈન્નબિય્યિ ﷺ લિ મુઆવિયત" رضی اللہ عنہ એટલે "એ પ્રકરણનું વર્ણન જેમાં તે સર્વ દુઆઓ લખેલી છે જે દુઆઓ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺએ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہને આપી." આખુ પ્રકરણ અને આ પ્રકરણ (બાબ)માં **૧૪ હદીષો** લખી છે. હવે જુઓ આ કેટલી મોટી નાઈન્સાફી છે કે ૧૪મી સદીનો અદના પીર તે કોઈને દુઆ આપી દે તો તેના વિશે કહેવાય છે કે આ ઘણો જ નસીબદાર છે કે એને પીર સાહબે દુઆ આપી દીધી ! અને જે હસ્તીને નબીઓના સુલ્તાન દુઆ આપી રહ્યા છે અને ૧૪ હદીષો કેવળ દુઆવાળી છે. એટલે અહીં પણ તેમને શરમ નથી આવતી કે સરકાર દો જહાં ﷺ જેમના માટે દુઆઓ માગતા રહે તેમની વિશે આ (તાહિરુલ કાદરી) બકબક કરતા ફરે છે. એટલા માટે હું કહેતો હતો કે તેમનો આ હુમલો તો ઉપર જઈને દરબારે રિસાલત સુધી પહોંચશે જે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની વિરૂધ્ધ બકબક કરે છે ! જો તેમને હયા હોય ઝાતે રસૂલે પાક ﷺની તો સરકારે દો આલમ ﷺએ તો આ દુઆઓ માગી, જુઓ ! દુઆની ૧૪ હદીષો જે હસ્તી માટે હોય તેનું મુકદ્દર જુઓ ! દુઆની ૧૪ હદીષો હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ માટે ઈમામ આઝુર્રીએ પેજ નં. ૧૯૧૦ થી ૧૯૨૩ સુધીમાં વર્ણન કરેલી છે અને દરેકના શરૂમાં અખ્બરના, હદ્દષના" વર્ણન થયેલ છે. અને પછી આગળ પૂરી સનદ મૌજૂદ છે એટલે ઈમામ આઝુર્રીએ પોતાનાથી લઈને દરબારે રિસાલત સુધી સનદો લખીને પ્રકરણ (બાબ) આ રીતે સંપૂર્ણ કર્યું છે.

## ★ મુઆવિયહ رضی اللہ عنہને જન્નતની નબી ﷺએ બશારત આપી તેના વિશે ★

**બીજુ પ્રકરણ** : આ આગલુ પ્રકરણ (બાબ) એ શું છે ? પ્રકરણનું ટાઈટલ જોઈને તમારું ઈમાન વધુ તાજુ થઈ જશે ! શું છે ?! "બાબો બશારતિન્ નબિય્યિ ﷺ બિ મુઆવિયત رضی اللہ عنہ બિલ જન્નહ" કેટલાક લોકોને આ નારો **"હર સહાબીયે નબી ! જન્નતી ! જન્નતી !"** કેવળ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના કારણે આ નારાથી તકલીફ થાય છે ! તો અહીં તેમના વિશે તો આખુ પ્રકરણ છે ! તે પ્રકરણ કે જેમાં રસૂલુલ્લાહ

ﷺએ બશારત આપી હઝરત મુઆવિયહ رضی اللہ عنہના બારામાં કે તમે જન્નતી છો. આ પ્રકરણમાં પણ ઈમામ આઝુર્રીએ હદીષ નં. ૧૯૨૪ હદીષથી લઈને હદીષ નં. ૧૯૨૯ સુધી એટલે **છ હદીષો** લખી, હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના જન્નતી હોવાના બારામાં.

## ★ હુઝૂર ﷺના મુઆવિયહ رضی اللہ عنہ સાથે સાસરી પક્ષની સગાઈ વિશે ★

**ત્રીજુ પ્રકરણ :** બાબો ઝિક્રે મુસાહરતિન્નબીય્યિ ﷺ લિમુઆવિયત બિ ઉખ્તિહી ઉમ્મે હ઼બીબત رضی اللہ عنہا. એના વિશે પ્રકરણ કે રસૂલે અકરમ ﷺનું હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہનો મુસાહરતને રિશ્તો (પત્નીના તરફનો સગાઈ સંબંધ) એટલે હઝરત મુઆવિયહનું રસૂલે પાક ﷺના ''સાળા'' હોવું કે તેમની બહેન નબી અકરમ ﷺના નિકાહમાં છે, કોણ ? ઉમ્મે હ઼બીબા رضی اللہ عنہا. આ પણ કોઈ મામૂલી ફઝીલત નથી. અહીં તેમણે ફઝાઈલે મુઆવિયહ رضی اللہ عنہ કિતાબ લખી એ કિતાબમાં પ્રકરણો પહેલાં જે ચર્ચા કરી ઈમામ આઝુર્રી رضی اللہ عنہ એ તેમાં આ હદીષ લખી કે રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું,

عن عبد الله بن أبي أوفى: سألت ربي أن لا أتزوجَ إلى أحدٍ ولا أزوِّجُ
إليه إلا كان معي في الجنةِ فأعطاني ذلك.

**''જેમની બેટીઓ તથા બહેનો મારા ઘરમાં છે અને મારી બેટીઓ જેમના ઘરમાં છે, મેં રબથી સવાલ કર્યો કે યા અલ્લાહ ! એ સૌ જન્નતમાં મારી સાથે હોય.''** હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના બારામાં પણ દુઆ થઈ કે તેમની બહેન રસૂલુલ્લાહ ﷺનાં પત્ની સાહેબા છે. તો અહીં જે મુસાહરતવાળી હદીષ છે એ જે મેં

عَسَى اللّٰهُ اَنْ يَّجْعَلَ بَيْنَكُمْ وَ بَيْنَ الَّذِيْنَ عَادَيْتُمْ مِّنْهُمْ مَّوَدَّةً ؕ
وَ اللّٰهُ قَدِيْرٌ ؕ وَ اللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝

''નજીક છે કે અલ્લાહ તઆલા તમારામાં અને એમનામાં જે

એમનામાંથી તમારા દુશ્મન છે દોસ્તી કરી આપે અને અલ્લાહ ક઼ાદિર છે અને બખ્શિનારો મહેરબાન છે." (સૂ. મુમ્તહીના, ૬૦/૭) مَّوَدَّةً "મવદ્દા" કેવળ "મહ઼બ્બહ" નહીં બલ્કે "મવદ્દા" એટલે કે પહેલો દૌર જે અદાવતવાળો હતો અને આ ઈસ્લામની ક્રાંતિ છે કે તેઓ જ પછી ઉચ્ચ કક્ષાના મુહ઼િબ્બ (ચાહક) બની ગયા. અને અલ્લાહે કહ્યું કે અલ્લાહ મુવદ્દત (પ્રેમ) દરમિયાનમાં પેદા કરી આપશે. આ રીતે આ પ્રકરણમાં પણ તેમણે આ હદીષને લખી.

## ★ મુઆવિયહ رضی اللہ عنہને રબના હુકમથી નબી صلی اللہ علیہ وسلمનું કાતિબે વહી બનાવવું ★

**ચોથુ પ્રકરણ** : બાબો ઝિક્રે ઈસ્તિકતાબિન્નબિય્યિ صلی اللہ علیہ وسلم લિ મુઆવિયત رضی اللہ عنہ બિઅમ્રિમ્ મિનલ્લાહિ عزوجل એટલે કે, "રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનું અલ્લાહના હુકમ પર હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہને કાતિબે વહી બનાવવું." ઈસ્તિકતાબ એટલે તેમનાથી કિતાબત તલબ કરવું (લખાવવું), હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہને **વહીના કાતિબ બનાવવું** લિઅમ્રિલ્લાહ ! **અલ્લાહના હુકમથી !**

એક જે મિર્ઝા જહલમી છે તે હઝરત ફાતિમા رضی اللہ عنہاના મામલામાં અન્ય કેટલાય ગુમરાહોની જેમ એ પણ ભોંકી રહ્યો છે, અને ખુદ તેની વીડીયો પકડાઈ ગઈ તો મઆઝલ્લાહ ! જ્યારે તેને કહેવામાં આવ્યું કે હઝરત મુઆવિયહ رضی اللہ عنہ તો કાતિબે વહી છે તો એના પર એનું કહેવું હતું કે નબી ગલતીઓ કરતા રહ્યા છે, મઆઝલ્લાહ ! કે સર્વ કામો એમનાં એવું નથી કે સહીહ છે ! એટલે કાતિબ રાખવાને તે (નબીની) ગલતી ઠરાવી રહ્યો છે ! જ્યારે કે જે ઈજતેહાદી ખતા અંબિયાથી થાય તેના પર તેમને યથાવત નથી રહેવા દેવામાં આવતા. અલ્લાહની તરફથી સાવચેત કરી દેવામાં આવે છે. જો સરકાર صلی اللہ علیہ وسلم પોતાના ઈજતેહાદથી પણ રાખતા અને મઆ઼ઝલ્લાહ ! ષુમ્મ મઆઝલ્લાહ ! જો એમાં કોઈ ખતા હોત તો રબ વહી મોકલીને કહેત કે એમને કાતિબ ન બનાવો, અને તે મન્સબ અલ્લાહ તઆલા ખતમ કરાવી

આપત. પરંતુ ઈમામ આઝુર્રી તો કહે છે **રબે વહી મોકલીને કાતિબ બનાવ્યા** છે. એટલે કેટલા બગડેલા આ લોકો છે ! ખુદ નબીઓના બારામાં ગલતીઓના શબ્દો બોલ્યા, અને પછી એ કે આખી જિંદગી તેના પર યથાવત રહ્યા અને આખરી શ્વાસ સુધી તેને કેન્સલ જ ન કર્યા. તો આ પ્રકરણમાં પણ ઈમામ આઝુર્રીએ હદીષ ૧૯૩૪થી લઈને **સાત હદીષો** એમાં એના પર લખી કે **હઝરત અમીર મુઆવિયહ** رضی اللہ عنہ**ને હુઝૂર** صلی اللہ علیہ وسلم**એ અલ્લાહની વહીથી (હુકમથી) કાતિબ બનાવ્યા.**

## ★ હઝરત મુઆવિયહ رضی اللہ عنہ થી નબી صلی اللہ علیہ وسلم નું મશવરો કરવા વિશે ★

**પ્રકરણ-૫** : જુઓ ! કેટલા વિભાગો છે, દરેક પ્રકરણનું ટાઈટલ જુઓ. બાબો ઝિક્રે મુશાવરતન્નબી صلی اللہ علیہ وسلم લિ મુઆવિયત رضی اللہ عنہ અટલે "નબી કરીમ صلی اللہ علیہ وسلم નું હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ સાથે મશ્વરો કરવા વિશે પ્રકરણ." હવે મશ્વરો કરવા માટે આજે તમે કોને પસંદ કરો છો કે જેને પોતાના માટે વફાદાર સમજો છો, તેને એ લાયક સમજો છો કે તે સારી રાયવાળો છો, તો **જેની સાથે નબીઓના સુલ્તાન મશ્વરો કરે તે કેટલો વફાદાર છે !** તો અહીં તેમણે **એક હદીષ** ૧૯૪૧ નંબરની લખીને એ સાબિત કર્યું કે રસૂલે અકરમ صلی اللہ علیہ وسلم હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની સાથે મશ્વરો કર્યા કરતા હતા. હઝરત મુઆવિયહ رضی اللہ عنہને **કાતિબે રસૂલુલ્લાહ** صلی اللہ علیہ وسلم તો કહેવામાં આવે છે પણ આપ **મુશીરે (સલાહકાર) રસૂલુલ્લાહ** صلی اللہ علیہ وسلم પણ છે. લોકો નાના નાના મુશીર હોય છે, જેમ કે મુશીર બરાએ વઝીરે આ'ઝમ, મુશીર બરાએ વઝીરે આ'લા પણ આ છે મુશીરે સુલ્તાને અંબિયા صلی اللہ علیہ وسلم ! હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ.

## ★ હુઝૂર صلی اللہ علیہ وسلم ના દરબારમાં મુઆવિયહ رضی اللہ عنہના મર્તબા વિશે ★

**પ્રકરણ-૬ : બાબો ઝિક્રે** સોહબતે મુઆવિયત رضی اللہ عنہ લિન્નબિય્યિ صلی اللہ علیہ وسلم વમન્ઝિલતહૂ વ ઈન્દહૂ એટલે **'હઝરત અમીર મુઆવિયહ** رضی اللہ عنہ**નો**

**સરકાર ﷺના દરબારમાં જે મર્તબો હતો એનું વર્ણન.'** અહીં હઝરત ઈમામ આઝુર્રીએ હદીષ નં. ૧૯૪૨થી લઈને અહીં **છ હદીષો** વર્ણવી. હઝરત મુઆવિયહ رضی اللہ عنہના નબી પાક ﷺની સોહબતના શરફ પર તથા આપના બારગાહે રસૂલ ﷺમાં મર્તબા પર.

## ★ અમીર મુઆવિયહ رضی اللہ عنہની આજીજી તથા ઈન્કેસારી ★

**પ્રકરણ–૭** : હવે વિચારો શું હોય શકે છે ?!

*દામાને બાગબાંસે કફે ગુલફરોશ તક*
*બિખરે પળે હૈં સેંકળોં ઉન્વાન મેરે લિયે*

બાબો ઝિક્રે તવાદુએ મુઆવિયત رضی اللہ عنہ ફી ખિલાફતિહી એટલે **હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની ખિલાફતમાં તેમની ઈન્કેસારી તથા આજીજી.** આમાં હદીષ ૧૯૪૮થી લઈને ૧૯૫૭ સુધી સર્વ હદીષો ઈમામ આઝુર્રીએ અમીર મુઆવિયહ رضی اللہ عنہની ખિલાફતમાં આજીજીના ઉપર નકલ કરી છે. એટલે **દસ હદીષો** આપની ખિલાફતમાં તવાઝોઅ (આજીજી)ના બારામાં લખી. હવે આગલુ પ્રકરણ શું હોય શકે છે ?! એટલે દરેક પ્રકરણ અનોખા પ્રકારનુ ! જે અહલે સુન્નતના માન્યતાને સારી રીતે સ્પષ્ટ કરે છે.

## ★ અમીર મુઆવિયહ رضی اللہ عنہ થકી અહલે બયતની તાઝીમ વિશે ★

**પ્રકરણ–૮** : બાબો ઝિક્રે તાઝીમિ મુઆવિયત رضی اللہ عنہ લિ અહલિ બયતિ રસૂલિલ્લાહ ﷺ એટલે **હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہનું "અહલે બયતે રસૂલુલ્લાહ" ﷺ ની તાઝીમ કરવું.** વ ઈકરામિહી ઐયાહુમ **અને તેમનો ઈકરામ (સન્માન) કરવું** એના વિશે પ્રકરણ : આમાં પણ ઈમામ આઝુર્રીએ **છ હદીષો** ૧૯૫૮ થી ૧૯૬૩ સુધી લખી. એટલે અહલે બયતની અમીર મુઆવિયહ رضی اللہ عنہ કેટલી તાઝીમ કરતા હતા તથા કેટલી ઈજ્જત (ઈકરામ) કરતા હતા એના વિશે પ્રકરણ.

## ★ અબૂ સુફયાન رضی اللہ عنہની હિંદા رضی اللہ عنہا સાથે શાદી વિશે ★

**પ્રકરણ–૯** : બાબુ ઝિક્રે તઝવીઝે અબી સુફયાન رضی اللہ عنہ હિંદિન્ ઉમ્મે મુઆવિયત رضی اللہ عنہ : એટલે કે **હઝરત અબૂ સુફયાન** رضی اللہ عنہ**ની હઝરત અમીર મુઆવિયહ** رضی اللہ عنہ**નાં અમ્મી જાન હિંદાની સાથે શાદીનું વર્ણન.** આ પ્રકરણમાં પણ ઈમામ આઝુર્રીએ ઘણી જ વિગતવાર **એક એક પેજની બે હદીષો** વર્ણવી છે, હદીષ નં. ૧૯૬૪ અને ૧૯૬૫.

## ★ હુઝૂર ﷺએ હઝરત મુઆવિયહ رضی اللہ عنہને કરેલ વસિયત વિશે ★

**પ્રકરણ–૧૦** : બાબો ઝિક્રે વસિયતિન્નબી ﷺ લિ મુઆવિયત رضی اللہ عنہ ઈન વુલ્લિત ફઅ્દિલ. એટલે **એના બારામાં પ્રકરણ કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત અમીર મુઆવિયહ** رضی اللہ عنہ**ને વસિયત કરી હતી કે જો તમે અમીરુલ મો'મિનીન બની ગયા તો આપે અદ્લ કરવાનો છે.** અહીં હદીષ–૧૯૬૬, ૬૭, ૬૮ આ **ત્રણ હદીષો** આ પ્રકરણમાં ઈમામ આઝુર્રી رحمۃ اللہ علیہ એ વર્ણવી છે.

હવે જુઓ એક કિતાબ : "કિતાબુશ્શરીઅહ" જેની અંદરની હજી અમે હદીષો નથી પઢી, એક રૂપરેખા જ વર્ણવી છે. **પેલી બાજુ તાહિરુલ કાદરી છે જે કહે છે કે ઉમ્મતે કદી ફઝીલત વર્ણવી જ નથી અને આપણને ઈલ્ઝામ આપી રહેલ છે નાસબી (ખારજી) હોવાનો ! જ્યારે આ સર્વ ઈમામો જે છે તે અહલે સુન્નતના ઈમામો છે જેમણે ઉપરોક્ત વર્ણન મુજબ હઝરત અમીર મુઆવિયહ** رضی اللہ عنہ**ના વિશે ફઝાઈલ તથા મનાકિબ (પ્રશંસા) દર્શાવતી હદીષો પોતાની કિતાબોમાં લખી છે.** હવે બતાવો **કોણ સાચું ?!** ઈન્સાફ કરો ! **આ ડંફાશ મારનાર ગુમરાહી ફેલાવનાર તાહિરુલ કાદરી કે ઉમ્મતના આ મહાન ઈમામો ?!** ઈન્સાફ કરો ! **શું આ સર્વ ઈમામો ખારજી થઈ ગયા કે જેમણે ફઝાઈલે મુઆવિયહ વર્ણવ્યા ?!**

★ ★ ★